# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

DDLJ : 29 વર્ષ પહેલા આ દિવસે રિલીઝ થઈ હતી: દેશભરમાં કરવા ચોથને ભવ્ય...

પેજ-09

પંત 99 રન બનાવી થયો આઉટ ભારતીયમાં 12 વર્ષ બાદ આવું બન્યું



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| અમદાવાદ | 33.00 | 25.00 |
| વડોદરા | 32.00 | 24.00 |
| સુરત | 32.00 | 26.00 |

પેજ 5



કરવા ચોથે સોના-ચાંદીની કિંમતમાં બંપર ઉછાળો

21 OCTOBER-2024 MONDAY

નેતન્યાહુ પર ડ્રોન હુમલા બાદ ઇઝરાયલનો વળતો પ્રહાર



પેજ 10

.....સુવિચાર.....

સારૂ પરિણામ મેળવવા માટે વાતોથી નહીં, પણ રાતોથી લડવુ પડે છે!

વર્ષ-13 I અંક-336 I વિક્રમ સંવત-2079 I આસો વદ-05 I પાના-12 I કિંમત 3/- I અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

### પાવરફુલ ઝટકાથી કાર-દુકાનોના કાચ તૂટ્યા, આતંકવાદી હુમલાના એંગલથી પણ તપાસ; ક્રૂડ બોમ્બ જેવી સામગ્રી મળી

# દિવાળી પહેલા દિલ્હીમાં બ્લાસ્ટ: CRPF સ્કૂલની બહાર થયો ધડાકો



## દિલ્હી બ્લાસ્ટ અંગે ગૃહ મંત્રાલયે માંગ્યો રિપોર્ટ, દિલ્હીમાં હાઈ એલર્ટ! NIA કરશે કેસની તપાસ

### પોલીસને PCR કોલ દ્વારા 7:47 વાગ્યે બ્લાસ્ટની માહિતી મળી હતી

પોલીસને PCR કોલ દ્વારા 7:47 વાગ્યે બ્લાસ્ટની માહિતી મળી હતી પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, "રવિવારે સવારે 07:47 વાગ્યે, એક પીસીઆર કોલ આવ્યો હતો. ફોન કરનારે માહિતી આપી હતી કે રોહિણીના સેક્ટર 14માં આવેલી CRPF સ્કૂલ પાસે ખૂબ જ મોટા અવાજ સાથે બ્લાસ્ટ થયો હતો. SHO અને સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. દુકાનોની બારીઓ અને દુકાન પાસે પાર્ક કરેલી કારને પણ નુકસાન થયું હતું.

(એજન્સી) નવી દિલ્હી I તા.20

દિલ્હીમાં આજે (20મી ઓક્ટોબર) સવારે લગભગ 7.30 વાગ્યે રોહિણીના પ્રશાંત વિહાર વિસ્તારમાં સીઆરપીએફ સ્કૂલની નજીક એક જોરદાર બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટનો અવાજ સાંભળીને લોકો ગભરાઈ ગયા અને વિસ્તારમાં દુર્ગંધ ફેલાઈ ગઈ જેના કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. રાહતની વાત એ છે કે આ બ્લાસ્ટમાં કોઈને જાનહાની થઈ નથી. મકાનો અને વાહનોના કાચ તૂટી ગયા અહેવાલો અનુસાર, આ ઘટનાની માહિતી મળતા જ NSG, દિલ્હી પોલીસ, FSL ટીમ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. વિસ્ફોટના સ્ત્રોતને શોધવા માટે તપાસ ચાલુ છે. આ વિસ્ફોટ બાદ સ્થળ પર સફેદ પાવડર મળી આવ્યો છે. બ્લાસ્ટને કારણે સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો અને નજીકમાં પાર્ક કરાયેલા વાહનો અને ઘરોના કાચ તૂટી ગયા હતા. આ ઘટના અંગે માહિતી આપતા ડીસીપી અમિત ગોયલે જણાવ્યું હતું કે, 'બ્લાસ્ટનું સાચું કારણ જાણવા માટે નિષ્ણાતોને બોલાવવામાં આવ્યા છે. હાલમાં તે સ્પષ્ટ નથી થયું કે આ બ્લાસ્ટ કયા પ્રકારનો હતો અને તેનો સ્ત્રોત કયો છે. નિષ્ણાત ટીમ ઘટનાની ઝીણવટભરી તપાસ કરી રહી છે અને ટૂંક સમયમાં જ સ્થિતિ સ્પષ્ટ થશે.' સિલિન્ડર બ્લાસ્ટની આશંકા છે, પરંતુ પુષ્ટિ નથી ઉલ્લેખનીય છે. રોહિણીના પ્રશાંત વિહાર વિસ્તારમાં સીઆરપીએફ સ્કૂલની નજીક ઘણી દુકાનો આવેલી છે, તેથી પ્રારંભિક તપાસમાં આશંકા વ્યક્ત કરવામાં આવી હતી કે આ સિલિન્ડર બ્લાસ્ટ હોઈ શકે છે. જો કે, હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.



### ATS ઘટનાની આતંકવાદી એંગલથી તપાસ કરી રહી છે

પોલીસના જણાવ્યા અનુસાર દિલ્હી પોલીસની ATS ઘટનાની આતંકવાદી એંગલથી તપાસ કરી રહી છે. ગટર લાઇન અને સીસીટીવી ફૂટેજની પણ તપાસ કરવામાં આવી રહી છે. નેશનલ સિક્યોરિટી ગાર્ડ (NSG)ને પણ જાણ કરવામાં આવી છે. આતંકવાદી હુમલાના એંગલથી પણ તપાસ દિલ્હી પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે નજીકના પોલીસ સ્ટેશનોને પણ તકેદારી અને તપાસ વધારવા માટે એલર્ટ જારી કરવામાં આવ્યા છે. બજારોમાં ફૂટ પેટ્રોલિંગ પણ વધારી દેવામાં આવ્યું છે. લોકોને કોઈ શંકાસ્પદ વસ્તુ દેખાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા વિનંતી છે.

### તપાસ એજન્સી ફોનનો ડેટા સ્કેન કરવામાં વ્યસ્ત

CRPF ટીમો ગઈ રાત (19 ઑક્ટોબર 2024) થી આજે (20 ઑક્ટોબર) સવારના 9 વાગ્યા સુધી શાળાની આસપાસના કેટલાંક કિલોમીટરના અંતરે આવેલા મોબાઈલ ટાવર પર કેટલા ફોન કૉલ્સ કરવામાં આવ્યા તેનો ડેટા સ્કૅન કરવામાં વ્યસ્ત છે. તેમજ સમગ્ર વિસ્તારનો ડમ્પ ડેટા લેવામાં આવશે, જેથી જાણી શકાય કે ગત રાતથી સવારે બ્લાસ્ટ સુધી કેટલા ફોન એક્ટિવ હતા. આ પછી, સક્રિય ફોન વિશે માહિતી એકત્રિત કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તહેવારો દરમિયાન દિલ્હીમાં મોટા આતંકવાદી ષડયંત્રની પોલીસને આગોતરી બાતમી હતી, જેના પછી તમામ જિલ્લાઓને પણ એલર્ટ કરવામાં આવ્યા હતા. એલર્ટ મુજબ દરેક જગ્યાએ ફોર્સ તૈનાત કરવામાં આવી હતી. વિસ્ફોટનો અવાજ સાંભળીને સ્થાનિક લોકો ભયભીત થઈ ગયા હતા.

---

### રાજસ્થાનમાં ગોઝારો અકસ્માત, બસે ટેમ્પોને ફંગોળી નાખ્યું

## 8 બાળકો સહિત 11નાં દર્દનાક મોત

(એજન્સી) ધોલપુર I તા.20

રાજસ્થાનના ધોલપુરમાં એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. બસે ટેમ્પાને ટક્કર મારતા ભયાનક અકસ્માત થયો હતો. જેમાં 11 લોકોના મોત થયા હતા. ઘટના સ્થળે મૃત્યુ થયેલા લોકોમાં 5 બાળકો, 3 છોકરીઓ, બે મહિલાઓ અને એક પુરુષનો સમાવેશ થયો છે. ઘટનાની જાણકારી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. તમામ મૃતદેહોને તાત્કાલિક પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ ટેમ્પો સવાર બારી શહેરના ગુમત વિસ્તારનો રહેવાસી હતો. આ લોકો એક કાર્યક્રમમાં ભાગ લેવા માટે બરૌલી ગામમાં આવ્યા હતા. તે અહીંથી પરત ફરી રહ્યાં હતા તે સમયે આ ઘટના બની હતી. અકસ્માત સર્જાતા મૃતકો ટેમ્પામાં ફસાયા ! અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. રાહદારીઓએ પોલીસને જાણ કરી હતી. જાણ થતા જ પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહોને ટેમ્પોમાંથી બહાર કાઢ્યા હતા. આ અકસ્માતમાં ટેમ્પોને સંપૂર્ણ નુકસાન થયું છે. રસ્તા પર વાહનોના પાર્ટસ વેરવિખેર જોવા મળ્યા હતા. કારના કાચ તોડી રોડ પર વેરવિખેર થઈ ગયા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે ટેમ્પોની પાછળ બેઠેલા લોકો વાહનમાં ફસાઈ ગયા અને મૃત્યુ પામ્યા.



**કેવી રીતે સર્જાયો અકસ્માત? :** મળતી માહિતી મુજબ, બારી શહેરના કરીમ કોલોની ગુમત મોહલ્લામાં રહેતો ગફૂર ખાન તેના પરિવારના સભ્યો સાથે સબંધીઓને ત્યાં ભાતીના કાર્યક્રમમાં ભાગ લેવા બરૌલી ગામે ગયો હતો. શનિવારે મોડી રાત્રે, પરિવારના તમામ સભ્યો એક ટેમ્પોમાં કાર્યક્રમમાં હાજરી આપીને ઘરે પરત ફરી રહ્યા હતા, આ દરમિયાન જ બારીથી પૂરપાટ ગતિએ જઈ રહેલી સ્લીપર કોચ બસે તેમને સુનીપુર ગામ પાસે સામેથી ટક્કર મારી હતી.

### સિક્કિમની મહિલાના શરીર પર 12 વર્ષથી કાતર: પતિએ કહ્યું- 2012માં ઓપરેશન દરમિયાન ડોક્ટરોએ તેને છોડી દીધી

(એજન્સી) ગંગટોક I તા.20

સિક્કિમની 45 વર્ષીય મહિલાના પેટમાંથી 12 વર્ષ પહેલા છોડેલી કાતર કાઢવામાં આવી છે. તેના પતિએ જણાવ્યું કે મહિલાએ 2012માં સિક્કિમની રાજધાની ગંગટોકની સર થુટોબ નમગ્યાલ મેમોરિયલ હોસ્પિટલમાં એપેન્ડિક્સની સર્જરી કરાવી હતી. આ પછી મહિલાના એપેન્ડિક્સનો દુખાવો ખતમ થઈ ગયો. જોકે, થોડા દિવસો પછી તેને ફરીથી પેટમાં દુખાવો થવા લાગ્યો. કેટલાય ડોકટરોની સલાહ લેવા છતાં પણ દુખાવો બંધ થતો નહોતો. તે 12 વર્ષ સુધી આ સમસ્યા સાથે સંઘર્ષ કરતી રહી. 8 ઓક્ટોબર 2024 અમે ફરીથી એ જ હોસ્પિટલમાં ગયા, જ્યાં એક્સ-રે દરમિયાન ખબર પડી કે પત્નીના પેટમાં સર્જિકલ કાતર છે. તે 2012 માં ઓપરેશન દરમિયાન બહાર પાડવામાં આવ્યું હતું. ગંગટોકની સર થુટોબ નમગ્યાલ મેમોરિયલ હોસ્પિટલ પર બેદરકારીનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. પતિએ જણાવ્યું કે એક્સ-રે તપાસ બાદ પત્નીનું ફરીથી સર્જરી કરવામાં આવી, જેમાં કાતર કાઢી નાખવામાં આવી.



## EVMથી ચૂંટણીમાં 'ગોટાળા' થાય છે

### હવે, ઈલોન મસ્કે EVM પર સવાલ ઉઠાવ્યા, કહ્યું- બેલેટ પેપરથી ચૂંટણી થવી જોઈએ

(એજન્સી) ન્યૂયોર્ક I તા.20

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલાં ઈલોન મસ્કે મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે EVMથી ચૂંટણીમાં ગોટાળા કરવામાં આવે છે. મસ્કે દેશભરમાં બેલેટ પેપર દ્વારા જ ચૂંટણી યોજવા અને હાથથી મતોની ગણતરી કરવાની અપીલ કરી હતી. મસ્કે વોટિંગ મશીન બનાવતી કંપનીને નિશાન બનાવી હતી.

જો કે, કંપનીએ મસ્કના દાવાઓને ફગાવ્યા હતા. EVM પર સવાલો ઊભા થઈ રહ્યા છે હરિયાણા અને જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થઈ ગઈ છે. હવે આવતા મહિને મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. હરિયાણા વિધાનસભા ચૂંટણીનાં પરિણામો બાદ ફરી એકવાર EVM પર સવાલો ઊભા થઈ રહ્યા છે. કોંગ્રેસ આ મામલે ચૂંટણીપંચ પર સતત પ્રહારો કરી રહી છે. EVMમાં ગેરરીતિના કોંગ્રેસના આરોપોને ફગાવી રહ્યું જો કે ચૂંટણીપંચ EVMમાં ગેરરીતિના કોંગ્રેસના આરોપોને ફગાવી રહ્યું છે. બીજેપી પણ તેમને ખોટા ગણાવી રહી છે, પરંતુ આ બધા વચ્ચે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ અને સ્પેસ એક્સના સીઈઓ ઈલોન મસ્ક દ્વારા EVM અંગે આપવામાં આવેલ નિવેદને આ મામલાને હવા આપી છે. ઈલોન મસ્કે શું કહ્યું? ઈલોન મસ્કે કહ્યું, "હું એક ટેક્નિશિયન છું અને હું માત્ર એટલું કહેવા માગું છું કે EVM દ્વારા મતદાન ન થવું જોઈએ. કારણ કે EVM હેક થઈ શકે છે. EVM કમ્પ્યુટર પ્રોગ્રામિંગ સાથે જોડાયેલું હોય છે અને તેને હેક કરવું શક્ય છે."



### AAPએ કહ્યું- ભાજપ UPમાંથી યમુનામાં ગંદુ પાણી છોડી રહી છે

#### ભાજપે કહ્યું- 1 હજાર કરોડનો પ્રદૂષણ ટેક્સ વસૂલ્યો, તેનું શું થયું

(એજન્સી) નવી દિલ્હી I તા.20

દિલ્હીમાં રવિવારે સવારે સતત ત્રીજા દિવસે યમુના નદીમાં ઝેરી ફીણ જોવા મળ્યા હતા. AAPએ એક નિવેદન જાહેર કરીને કહ્યું- ભાજપ યુપીમાંથી યમુનામાં ગંદુ પાણી છોડી રહ્યું છે, જેના કારણે દિલ્હીના પાણીમાં ફીણ નીકળી રહ્યા છે. એક તરફ, AAP યુદ્ધના ધોરણે દિલ્હીમાં પ્રદૂષણનો સામનો કરવામાં વ્યસ્ત છે. બીજી તરફ ભાજપ ગંદી રાજનીતિ કરી રહી છે. તેના જવાબમાં પૂર્વ દિલ્હીના બીજેપી સાંસદ હર્ષ મલ્હોત્રાએ કહ્યું- AAP સરકારે પ્રદૂષણ ટેક્સ તરીકે 1,000 કરોડ રૂપિયા ભેગા કર્યા હતા. આતિષીએ જણાવવું જોઈએ કે તે ફંડનું શું થયું. જ્યારે યમુનાનું પાણી દિલ્હીમાં આવે છે ત્યારે તેનું ઓક્સિજન લેવલ 9 રહે છે. જ્યારે કોઈ દિલ્હીથી નીકળે છે ત્યારે ઓક્સિજનનું સ્તર 0 થઈ જાય છે. દિલ્હીના અલગ-અલગ ડ્રેનેજ પોઈન્ટ પર રહેલા ડ્રેનેજ પ્લાન્ટ કામ કરી રહ્યા નથી. અરવિંદ કેજરીવાલ સરકારે યમુનાની સફાઈને લઈને માત્ર જુઠ્ઠાણા અને ભ્રમ ફેલાવ્યા છે. જ્યારે લેફ્ટનન્ટ ગવર્નરે યમુનાને સાફ કરવા માટે પગલાં લીધાં ત્યારે કેજરીવાલ સરકારે તેમને રોકવા માટે સુપ્રીમ કોર્ટ ગયા હતા.



### ઓક્ટોબરમાં ઠંડીની આગાહી નિષ્ફળ: સરેરાશ તાપમાન સપ્ટેમ્બર કરતાં 2° વધારે

#### હવામાન વિભાગની આગાહી- શિયાળામાં તાપમાન સામાન્ય કરતા ઓછું રહેશે

(એજન્સી) નવી દિલ્હી I તા.20

દેશના મોટાભાગના વિસ્તારોમાં ઓક્ટોબરના પ્રથમ પખવાડિયામાં સરેરાશ તાપમાન સપ્ટેમ્બરના સરેરાશ તાપમાન કરતાં 2 ડિગ્રી વધારે છે. હળવા શિયાળાની શરૂઆતને બદલે ગરમીના અહેસાસથી IMD સહિત વિશ્વભરની હવામાન એજન્સીઓની આગાહીઓ પર સવાલો ઉભા થયા છે. લા નીનાની સ્થિતિ ઊભી થવાની આગાહી કરવામાં આવી હતી અને કહેવામાં આવ્યું હતું કે આ વર્ષે સખત શિયાળો રહેશે, પરંતુ હજુ સુધી લા નીનાની રચના થઈ નથી. જો કે, ભારતીય હવામાન વિભાગ હજુ પણ માને છે કે આ શિયાળામાં સામાન્ય તાપમાનથી નીચે રહેવાની સંભાવના છે. લા નીના પર, અમેરિકન એજન્સી NOAA, ઓસ્ટ્રેલિયન એજન્સી ABM અને ભારતીય હવામાન એજન્સી IMDએ એપ્રિલમાં અનુમાન લગાવ્યું હતું કે જૂનમાં લા નીનાના વિકાસની સંભાવના 85 ટકા છે. આ પછી ચોમાસું પસાર થઈ ગયું, પરંતુ લા નીના રચાયું નહીં.


## આવી રહ્યું છે 'દાના' વાવાઝોડું!

### 48 કલાક અતિભારે વરસાદની આગાહી

(એજન્સી) નવી દિલ્હી I તા.20


ભારતીય હવામાન વિભાગે (IMD) વધુ એક વાવાઝોડાની આશંકા વ્યક્ત કરી છે. આઈએમડીના જણાવ્યા મુજબ, બંગાળની ખાડીમાં 23 ઓક્ટોબર સુધીમાં 'દાના' વાવાઝોડું આવી શકે છે, જેના કારણે ઓડિશા,પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ, અંદામાન અને નિકોબારમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

સાયક્લોનિક સરક્યુલેશનના કારણે વાવાઝોડાની સંભાવના હવામાન વિભાગે એક વિશેષ બુલેટિનમાં કહ્યું છે કે, આગામી 24 કલાકમાં આંદામાન સમુદ્રમાં ઉદભવેલું સાયક્લોનિક સરક્યુલેશન સોમવાર સુધીમાં લો પ્રેશર એરિયામાં ફેરવાઈ શકે છે. ત્યારબાદ તે પશ્ચિમ-ઉત્તર દિશા તરફ આગળ વધશે તેમજ 22 ઓક્ટોબરની સવાર સુધીમાં દબાણમાં ફેરવાઈ જશે. ત્યારબાદ આ સિસ્ટમ 23 ઓક્ટોબર સુધીમાં પૂર્વ-મધ્ય બંગાળની ખાડી ઉપર વાવાઝોડામાં તબદીલ થવાની આશંકા છે. ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદની આગાહી આઈએમડીએ એમ પણ કહ્યું કે, હવામાન સિસ્ટમ વાવાઝોડામાં તબદીલ થયા બાદ ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધવાની તેમજ 24 ઓક્ટોબરની સવારે ઓડિશા તેમજ પશ્ચિમ બંગાળના દરિયાકાંઠા વિસ્તાર પાસે બંગાળની ખાડીની ઉત્તર-પશ્ચિમ તરફ પહોંચવાની પ્રબળ સંભાવના છે. આ સિસ્ટમના કારણે ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠા વિસ્તારમાં ભારે વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે માછીમારોને 21 ઓક્ટોબર સુધીમાં દરિયામાંથી પરત આવવાની સલાહ અપાઈ છે.



# રાજકોટમાં શિક્ષકોના ડરથી વિદ્યાર્થીનો આપઘાત

## પરિવારે કહ્યું- સ્કૂલમાં મોનિટર હતો, ધો. 10માં 70 ટકા આવ્યા હતા



(એજન્સી) રાજકોટ | તા. 20

રાજકોટ જિલ્લાના લોધીકાના મોટાવડાની સરકારી શાળામાં 19 ઓક્ટોબરના રોજ ધો-11માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ સુસાઈડ નોટ લખી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ફક્ત એટલું જ નહિ વિદ્યાર્થીએ આપઘાત કરતા પહેલાં એક વીડિયો પણ બનાવ્યો હતો. જેમાં રડતાં રડતાં પોતે લખેલી સુસાઈડ નોટ પણ આ વીડિયોમાં દેખાડી રહ્યો હતો. સુસાઈડ નોટમાં વિદ્યાર્થીએ પોતાની શાળાના શિક્ષકના કારણે આપઘાત કર્યો હોવાનો ઉલ્લેખ કર્યો છે.

જોકે, આજે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની ટીમ શાખા ખાતે તપાસ માટે પહોંચી હતી અને સરપંચ સહિતના ગ્રામજનો પણ ત્યાં પહોંચ્યા હતા. મૃતક વિદ્યાર્થીના પરિવારજનો દ્વારા શિક્ષકોને સસ્પેન્ડ કરવાની સાથે 10 વર્ષની સજાની માગ કરવામાં આવી છે. જ્યારે તપાસ અધિકારીના જણાવ્યા પ્રમાણે પ્રથામિક દૃષ્ટિએ થયેલી તપાસમાં કોઇ કારણ સામે આવ્યું નથી.

આપઘાત કરી જીવન ટૂંકાવી લેતા ધોરણ 11ના વિદ્યાર્થી ધ્રુવિલ વરૂના કાકા રમેશભાઈ વરૂએ જણાવ્યું હતું કે, મારા ભત્રીજો સ્કૂલેથી ઘરે આવવા માટે બસમાં બેઠો ત્યારે તેને તેના મિત્રોને વાત કરી હતી કે મને મજા નથી આવતી. મારો ભત્રીજો સ્કૂલનો મોનિટર હતો અને ભણવામાં ખૂબ હોશિયાર હતો. ધોરણ 10માં 70 ટકાથી વધુ માર્ક્સ આવ્યા હતા અને પરીક્ષામાં ચોરી કરતો હોય તો વિદ્યાર્થીને મૌખિક જ્યારે પૂછવામાં આવ્યું તો ત્યારે બધુ આવડી ગયું હતું. મૃતકના કાકાએ આગળ કહ્યું કે, ધ્રુવિલ 12:30 વાગ્યે મોટાવડા સ્કૂલેથી છાપરા ગામે ઘરે આવ્યો અને ઘરે કોઈ હતું નહીં. જેથી તેણે સુસાઈડ નોટ લખી અને પછી વીડિયો ઉતાર્યો અને પછી તુરંત જ આપઘાત કરી લીધો. પિતાનો એકના એક સંતાને આપઘાત કરી લીધો જેથી અમને ન્યાય મળવો જોઈએ. અન્ય કોઇ વિદ્યાર્થી સાથે આ પ્રકારની ઘટના ન બને તેવી અમારી માગ છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, ગઈકાલે 11:30 વાગ્યે શાળાએથી છૂટી ગયા બાદ વિદ્યાર્થીને ફરી શાળામાં બોલાવવામાં આવ્યો અને શિક્ષકો દ્વારા ધમકાવવામાં આવ્યો કે તને સજા પડશે અને પોલીસવાળા ઉપાડી જશે. જેથી ધ્રુવિલ ગભરાઈ ગયો. 2 શિક્ષિકા અને 1

### બંને મૃતકના પતિ પોલીસના રડારમાં

બીજી તરફ, ડિમ્પલબેનનું ગળું દબાવી હત્યા કરી હોવાનું ખૂલતાં ડિમ્પલબેનના પિતા બાબુભાઈ પટેલે છાયાબેન વિરુદ્ધ શંકાના આધારે હત્યાની ફરિયાદ નોંધાવતાં જણાવ્યું હતું કે ડિમ્પલ ભાવેશભાઈ પટેલ તેના પતિ ભાવેશભાઈ ફલજીભાઈ પટેલ સાથે લગ્નજીવનમાં ખુશ હતાં. ત્યારે શકમંદ આરોપી છાયાબેનના ભાવેશભાઈ સાથેના પ્રેમસંબંધોના કારણે ડિમ્પલ તેના ઘરે એકલી હતી. ત્યારે તેણે તેમના રૂમ નં-402માં અપપ્રવેશ કર્યો હતો. રૂમનો દરવાજો અંદરથી બંધ કરી ડિમ્પલનું ગળું દબાવી શરીરે ઈજાઓ પહોંચાડી હત્યા કરી શકમંદ આરોપી છાયાબેને પોતે પણ ડિમ્પલના રૂમ નં.402ની ગેલરીના ભાગેથી પોતે પણ છલાંગ મારી આત્મહત્યા કરી ગુનો આચર્યો છે. એ ફરિયાદ આધારે પોલીસે તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

---

**ન્યૂઝ કોર્નર**

### પાટણ-ઉંઝા હાઈવે પર અકસ્માતો સર્જાતા બમ્પ મૂકવા માગ

પાટણ | પાટણના હાંસાપુર રોડ ઉપર પૂરઝડપે ચાલતા વાહનોના કારણે છાછવારે અકસ્માતોની ઘટનાઓ બનતી હોય છે.જેને લઈને સ્થાનિક રહેશો દ્વારા હાંસાપુર બસ સ્ટેન્ડ નજીક બમ્પ મૂકવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

પાટણ શહેરના માર્ગો ઉપર બેફામ દોડતા વાહનોના કારણે અકસ્માતના બનાવો બનતા હોય છે.ત્યારે પાટણ ઊંઝા હાઈવે માર્ગ ઉપર આવેલ હાંસપુર ગામના બસસ્ટેન્ડે નજીક અવારનવાર નાના-મોટા અકસ્માતની ઘટના બનતી હોય છે.જેમાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવવાનો વારો આવતો હોય છે.અહીં ગ્રામ્ય વિસ્તાર આવેલો હોવાથી લોકો વાહનોને લઈને ખેતરમાં પણ જતા હોય છે.ત્યારે બેફામ ચાલતા મોટા વાહનોના કારણે અકસ્માતોના બનાવો પણ બને છે.

### નવસારી જિલ્લામાં માવઠાના કારણે ખેડૂતોએ રાતે પાણીએ રોવાનો વારો આવ્યો...

નવસારી | નવસારી જિલ્લામાં વરસાદી સિઝન લંબાઈ છે.જેને કારણે ખેડુતોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે. શેરડીની સાથે સાથે હવે કાપેલી ડાંગર પણ પલળી ગઈ છે.જેને કારણે ખેડૂતોને ત્રણ ગણુ નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. ડાંગર કાપણીની સિઝન શરૂ થઈ છે. જેમાં ખેડૂતોએ ડાંગરની કાપણી કર્યા બાદ તેને ગુણવત્તામાં સુધારો થાય તે માટે કાપીને ત્રણ દિવસ સુધી ખેતરમાં રાખવામાં આવે છે. પરંતુ લંબાયેલા વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાયા છે. જેમાં આ ડાંગરનો પાક પલળી ગયો છે. તેની સાથે જ ખેડૂતોને ડાંગરિયા અને મજૂરી પણ પાણીમાં ગઈ છે. ડાંગરના પાકને કાપીને પુરેટિયા સાથે ખેતરમાં છોડવામાં આવે છે. જેના કારણે ડાંગરનો દાણો પાકો થાય છે અને તેના ચોખા કે પૌવા બનાવવા માટે સારી ગુણવત્તાની ડાંગરનો દાણો ઝુડીને છૂટો પાડયા બાદ પુરેટીયાને પશુના ઘાસચારા તરીકે વેચાણ કરવામાં આવે છે.

---

### સોનગઢ તા.પંચાયતના કોંગ્રેસના સભ્ય પર અનૈતિક સંબંધનો આરોપ મૂકી હિંસક હુમલો, લાકડી-હોકી સ્ટિકના હુમલામાં હાથે ફ્રેક્ચર

# કપડાં ફાડી, વાળ કાપી મહિલાને બેરહેમીથી મારી

**તાપી (વ્યારા) | સોનગઢ તાલુકા પંચાયતની કોંગ્રેસની મહિલા સભ્યને ગતરોજ રાણીઆંબા રેલવે ફાટક પાસે બેરહેમીથી માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. આ મહિલા સભ્યના વાળ કાપી, લાકડી અને હોકી સ્ટિકથી માર મારવામાં આવ્યો હતો. મહિલા સભ્ય પર અનૈતિક સંબંધનો આરોપ મૂકી જીવલેણ હુમલો થતા કાયદો-વ્યવસ્થાને લઈને સવાલો ઉઠ્યા છે. 19 ઓક્ટોબરે બપોરના સમયે સોનગઢ તાલુકા પંચાયત કચેરીએ સામાન્ય સભા પૂરી થતાં મહિલા સભ્ય પોતાની નાની દીકરી સાથે એક્ટિવા પર પોતાના ઘરે જવા નીકળી હતી.**

**ત્યારે એક ટોળું સોનગઢના બરડીપાડા રોડ પરના રાણીઆંબા ફાટક પાસે આ મહિલા સભ્યને ઘેરી વળ્યું હતું. આ ટોળામાં અનૈતિક સંબંધનો આરોપ મૂકનારી પત્ની, પુત્ર સહિતના આઠથી દસ જેટલા સભ્યો પૈકી કેટલાક શખસો હતા, જેઓ હોકી, લાકડી સાથે આવ્યા હતા.**



### મહિલા પર અનૈતિક સંબંધનો આરોપ મૂકી ઢોર માર માર્યો

19 ઓક્ટોબરે બપોરના સમયે સોનગઢ તાલુકા પંચાયત કચેરીએ સામાન્ય સભા પૂરી થતાં મહિલા સભ્ય પોતાની નાની દીકરી સાથે એક્ટિવા પર પોતાના ઘરે જવા નીકળી હતી. ત્યારે એક ટોળું સોનગઢના બરડીપાડા રોડ પરના રાણીઆંબા ફાટક પાસે આ મહિલા સભ્યને ઘેરી વળ્યું હતું. આ ટોળામાં અનૈતિક સંબંધનો આરોપ મૂકનારી પત્ની, પુત્ર સહિતના આઠથી દસ જેટલા સભ્યો પૈકી કેટલાક શખસો હતા, જેઓ હોકી, લાકડી સાથે આવ્યા હતા.

### મારામારીનાં દૃશ્યો સર્જાયાં

આ ટોળાએ મહિલા સભ્યની જાહેરમાં ધોલાઈ કરી વાળ કાપી નાખ્યા હતા. હોકી, લાકડાં જેવાં હથિયારોથી બેરહેમીથી ઢોર માર માર્યો હતો. જાહેરમાં મારામારીનાં દશ્યો સર્જાયા હતાં, પણ મહિલા સભ્યને બચાવવા કોઈ આગળ આવ્યું ન હતું. મહિલા સભ્યને લોહીલુહાણ હાલતમાં સોનગઢમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વ્યારા સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. હાલ આ મહિલાની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે.

### 'હોકી-લાકડાના દંડા વડે હાથ-કમરના ભાગે માર માર્યો'



આ બાબતે ભોગ બનનાર મહિલાએ હકીકત જણાવતા કહ્યું હતું કે, ગઈકાલે હું સોનગઢ તાલુકા પંચાયતમાં સામાજિક કાર્યક્રમમાં ગઈ હતી. ત્યારબાદ ત્યાંથી બીજા કામે મારી દીકરી સાથે ઘરે જવા રવાના થઈ હતી. ત્યારે રસ્તામાં 6થી 7 જેટલા લોકોએ મને ઉભી રાખી કંઈ કીધા વગર મારવા લાગ્યા હતા. આજથી 3 દિવસ અગાઉ મારા પર એક છોકરાનો ફોન આવ્યો હતો. જેમાં 'તને જાનથી મારી નાખીશ, તને જીવતી નહિ રેહવા દઉં' એવી ધમકી આપી હતી.

ત્યારબાદ મેં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવાનું વિચાર્યું હતું, પરંતુ ફરિયાદ આપી નહોતી અને ગઈકાલે મને હોકી-લાકડાના દંડા વડે હાથના તેમજ કમરના ભાગે માર માર્યો હતો. સાથે મારા કપડા ફાડી વાળ કાપી નાખ્યા હતા.

વધુમાં ભોગ બનનાર મહિલાએ જણાવ્યું હતું કે, આ કૃત્ય શોભનાબેન નામની મહિલા અને તેના પુત્રએ કર્યું છે. મારી સાથે મારામારી કરી મારા હાથમાં 3 જેટલા ફ્રેક્ચર કરવામાં આવ્યા છે. જેથી મેં પોલીસ ફરિયાદ કરેલ છે. આ મામલે સોનગઢ પોલીસે શોભનાબેન લાલસિંગ ગામીત (રહે. કોસંબિયા વાલોડ), શોભનાબેનનો પુત્ર તેમજ તેમની સાથે આવેલ અન્ય બે સ્ત્રી વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સાથે અન્ય બે મહિલાઓએ ભોગ બનનાર મહિલાને પકડી રાખી આરોપી શોભનાબેને ભોગ બનનાર મહિલાના માથાના વાળ કાપીને સોનાના પેન્ડલ ઝૂંટવીને ગુનો આચર્યો હતો. જેમાં પોલીસે એક આરોપી શોભનાબેનના દીકરાને ઝડપીને વધુ તપાસ હાથ ધરી છે.

### 'તું મારા પતિ સાથે કેમ સબંધ રાખે છે' એમ કહી માર માર્યો

આ સમગ્ર ઘટના અંગે તાપી જિલ્લાના નાયબ પોલીસ અધિક્ષક ઈશ્વર પરમારે જણાવ્યું હતું કે, ફરિયાદી મહિલા પોતાની દીકરી સાથે એકટીવા મોપેડ પર જતા હતા ત્યારે આરોપી શોભનાબેન અને તેમના દીકરા સાથે અન્ય બે સ્ત્રીઓ આવ્યા હતા અને તેમને કહ્યું હતું કે, 'તું મારા પતિ સાથે કેમ સંબંધ રાખે છે' એમ કહી ગાળો આપી. શોભનાબેનના દીકરાએ તેની ફોર વ્હિલરમાંથી લાકડાના દંડો કાઢી ભોગ બનનાર મહિલા પર હુમલો કરી મહિલાના કમરના ભાગે અને કપાળના ભાગે ઈજા પહોંચાડેલ અને હાથના ડાબા ભાગે ભોગ બનનાર મહિલાને ફ્રેક્ચર કરી માર માર્યો હતો.

---

## વેરાવળમાં મધ્યરાત્રીએ બંધ મકાનમાં વિકરાળ આગ લાગી

(એજન્સી) ગીર સોમનાથ | તા. 20

વેરાવળ શહેરના પોસ વિસ્તાર ગણાતા ડાયમંડ ટોકીઝ પાછળના ભાગે એક જુનવાણી બંધ મકાનમાં પ્લાસ્ટિકની વસ્તુના ગોડાઉનમાં મધ્યરાત્રીના અચાનક વિકરાળ આગ ફાટી નીકળતા આડોશ પાડોશમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. જોકે આ આગની ઘટના અંગે હોમગાર્ડ જવાનોની સમય સૂચકતાના કારણે મોટી દુર્ઘટના બનતા અટકી હતી.

આ આગની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર વેરાવળના ડાયમંડ ટોકીઝ પાછળના વિસ્તારમાં આવેલ ડોક્ટર મહેતાની હોસ્પિટલ તરીકે ઓળખાતા જુનવાણી મકાનમાં કે જ્યાં હાલ કોઈપણ વસવાટ કરતું નથી, પરંતુ સ્વસ્તિક પ્લાસ્ટિક નામની દુકાનો પ્લાસ્ટિક સામાનનો ગોડાઉન આવેલો છે અને ઉપરના ભાગે જુનવાણી મકાન છેલ્લા ઘણા વર્ષોથી બંધ હાલતમાં છે. ગતરાત્રિના અંદાજે ત્રણેક વાગ્યાના સુમારે આ મકાનમાં ઉપરના ભાગે આગ લાગી હોવાની જાણ રાત્રી ફરજ પરના હોમગાર્ડ જવાન રાકેશ મકવાણા અને આઈ.બી. તવાણીને થતા તાત્કાલિક વેરાવળ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. વેરાવળ ફાયર ફાઈટરનો સ્ટાફ પણ તુરંત ઘટના સ્થળે પહોંચ્યો હતો.

## રાજકોટમાં વીજળીનાં કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ: નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

(એજન્સી) રાજકોટ | તા. 20

રાજકોટમાં હવામાન વિભાગની આગાહીને પગલે બપોરે વીજળીનાં કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. છેલ્લા કેટલાક દિવસથી વધી ગયેલા ભારે ઉકળાટ બાદ આજે પ્રચંડ ગાજવીજ સાથે તોફાની ભારે વરસાદ પડતા લોકોને ગરમીમાંથી રાહત મળી છે. ભારે વરસાદને કારણે કેટલાક નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે, જેને લઈને વાહનચાલકોને ભારે હાલાકી પડી હતી. જોકે, રવિવાર હોવાથી શહેરમાં લોકો વરસાદનો આનંદ માણી રહ્યા છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ પડતાં જગતનો તાત ચિંતામાં મુકાયો છે.

પ્રાપ્ત વિગત મુજબ, આજે બપોરે 1 વાગ્યાથી વરસાદી વાતાવરણ જામ્યું હતું. અને 2:30 વાગ્યા બાદ અચાનક વીજળીનાં પ્રચંડ કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસવો શરૂ થયો હતો. જેમાં શહેરનાં કાલાવડ રોડ, નાનામૌવા રોડ, યુનિવર્સિટી રોડ, રેસકોર્સ રિંગરોડ, જામનગર રોડ, માધાપર ચોકડી અને ગ્રીનલેન્ડ ચોકડી સહિત શહેરનાં તમામ વિસ્તારોમાં ગાજવીજ સાથેનો વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક ફરી વળી હતી. તો રામનાથ પરા, પોપટપરા સહિત કેટલાક નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

ભારે પવન સાથે પડી રહેલા ધોધમાર વરસાદને કારણે વાહનચાલકોને હાલાકી પડી હતી. જોકે, 3 વાગ્યા બાદ હવે વરસાદનું જોર ઘટ્યું છે, પરંતુ હવામાન વિભાગની આગાહી મુજબ આવતીકાલે પણ વરસાદ પડવાની શક્યતા છે. હાલ દિવાળીનાં તહેવારોને લઈને બજારોમાં ખરીદી કરવા લોકોની ભીડ ઉમટી હતી. પરંતુ અચાનક વરસાદ પડતાં મિનિટોમાં બજારો ખાલીખમ થઈ હતી. હાલ ધીમીધારે વરસાદ પડી રહ્યો છે. જેને લઈ વેપારીઓ માટે આજનો દિવસ ફેઈલ થવા જેવો ઘાટ ઘડાયો છે.



---

**બ્રેકિંગ ન્યૂઝ**

### જૂનાગઢ શહેર-જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ

જુનાગઢ | છેલ્લી ઘણા સમયથી ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદ પડી રહ્યો છે ત્યારે આજે જુનાગઢ શહેર તેમજ ગ્રામ્ય પંથકમાં વરસાદ વરસવાનું શરૂ કર્યું છે. વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદના અણધાર્યા આગમનથી ખેડૂતો ચિંતામાં મુકાયા છે. તો બીજી તરફ ખેડૂતોના ખેતરમાં તૈયાર થયેલો મગફળીનો પાક પણ નિષ્ફળ ગયો છે. ખેડૂતોએ ખેતરમાં વાવેલા કપાસના પાકના જીંડવા ખરી પડ્યા છે ત્યારે ખેડૂતોને મોઢે આવેલો કોળીયો છીનવાયો છે.

### હળવદમાં દારૂ-બિયરની બોટલો ઉપર રોડ રોલર ફેરવાયું

મોરબી | હળવદ તાલુકા પોલીસે જુદાજુદા વિસ્તારમાં દારૂની રેડ કરી હતી અને દારૂ તેમજ બીયરનો 58.53 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જે દારૂ-બિયરની બોટલો ઉપર રોડ રોલર ફેરવીને તેનો નાશ કરાયો છે. મોરબી જિલ્લામાં જુદાજુદા સ્થળે રેડ કરીને દારૂ અને બીયર પકડવામાં આવે છે. ત્યાર બાદ કોર્ટની મંજૂરી લઈને આ મુદ્દામાલનો નાશ કરવામાં આવે છે. આવી જ રીતે વર્ષ 2023 -24માં હળવદ પોલીસે જુદીજુદી જગ્યાએ દારૂની રેડ કરી હતી અને દારૂ તેમજ બિયરનો જથ્થો પકડાયો હતો. જે જથ્થાનો નાશ કરવા માટેની મંજૂર મળી હતી.

---

## રાજકોટમાં 9 સ્થળે થશે ટ્રાફિક સમસ્યા હળવી: રૈયા ટેલિફોન સર્કલને કાપીને ડામર રોડ બનાવાયો

(એજન્સી) રાજકોટ | તા. 20

રાજકોટ શહેરના તમામ મુખ્ય વિસ્તારોમાં થતી ટ્રાફિક સમસ્યા નિવારવા જુદા જુદા 10 સર્કલોને કાપીને નાના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મનપા દ્વારા આ કામગીરી ત્રણ દિવસ અગાઉ શરૂ કરવામાં આવી હતી. જેમાં સૌપ્રથમ રૈયા ટેલિફોન એક્સચેન્જ સર્કલનું કામ ગણતરીના દિવસોમાં પૂર્ણ કરવામાં આવ્યું છે. આ સર્કલ કાપીને ડામર રોડ કરી દેવાતા ટ્રાફિક સમસ્યામાં રાહત થઈ છે. ટૂંક સમયમાં અન્ય 9 સર્કલોને નાના કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટમાં ભયંકર ટ્રાફિક સમસ્યા થતી હોય તેવા 10 ચોકના મહાકાય સર્કલ કાપવાનું શરૂ કરી દેવાયું છે. તેમાં રૈયા ટેલિફોન એક્સચેન્જ ચોકનું સર્કલ બે દિવસમાં ટૂંકુ કરીને ડામર રોડ પણ કરી દેવાયો છે. તો આ ઝોનમાં કોટેચા ચોક તેમજ ઈસ્ટ ઝોનમાં ચુનારાવાડ ચોક, અમુલ અને સોરઠીયાવાડી સર્કલ કાપવાનું કામ પણ શરૂ કરાતા દિવાળી પૂર્વે આ તમામ ચોકમાં વાહન વ્યવહાર ઘણો સરળ થઈ જવાની પૂરતી શક્યતા છે.

150 ફુટ રોડના રૈયા ટેલિફોન એક્સચેન્જ ચોક અને કોટેચા ચોકનો ટ્રાફિકનો ત્રાસદાયક પ્રશ્ન ઉકેલવા ગુરૂવારથી સર્કલ રી-ડિઝાઈન કરાવવાની શરૂઆત મહાનગર પાલિકાએ કરી હતી. આ બંને ચોકમાં દિવસમાં અનેક વખત ટ્રાફિક જામ થતા હોય, લોકોને પીડામાંથી રાહત થાય તેવી હવે આશા જાગી છે. તેમાં રૈયા એક્સચેન્જ ચોકમાં તો સર્કલ કાપીને ડામર પણ કરી દેવાયો છે. આ માટે રૂપિયા 40થી 50 હજારનો ખર્ચ કરવામાં આવ્યો હોવાનું જવાબદાર અધિકારીએ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, મહાનગરપાલિકા દ્વારા પોલીસ સાથે સંકલન કરીને આ કામગીરી હાથ પર લેવામાં આવી છે. જોકે, વર્ષો પહેલાં લાખો રૂપિયાના ખર્ચે અને પીપીપીથી બનાવવામાં આવેલા સર્કલ હવે તોડવાની નોબત આવી છે. ત્યારે ભવિષ્યમાં સર્કલ ડેવલપ કરવા આપતા પૂર્વે

## 2 કલાક, 2 અકસ્માત, 2 મોત : સુરતમાં કારે બાઈકચાલકને અડફેટે લીધો; કારમાંથી ભાજપનો ખેસ, થમ્સઅપ મળી

(એજન્સી) સુરત | તા. 20

સુરતમાં વહેલી સવારની બે કલાકમાં બે અકસ્માતની ઘટના સામે આવી છે. પહેલાં અકસ્માતમાં માતા-પિતાને રેલવે સ્ટેશનથી લેવા બાઈક પર જઈ રહેલા કાપડ વેપારીને પૂરપાટ ઝડપે આવતા કારચલકે ટક્કર મારતા ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. તો બીજા બનાવમાં સુરતમાં દીકરીને પહેલું કરવા ચોથનું વ્રત હોવાથી સામગ્રી આપવા આવેલા માતાનું મુંબઈ જવાં નીકળતાં રસ્તામાં કાળ ભેટ્યો હતો. પિકઅપ ટેમ્પોના ચાલકે બાઈક સવાર સાસુ-જમાઈને અહફેટે લેતાં જમાઈની નજર સામે જ સાસુનું કરુણ મોત નીપજ્યું હતું.

પહેલાં અકસ્માત અંગેની મળતી માહિતી પ્રમાણે, મૃતક સંજય મૂળ રાજસ્થાનના છે પણ પરિવાર સાથે સુરતના સિટી લાઈટ વિસ્તારમાં સાકાર એપાર્ટમેન્ટમાં રહેતા હતા. પરિવારમાં પત્ની અને એક દીકરો છે. સંજય કાપડનો વેપારી છે. આજરોજ વહેલી સવારે જોધપુરથી માતા-પિતા સૂર્યનગરી ટ્રેનમાં સુરત આવી રહ્યાં હતાં, તેથી સંજય તેમને લેવા માટે સ્ટેશન જઈ રહ્યા હતા તે દરમિયાન અકસ્માત થયો હતો.

ઉધના દરવાજા ઓવરબ્રિજ પર અકસ્માત થયો હતો. વહેલી સવારે કારચાલકે બાઈકને અડફેટે લેતા ચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. કારચાલક નશામાં હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. આ સાથે કારમાં થમ્સઅપની બોટલ, ગ્લાસ અને સિગારેટનું પેકેટ અને ભાજપનો ખેસ પણ મળી આવ્યો હતો. સ્કોડા કાર રજિસ્ટર નંબર GJ 05 JS 5161એ બાઈક હોન્ડા કંપનીની પેશન ગાડીને અડફેટે લીધી છે. કાર ફુલ સ્પીડમાં હોવાથી અકસ્માત બાદ કાર ડિવાઈડર ઉપર ચડી ગઈ હતી. ધડાકાભેર અકસ્માત થતા કારની એરબેગ પણ ખૂલી ગઈ હતી. પોલીસ તપાસમાં કારચાલકનું નામ દેવ હોવાનું સામે આવ્યું છે અને તે ભાજપનો કાર્યકર હોવાની ચર્ચા પણ ચાલી રહી છે. સંજયના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટના અંગે જાણ થતાં પરિવાર સ્મીમેર હોસ્પિટલ દોડી આવ્યો હતો. પરિવારના આક્રંદના કારણે માહોલ ગમગીન થઈ ગયો હતો.

જે બાદ પરિવારને પોસ્ટમોર્ટમ રૂમથી ઘરે લઈ જવામાં આવ્યો હતો. મૃતકની પત્નીની રડી-રડીને હાલત ખરાબ થઈ ગઈ હતી. અકસ્માત મામલે સલાબતપુરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બીજા અકસ્માતની મળતી માહિતી પ્રમાણે, મુંબઈ ખાતે 51 વર્ષીય મુરાહી રામદત રાય પરિવાર સાથે રહેતા હતા. પરિવારમાં પતિ અને સંતાનો છે. જે પૈકી મોટી દીકરીના લગ્ન છ મહિના પહેલાં સુરતમાં રહેતા રાજ સાથે થયા હતા. દીકરીની પહેલી કરવા ચોથ હોવાથી વ્રતની સામગ્રી લઈને માતા ગતરોજ મુંબઈથી સુરત દીકરીના ઘરે આવી હતી.

# સિહોરમાં સંકલનના અભાવે સેવા સેતુ કાર્યક્રમ છેલ્લી ઘડીએ મોકૂફ!

(એજન્સી) સિહોર | તા.20

સિહોરમાં મોટા ઉપાડે સેવા સેતુનો સરકારી કાર્યક્રમ યોજવામાં આવ્યા પરંતુ ખૂદ સરકારી વિભાગોના સંકલનના અભાવ અને ઘોરબેદરકારીના પગલે 'લગ્ન મંડપ સજાવ્યો પણ વરરાજા જ ન પહોંચ્યા' જેવી સ્થિતિનું નિર્માણ થયું હોય તેમ મુખ્ય વિભાગનો સ્ટાફ જ હાજર ન હોવાના કારણે છેલ્લી ઘડીએ કાર્યક્રમ મોકૂફ કરવાની નોબત આવી હતી. સેવા સેતુ કાર્યક્રમ અંતિમ ઘડીએ રદ કરી દેવામાં આવતા અરજદારોને ધરમના ધક્કા થયા હતા. સિહોર નગરપાલિકા દ્વારા ટાઉન હોલ ખાતે આજે શનિવારે વોર્ડ નં.૫થી ૯ના ૧૦માં તબક્કાના સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકારી કાર્યક્રમ માટે નગરપાલિકાએ મામલતદાર કચેરી, પ્રાંત કચેરી અને વિવિધ સરકારી વિભાગ, આગેવાનો, પદાધિકારીઓ સહિતનાને પત્રથી જાણ પણ કરી હતી. કાર્યક્રમ માટે ટાઉન હોલમાં વિભાગ વાઈઝ માંડવા, ટેબલ-ખુરશી વગેરે ગોઠવી દેવામાં આવી હતી. પરંતુ સવારે ૯થી ૨ કલાક સુધી યોજાનારા કાર્યક્રમમાં સિહોર નગરપાલિકા, ફોરેસ્ટ, અર્બન, બેન્કિંગ વિભાગ અને પોલીસ સ્ટાફ સ્થળ ઉપર હાજર હતો. જ્યારે આવકના દાખલા, જાતિના દાખલા, નોનક્રિમિલેયર, ડોમિશાયલ, આધારકાર્ડ, રેશનકાર્ડ સહિતની મુખ્ય કામગીરી સંભાળતો મામલતદાર કચેરીનો સ્ટાફ જ હાજર થયો ન હતો. જેના કારણે ૧૦ વાગ્યા સુધી કોઈ કામગીરી થઈ શકી ન હતી.

## ન્યુઝ ફ્લેશ

### રાજકોટ ભાવનગર રોડ પર કારેઅડફેટે લેતાં વૃદ્ધનું મોત

ભાવનગર : ગઢડા તાલુકાના ઢસા ગામના ભાવનગર રોડ પેટ્રોલ પંપ પાછળ રહેતા છગનભાઈ જેઠાભાઈ ડાવરિયા અને મિકેનિક સમીરભાઈ બેલીમ ભાવનગર-રાજકોટ હાઈવે પર પોતાની માલિકીની હિંમત ટ્રાવેલ્સ બંધ પડી જતાં રિપેર કરવા માટે ગયા હતા. તેવામાં છગનભાઈ રોડની કિનારીએ ઉભા હતા.અને સમીરભાઈ ટ્રાવેલ્સ પાસે ઊભા હતા ત્યારે એક નંબર પ્લેટ વગરની ફોર વ્હીલ કાર ઢસા ગામ તરફથી પુરઝડપે આવી હતી અને છગનભાઈને અડફેટે લઈ અજાણ્યો કારચાલક નાસી છૂટયો હતો. બીજી તરફ, વૃદ્ધને ગંભીર ઈજા થતાં તેમને ઈજાગ્રસ્ત હાલતે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે તપાસી વદ્ધ છગનભાઈને મૃત જાહેર કર્યા હતા.

### વડતાલ અને મહેમદાવાદમાં અકસ્માતોમાં 2 વ્યક્તિનાં મોત

નડિયાદ : નડિયાદના વડતાલ પાસે જોળ તરફ જતા રસ્તામાં અકસ્માત યુવકનું મોત નિપજ્યું છે. મહેમદાવાદમાં સોનાવાલા સ્કૂલની સામેથી ચાલતા જતા દંપતીને રિક્ષાએ અડફેટે લીધું હતું.જેમાં પતિનું ઘટના સ્થળે મોત થયું હતું. આણંદના પેટલાદના પ્રિતેશ વાઘેલા નોકરીથી છૂટીને ઘરે જતો હતો તે દરમિયાન જોળ રોડ પર વે - બ્રિજ સામે એક્ટિવા અને બાઈક વચ્ચે અકસ્માત થયો હતો.અકસ્માત જોવા પ્રિતેશ વાઘેલા મદદથી ભાવનાથી ઘટના સ્થળે ગયો હતો. જ્યાં બાઈક સવાર તેના મામાનો દિકરા આર્યન હતો. aમાતાના ભાગે ઈજા થઈ થતાં પ્રિતેશે ૧૦૮ને બોલાવી હતી. ૧૦૮ના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

### માતરના સીજીવાડાના ખેડૂત સાથે રૂપિયા 20.50 લાખની છેતરપિંડી

નડિયાદ : માતર તાલુકાના સીજીવાડા ગામના ખેડૂતે કટર લેવા માટે પંજાબના નાભા ગામે આવેલી એમ.એસ. એગ્રો ઈન્ડસ્ટ્રિયલ કંપનીના માલિકને રૂ.૨૦.૫૦ લાખ ચૂકવ્યા હતા. તેમ છતાં ખેડૂતને કટર ન આપી છેતરપિંડી કરી હોવાથી ખેડૂતે લિંબાસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સીજીવાડા ગામે રહેતા ખેડૂત મનુભાઈ મણીભાઈ રાઠોડના ભત્રીજા ગોવિંદ વિઠ્ઠલભાઈ રાઠોડ અને મિત્ર દિલીપભાઈ રમેશભાઈ ગોહેલને ભાગીદારીમાં કટર લેવું હતું. જોકે, બંનેના નામે જમીન ન હોવાથી બેંકમાંથી લોન મળી શકે તેમ નહતી. જેથી મનુભાઈએ પોતાના નામે લોન લેવાનું નક્કી કર્યું હતું. કટર ખરીદવા પરીયજ ગામના ભાવેશભાઈનો સંપર્ક કરતા તેણે પંજાબના નાભામાં આવેલી એમ.એસ. એગ્રો ઈન્ડસ્ટ્રિયલ કંપનીના કટર સારા હોવાનું જણાવ્યું હતું. જેથી વોટ્સએપ પર કટરના ફોટો મંગાવી, કટર પસંદ આવતા કંપનીના માલિક અવતાર ઉર્ફે તારીખે કટરની કિંમત રૂ.૨૬.૧૦ લાખ જણાવી કોટેશન કાઢી આપ્યું હતું.

### નમો લક્ષ્મીમાં 3240 સ્થાનિક એપૃવલ બાકી, સરસ્વતીમાં કામગીરી પૂર્ણ

# નમો લક્ષ્મી અને નમો સરસ્વતિ યોજનાની સહાય આવતા સપ્તાહમાં જમા થશે

(એજન્સી) ભાવનગર | તા.20

માધ્યમિક વિભાગની ધો.૯માં પ્રવેશ મેળવતી વિદ્યાર્થિનીઓ માટે નમો લક્ષ્મી અને ધો.૧૧ સાયન્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે નમો સરસ્વતિ યોજના લાગુ કરાય છે. જ્યારે આ યોજના અંતર્ગત શાળા કક્ષાએથી ભરેલ ઓનલાઈન ફોર્મનું એક વખત વેરીફીકેશન થયા બાદ ડીઈઓ કચેરી દ્વારા પૂનઃ વેરીફીકેશન પ્રક્રિયા હાથ ધરાઈ રહી છે જેમાં જુલાઈ, ઓગસ્ટ, સપ્ટે.નો સમાવેશ થયો છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે ડીઈઓ કચેરીએ ૮૦ ટકા કામગીરી પૂર્ણ કરી છે અને આગામી સપ્તાહમાં વિદ્યાર્થીના ખાતામાં સહાય પણ મળવા લાગશે તેવી વ્યવસ્થા ગોઠવાઈ છે.

કન્યા કેળવણીને પ્રાધાન્ય આપવા ધો.૯ થી ૧૨ સુધી તબક્કાવાર આર્થિક સહાય વિદ્યાર્થીનીને મળી રહે તે માટે નમો લક્ષ્મી યોજના સત્રના પ્રારંભથી મુકવામાં આવી અને જુનથી ફોર્મ ભરવાના શરૂ કરાયા હતાં જે સપ્ટેમ્બર સુધી ભરાયા હતાં. જો કે, આ યોજનાના નિયત આધારો અંગે ગાંધીનગરથી ખરાઈ કરવામાં આવી હતી. જ્યારે હાજરીની બાબતમાં ૮૦ ટકાથી વધુ હાજરી ફરજીયાત હોય જેની ખરાઈ કરી એપૃવલ આપવા સ્થાનિક જિલ્લા શિક્ષણાધિકારીને સુચના અપાઈ હતી. એક તબક્કે નમો લક્ષ્મીમાં ભાવનગરમાંથી કુલ અરજી ૩૬૪૧૫ મળી હતી જેમાં એપૃવલ કામગીરી પ્રારંભિક તબક્કે થયા બાદ ૮૦ ટકા હાજરી વાળા મુદ્દે ફેર વેરીફીકેશન પ્રક્રિયામાં ડીઈઓ કચેરી દ્વારા ૮૭.૬૯ ટકા કામગીરી પૂર્ણ કરાઈ હોવાનું જણાયું છે. તો બોટાદમાં ૯૯૨૫ માંથી વેરીફીકેશનની ૪૯.૦૭ ટકા કામગીરી પૂર્ણ થઈ છે. આ સાથે ધો.૧૧ સાયન્સના વિદ્યાર્થીઓ માટે નમો સરસ્વતિ યોજના લાગુ કરાઈ હોય જેમાં ફેર વેરીફીકેશન કામગીરી અંતર્ગત ભાવનગર જિલ્લામાંથી કુલ ૫૫૧૬ વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભરાયા હતાં જેની વેરીફીકેશન કામગીરી ૯૦ ટકા પૂર્ણ થઈ હોવાનું જણાયું છે. જ્યારે બોટાદમાં ૧૩૯૨ ફોર્મમાંથી ૫૯ ટકા કામગીરી પૂર્ણ થઈ છે. આમ ખાસ કરીને હાજરીના મુદ્દે વેરીફીકેશન કામગીરી ગણતરીના દિવસોમાં પૂર્ણ કરવા આજે વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી અને જે પૂર્ણ થયે હજારો વિદ્યાર્થીઓના બેંક ખાતામાં આગામી સપ્તાહે એટલે કે દિવાળી પહેલા સહાયની રકમ જમા કરાય તેવી વ્યવસ્થા ગોઠવાઈ હોવાનું સુત્રોએ જણાવ્યું છે.



ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા 80 ટકાથી વધુ હાજરીના મુદ્દે વેરીફીકેશન કામગીરી હાથ ધરી

### માતાજીના દર્શને જતાં બોટાદના યુવકને રિક્ષાએ અડફેટે લેતાં મોત

(એજન્સી) ભાવનગર | તા.20

બોટાદના પાળીયાદ રોડ પર આવેલ બ્રાહ્મણ સોસાયટીમાં રહેતા શાંતુભાઈ મનુભાઈ ખાચર અને તેમના કૌટુંબિક ભાઈ રઘુભાઈ નાનાભાઈ ખાચર બોટાદથી પગપાળા ચાલીને અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના લાલકા ગામે કુળદેવી માતાજીના મઢે દર્શન કરવા માટે જતા હતા તે દરમ્યાન તુરખા અને ઝરીયા ગામ વચ્ચે પુલ પાસે પહોંચતા બોટાદ તરફ થી કાળા કલરની પીયાગો રીક્ષાના ચાલકે પોતાના હવાલાની પીયાગો રીક્ષા પુરપાટ ઝડપે અને ગફલત ભરી રીતે માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી શાંતુભાઈ મનુભાઈ ખાચર સાથે પાછળથી ભટકાડી શરીરે નાની મોટી ઈજાઓ કરી તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી નાશી છૂટયો હતો. શાંતુભાઈને ઈજાગ્રસ્ત હાલતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત નિપજ્યું હતું.આ બનાવ સંદર્ભે મૃતકના પુત્ર દિગ્વિજયભાઈએ અજાણ્યા પિયાગો ચાલક વિરૂધ્ધ રાણપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### વર્ષ-2014 માં ઓક્સિજન ચેમ્બર ઈન્સ્ટોલ કરાઈ હતી

# ગુજરાતની સરકારી હોસ્પિ.માં ફક્ત સર ટી.માં ઉપલબ્ધ છે હાઈપરબેરિક ઓક્સિજન થેરાપી

(એજન્સી) ભાવનગર | તા.20

બિમાર અને ઈજાગ્રસ્ત દર્દીઓને ઝડપી રિકવરી આવે તે માટે પ્રાણવાયુ ઓક્સિજન ખુબ મહત્વની ભૂમિકા ભજવે છે. આવા ઈજાગ્રસ્ત અને બિમાર દર્દીઓની ઝડપી રિકવરી માટે અમેરીકા જેવા દેશોમાં હાઈપરબેરિક ઓક્સિજન થેરાપી ખુબ પ્રચલિત છે. જેમાં દર્દીને ૧૦૦ ટકા ઓક્સિજન યુક્ત વાતાવરણવાળી ચેમ્બરમાં રાખવામાં આવે છે. ગુજરાતની તમામ સરકારી હોસ્પિટલમાં એકમાત્ર ભાવનગરની સર ટી.હોસ્પિટલમાં આવી હાઈપરબેરિક ઓક્સિજન ચેમ્બરથી દરરોજ સરેરાશ પાંચ દર્દીઓને સારવાર આપવામાં આવે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી વર્ષ-૨૦૧૪માં ઓક્સિજન ચેમ્બર ઈન્સ્ટોલ કરવામાં આવી હતી.

બિમાર અને ઈજાગ્રસ્ત દર્દીઓની ઝડપી રિકવરી માટે અમેરીકા જેવા દેશોમાં હાઈપરબેરિક ઓક્સિજન થેરાપી ખુબ પ્રચલિત છે. જેમાં દર્દીને ૧૦૦ ટકા ઓક્સિજન યુક્ત વાતાવરણવાળી ચેમ્બરમાં રાખવામાં આવે છે. ગુજરાતની તમામ સરકારી હોસ્પિટલોમાં એક માત્ર સર ટી.હોસ્પિટલમાં હાઈપરબેરિક ઓક્સિજન થેરાપીથી દર્દીઓને સારવાર આપવામાં આવે છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી વર્ષ-૨૦૧૪માં ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં હાઈપરબેરિક ઓક્સિજન ચેમ્બરનું ઈન્સ્ટોલેશન કરવામાં આવ્યું હતું, દેશભરમાં આ સાતમું ઈન્સ્ટોલેશન હતું. સામાન્ય રીતે આપણે એક એટ્મોસ્ફિયરીક પ્રેશરમાં શ્વાસ લઈએ છીએ પરંતુ એચબીઓ ચેમ્બરમાં દર્દીને ત્રણ એટ્મોસ્ફિયરીક પ્રેશરમાં દર્દીને ૧૦૦ ટકા ઓક્સિજનવાળી ચેમ્બરમાં રાખવાથી દર્દી બિમારીમાંથી ઝડપી રિકવર થાય છે. આ અંગે હાયપરબેરિક ઓક્સિજન થેરાપી વિભાગના ઈન્ચાર્જ ડૉ.સમીર શાહે જણાવ્યું કે, ગુજરાતની સરકારી હોસ્પિટલોમાં માત્ર સર ટી. હોસ્પિટલમાં જ આ સારવાર ઉપલબ્ધ છે. નસોના છેડા ખુબ જ પાતળા હોય છે જ્યાં સુધી રક્તકણો પહોંચી નહી શકતા હોવાથી શરીરના તે ભાગ સુધી ઓક્સિજન પહોંચતું નથી પરંતુ આ ચેમ્બરમાં ફ્લૂઈડ થકી ઓક્સિજન નસોના છેડા સુધી ઓક્સિઝન પહોંચે છે અને દર્દીના દરેક અંગ સુધી પુરતો ઓક્સિજન પહોંચવાથી રિકવરી ઝડપી આવે છે. ૧૦૦ ટકા ઓક્સિજનવાળા વાતાવરણમાં દર્દીને રાખવામાં આવે છે અને અનેક રિસર્ચથી આ પદ્ધતિના ઘણાં લાભાલાભ પણ સામે આવ્યા છે.



### પેટલાદમાં બોગસ માર્કશીટોના આધારે વિદેશ મોકલવાનું કૌભાંડ ઝડપાયું

(એજન્સી) આણંદ | તા.20

પેટલાદમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓના બનાવટી માર્કશીટ, દસ્તાવેજો બનાવી લોકોને સ્ટૂડન્ટ અને વર્ક પરમિટ વિઝા પર વિદેશ મોકલવાનું કૌભાંડ બહાર આવ્યું છે. શહેરના સરદાર પટેલ સુપરમાર્કેટમાં આવેલી વી હેલ્પ કન્સલ્ટન્સી એન્ડ માઈગ્રેશન સર્વિસની ઓફિસમાંથી ૧૯૯ બનાવટી માર્કશીટો અને દસ્તાવેજો, વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીના રજિસ્ટ્રારના હોદ્દાવાળા રજિસ્ટર સ્પીડ પોસ્ટ લખેલા ૧૩ કવર સહિતના દસ્તાવેજો મળી આવ્યા હતા. એસઓજીએ શખ્સની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. પેટલાદના સરદાર પટેલ સુપરમાર્કેટમાં આવેલી વી હેલ્પ કન્સલ્ટન્સી એન્ડ માઈગ્રેશન સર્વિસ નામની ઓફિસમાં વિદેશના વિઝા મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ અને વર્ક પરમીટ વિઝા પર વિદેશ મોકલવા માટે વિવિધ સરકારી શૈક્ષણિક સંસ્થાની બનાવટી માર્કશીટો અને સર્ટીઓ બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ થઈ રહ્યો હોવાની બાતમી આણંદ એસઓજીને મળી હતી.



### સેક્ટર-૨૧ના બજારમાં બિનવારસી વાહનો અને લારી-ગલ્લા દૂર કરાયાઃનાઈટ ડ્રાઈવ

(એજન્સી) ગાંધીનગર | તા.20

દિવાળીના તહેવારોને લઈને સેક્ટર-૨૧ શોપીંગ સેન્ટર ખાતેના વેપારીઓએ ખાસ તૈયારીઓ કરી છે. સારી ઘરાકીની આશાએ દૂકાનમાં સ્ટોક કરી દીધો છે તો ગ્રાહકોનો પ્રવાહ પણ જેમ જેમ દિવાળી નજીક આવી રહી છે તેમ તેમ બજાર તરફ જઈ રહ્યો છે.આવી સ્થિતિ વચ્ચે ગ્રાહકોને પોતાના વાહનો પાર્ક કરવામાં તકલીફ ન પડે તે માટે કોર્પોરેશન દ્વારા ખાસ ડ્રાઈવ ચલાવવામાં આવી હતી જેમાં વર્ષો જુના બિનવારસી વાહનો,લારી-ગલ્લા દૂર કરીને સઘન સ્વચ્છતા અભિયાન રાત્રે છેડાયું હતું અને પાર્કિંગ પ્લેસ ખુલ્લા કરી દેવામાં આવ્યા હતા. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગઈકાલે મધરાતે સેક્ટર-૨૧ ખાતે મ્યુનિ.કમિશનર, નાયબ મ્યુનિ. કમિશનરે રૂબરૂ રાઉન્ડ લીધો હતો.અહીં એસ્ટેટ શાખા, સેનિટેશન શાખા, બાગાયત શાખા તથા ઈલેક્ટ્રીકલ શાખા દ્વારા સંયુક્ત ડ્રાઈવ કરવામાં આવી હતી. જેમાં એસ્ટેટ શાખાના ૩૦ કર્મચારીઓ દ્વારા છ મોપેડ,બે બાઈક, બે ઓટો રિક્ષા, એક કાર, ૧૧ લારી-ગલ્લા-કાઉન્ટર જેવી બિનવારસી મિલકત દૂર કરવામાં આવી હતી.



### દાયકાના લગ્ન જીવન બાદ એરફોર્સનાં જવાને બે દિકરી સાથે પત્નીને તરછોડી

(એજન્સી) ગાંધીનગર | તા.20

દાયકાથી વધુના લગ્ન જીવનથી બે દિકરીનાં પિતા બનેલા એરફોર્સના જવાને આખરે અન્ય યુવતી સાથે પ્રણયફાગ ખેલવા માટે દિકરીઓ અને પત્નીને તરછોડી દીધાનો કિસ્સો પોલીસ દફતરે નોંધાયો છે. પોલીસ સમક્ષની ફરિયાદમાં જણાવાયું છે, કે પ્રેમિકાનો બર્થડે ઉજવવા ગયેલા પતિને પત્નીએ રંગેહાથ પકડી લીધો ત્યારે સુણાવી દીધું, કે મેં તને ૧૨ વર્ષ સુધી સહન જ કરી છે. હવે તારે મિત્ર બનીને રહેવું હોય તો સાથે રહી શકે છે. ગાંધીનગરના સેક્ટર ૫માં પિયર આવેલી યુવતીની ફરિયાદ પ્રમાણે તેના લગ્નનવેમ્બર ૨૦૧૨માં વાડજ રહેતા અને એરફોર્સમાં નોકરી કરતા જવાન સાથે થયા હતાં. લગ્નના દોઢ માસ બાદ તે પતિની નોકરીના સ્થળે નાશિક રહેવા ગઈ હતી. લગ્ન જીવન દરમિયાન બે બાળકીને જન્મ આપ્યો હતો અને પરિવાર ખુશહાલ જીવન જીવતો હતો. દરમિયાન પતિની નોકરી પ્રયાગરાજમાં લાગતાં છેલ્લા બે વર્ષથી અલ્હાબાદ એરફોર્સ સ્ટેશનમાં રહેવા દરમિયાન પતિના વાણી વર્તન બદલાયા હતાં અને પરિણીતાને ઈગ્નોર કરવા સાથે ઝગડા કરવા લાગ્યો હતો.



### આઈટી ગઠિયાએ ૪ હજાર વિડીયો ઉઠાવી લઈ વિદ્યાર્થીઓને ઓનલાઈન વેચી માર્યાં

(એજન્સી) ગાંધીનગર | તા.20

આઈટી એક્સપર્ટ એવા કોઈ ગઠિયાએ ખાનગી એકેડમીઓની એપ્લિકેશનને જ હેક કરી લઈને તેમાંથી ૪ હજાર જેટલા લર્નિંગ વિડીયો ઉઠાવી લઈ વિદ્યાર્થીઓને વેચી માર્યાનો કિસ્સો પોલીસ દફતરે નોંધાયો છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેના વિડીયો એકેડમી રૂપિયા ૫થી ૨૫ હજારમાં વેચે તે રૂપિયા ૨૦૦થી ૮૦૦ના ભાવે વેચી દેવાયા હતાં. સરકારી નોકરીઓમાં ભરતીઓની પ્રક્રિયાના પગલે હજ્જારો લાખ્ખો યુવાનો તૈયારી લાગી ગયાં છે. નવા ટ્રેન્ડ પ્રમાણે વિદ્યાર્થીઓમાં પરીક્ષાની તૈયારી માટે ઓનલાઈન લનગ લેવાનું ચલણ ખુબ વધ્યું છે. જેના પગલે ખાનગી એકેડમીઓ દ્વારા વિષયવારના લનગ વિડીયો તૈયાર કરીને તેનું ઓનલાઈન વેચાણ કરવામાં આવે છે. ત્યારે આવી એકેડમીઓ પૈકી જ્ઞાન એકેડમી, વેબ સંકુલ, પ્રાજશ્વ ફાઉન્ડેશન, વચન ઓનલાઈન, ધ્યેય ઈન્સ્ટિટ્યુટ, વર્લ્ડ ઈનબોક્સ, સાધ્યમ એકેડમી અને વિવેકાનંદ એકેડમી દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના વિડીયો તૈયાર કરીને ઓનલાઈન મુકવામાં આવતા હતાં.

### સફાઈકાર્ય માટે શ્રમિકોની ડિમાન્ડમાં વધારો

# દિવાળીનો તહેવાર ઢુંકડો આવી પહોંચતા સફાઈ અભિયાન વેગવંતુ બનાવાશે

(એજન્સી) ભાવનગર | તા.20



રોશનીના મહાપર્વ દિપોત્સવીના તહેવાર આડે હવે ગણત્રીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે હવે છેલ્લા દિવસોમાં લગભગ બધાના ઘરે ગૃહિણીઓ દ્વારા પરિવારના સભ્યોના સહકારથી સફાઈ અભિયાન જોરશોરમાં ધમધમવા માંડશે. અન્ય મહાનગરોની જેમ હવે તો ભાવનગર શહેરમાં પણ નીયત કોન્ટ્રાકટરના માધ્યમથી સફાઈ કામદારો પણ ઉપલબ્ધ થઈ રહ્યા છે.

હિન્દુ પૌરાણિક કથાઓ અનુસાર દેવી લક્ષ્મી એવા ઘરમાં જ પ્રવેશે છે જે યોગ્ય રીતે સાફ-સફાઈ દ્વારા સાત્વિક અનુભૂતિ કરાવતુ હોય.જે તહેવારની સૌ કોઈ આતુરતાથી કાગડોળે પ્રતિક્ષા કરી રહ્યા હતા તે પ્રકાશનું મહાપર્વ દિવાળી ઢુંકડું આવી પહોંચતા ગોહિલવાડમાં ઘરે ઘરે, રહેણાંકીય સોસાયટીઓ, કોમર્શિયલ એકમો, ઔદ્યોગિક વસાહતો, દુકાન, ઓફિસ, કારખાનાઓ, શૈક્ષણિક સંસ્થાઓ,ધર્મસ્થાનકો,ઉપરાંત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં દિવાળી અગાઉના છેલ્લા આઠથી દસ દિવસ પુરજોશમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે.આથી શહેરની બજારોમાં હાલ સફાઈ કામગીરી માટેના સાવરણી, સાવરણા, સીડી, ટેબલ, સફાઈકામદારો, ડસ્ટર, કાચના વાસણના કલીનર, વેકયુમ કલીનર, સાબુ, ડીશવોશીંગ પાવડર, લીકવીડ સહિતના આવશ્યક અને ચોકકસ સાધનો તેમજ કલીનર્સની માંગમાં ઉછાળો આવ્યો છે.

### દીપોત્સવી પર્વ ઝાંપે પહોંચ્યું પણ વરસાદ વિદાયનું નામ નથી લેતો

# આસોમાં અષાઢી માહોલ : જિલ્લાના પાંચ પંથકમાં અર્ધાથી દોઢ ઈંચ ધોધમાર વરસાદ

(એજન્સી) ભાવનગર | તા.20


દીપોત્સવી પર્વ ઝાંપે પહોંચવા આવ્યું છે તેમ છતાં વરસાદ વિદાયનું નામ લઈ રહ્યો ન હોવાથી આસો માસમાં અષાઢી માહોલ સર્જાયો છે. મોડી રાત્રે જિલ્લાના પાંચ તાલુકામાં વીજળીના કડાકા-ભડાકા અને ટાઢાબોળ પવન સાથે અર્ધોથી દોઢ ઈંચ ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેના કારણે વાતાવરણમાં તો ઠંડક પ્રસરી ગઈ હતી. પરંતુ ધરતીપુત્રોના લલાટે કપાસ સહિતના પાકોને નુકશાન થવાની ચિંતાની લકીર તણાઈ હતી. હજુ ત્રણ દિવસની હવામાન વિભાગે આગાહી કરી હોવાથી જિલ્લાવાસીઓને વરસાદથી રાહત મળવાના સંકેતો દેખાતા નથી.ભાવનગર ઉપરાંત વલ્લભીપુર, ઉમરાળા, ઘોઘા અને સિહોર પંથકમાં મધરાત્રિના સમયે અચાનક જ વાતાવરણમાં પલટો આવ્યો હતો. આકાશમાંથી વીજળીના કડાકા-ભડાકા અને મિની વાવાઝોડા જેવા પવન સાથે પાંચેય તાલુકામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભાવનગરમાં સવા અગિયાર બાદ ધીમીધારે વરસાદ શરૂ થયો હતો અને ૧૨ કલાક બાદ ધોધમાર પાણી વરસી જતાં એક ઈંચ જેટલો (૨૪ મિ.મી.) વરસાદ નોંધાયો હતો. જ્યારે વલ્લભીપુરમાં પણ રાત્રિના ૧૨થી ૨ વાગ્યાના અરસામાં ગાજવીજ સાથે અર્ધો ઈંચ જેટલો (૯ મિ.મી.) વરસાદ થયો હતો. ઉમરાળા પંથકમાં પણ રાત્રે ૧૨થી ૨ વચ્ચે વીજ કડાકા અને ભારે પવન સાથે એક ઈંચ જેટલું (૨૧ મિ.મી.) પાણી વરસ્યું હતું. ઘોઘામાં ૧૨થી ૨ વચ્ચે મેઘરાજાએ સટાસટી બોલાવી સવા ઈંચ (૩૦ મિ.મી.) વરસાદ વરસાવ્યા બાદ વહેલી સવારે ૪થી ૬ કલાકના અરસામાં ધીમીધારે ત્રણ મિ.મી. પાણી વરસાવ્યું હતું. તો સિહોરમાં મોડી રાત્રે ૧૨ વાગ્યા પછી વાતાવરણમાં આવેલા પલટા વચ્ચે વીજળીના કડાકા સાથે દોઢ ઈંચ (૩૮ મિ.મી.) વરસાદ થયો હતો.

ગ્રામ્ય વિસ્તારોમાં તોફાની વરસાદના કારણે કપાસ, સોયાબીન સહિતના પાકમાં ખેડૂતોની મહેનત ઉપર પાણી ફરી વળવાની દહેશત ઉભી થઈ છે. તેમાં પણ હજુ ત્રણ દિવસ (૨૨મી ઓક્ટોબર) સુધી જિલ્લામાં વીજળી અને પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગે આગાહી કરી હોય, ધરતીપુત્રોમાં ચિંતા વધી છે.

### સતત ત્રીજા વર્ષે SSCCM કૉલેજ જનરલ ચેમ્પિયન, KPES કૉલેજ રનર્સ અપ


ભાવનગર : મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના યજમાન પદે સતત બીજા વર્ષે યોજાયેલાં ૩૨માં આંતર કૉલેજ સ્પર્ધાત્મક યુવક મહોત્સવ ભાવ સ્પંદનમાં અલગ-અલગ ૩૨ કૃતિઓના પરિણામની જાહેરાત સાથે સ્વામિ સહજાનંદ કૉલેજ ઓફ કોર્મસ એન્ડ મેનેજમેન્ટ (SSCCM) જનરલ ચેમ્પિયન બની હતી. જ્યારે, કેપીઈએસ કૉલેજ રનર્સ અપ જાહેર થઈ હતી. વિજેતાં અને રનર્સ અપ ટીમને મહેમાનોના હસ્તે ટ્રોફી એનાયત કરાતાં વિજેતાઓના વિજયઘોષથી કેમ્પસ ગુંજી ઉઠયું હતું. ગત તા.૧૬ને બુધવારથી શરૂ થયેલાં મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના ૩૨માં આંતર કૉલેજ સ્પર્ધાત્મક યુવક મહોત્સવમાં યુનિ. સંચાલિત અને સલગ્ન વિવિધ ૬૭ શૈક્ષણિક સંસ્થાના ૧૦૪૧ સ્પર્ધકો અલગ-અલગ પાંચ રંગમંચની ૩૧ સ્પર્ધા તથા કલાયાત્રા મળી કુલ ૩૨ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**

તમારી યોજનાઓને સાકાર કરતી વખતે ધ્યાનમાં રાખો કે તમારે તમારી મહત્વકાંક્ષાઓને તમારી મહેનતથી જ પૂરી કરવી પડશે.




**વૃષભ (બ,વ,ઉ)**

આજે મોટાભાગની પ્રવૃત્તિઓ તમારા પક્ષમાં રહેશે, અને કોઈપણ અટકેલા કામ તમારી કુનેહ અને ડહાપણથી પૂર્ણ થશે.




**મિથુન (ક,છ,ઘ)**

તમારા બિનજરૂરી ખર્ચાઓ પર નિયંત્રણ રાખવાથી તમારી કોઈપણ સમસ્યા દૂર થઈ જશે. ઘણા કાર્યોમાં વ્યસ્ત રહેશો.




**કર્ક (ડ,હ)**

કોઈપણ કાર્ય કરતા પહેલા તેની સાથે સંબંધિત પૂરતી માહિતી મેળવી લેવાથી કામ સરળ થઈ જશે. પ્રિયજનોને મળવાથી વિચારોનું આદાન-પ્રદાન થશે.




**સિંહ (મ,ટ)**

કેટલીક સમસ્યાઓ આવશે. પરંતુ તમે તમારા પ્રયત્નોથી તેમને પણ દૂર કરશો. વ્યક્તિત્વને વધુ વધારશો. કેટલાક નવા કામની રૂપરેખા પણ બની શકે છે.




**કન્યા (પ,ઠ,ણ)**

વ્યવસ્થિત દિનચર્યા રહેશે. તમારી મહેનત અને ક્ષમતાના આધારે તમે લાંબા સમયથી ચાલી આવતી કોઈપણ સમસ્યાને ઉકેલવામાં પણ સફળ થશો.




**તુલા (ર,ત)**

બાળકો સંબંધિત કોઈપણ સમસ્યાનો ઉકેલ શોધવાથી તમારા મનમાં સંતોષ રહેશે અને તેની સાથે તમે અન્ય પ્રવૃત્તિઓમાં પણ સારી રીતે ધ્યાન કેન્દ્રિત કરી શકશો.




**વૃશ્ચિક (ન,ય)**

કોઈ અંગત કે પારિવારિક સમસ્યાનો ઉકેલ મળવાથી તમને રાહત મળશે અને તમે તમારા અંગત કામમાં યોગ્ય રીતે ધ્યાન કેન્દ્રિત કરી શકશો.




**ધન (ભ,ધ,ફ)**

આજનો ગ્રહ સંક્રમણ તમારા માટે અણધાર્યા ધનલાભની સ્થિતિ સર્જી રહ્યો છે. તમને લાંબા સમયથી ચાલી રહેલા કોઈપણ તણાવ અને ચિંતામાંથી રાહત મળશે.




**મકર (ખ,જ)**

કેટલીક પ્રતિકૂળ પરિસ્થિતિઓ ઊભી થશે, પરંતુ તમે તમારી ક્ષમતા અને કૌશલ્યથી તેને નિયંત્રિત કરશો. વાતાવરણ જાળવવામાં તમારું પણ વિશેષ યોગદાન રહેશે.



**કુંભ (ગ,શ,સ)**

તમારી વક્તૃત્વ અને કાર્યશૈલીથી લોકો પ્રભાવિત થશે. વધુ પડતી દોડધામ પણ તમને અસર કરશે નહીં. આર્થિક સ્થિતિને વધુ મજબૂત કરવા માટે આ ઉત્તમ સમય છે.



**મીન (દ,ચ,ઝ,થ)**

દિવસ થોડો મધ્યમ રહેશે, પરંતુ ચોક્કસ વ્યૂહરચના સાથે કામ કરવાથી તમને તમારી ઈચ્છા મુજબ સફળતા મળશે. શુભેચ્છકોનું યોગ્ય માર્ગદર્શન રહેશે.

### શનિવારે બુલિયન માર્કેટમાં ચાંદી 1,05,000 રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી હતી

# કરવા ચોથે સોના-ચાંદીની કિંમતમાં બંપર ઉછાળો



(એજન્સી) મુંબઈ | તા 20

ધનતેરસ અને દિવાળીનું પર્વ નજીક છે. આ સ્પેશિયલ પ્રસંગે લોકો સોના અને ચાંદીની ધૂમ ખરીદી કરી રહ્યા છે. આ ઉપરાંત રોકા માટેની પણ યોજના બનાવી રહ્યા છે. જો તમે પણ આ વખતે સોના અને ચાંદીના દાગીના ખરીદવા અથવા આમાં રોકાણ કરવાનું વિચારી રહ્યા હોવ તો આ ખબર તમારી માટે જ છે. આજે રવિવાર 20 ઑક્ટોબર અને કરવા ચોથનું પર્વ છે. ત્યારે બુલિયન માર્કેટમાં સોના અને ચાંદીના ભાવમાં બંપર ઉછાળો જોવા મળી રહ્યો છે. જાણો ત્યારે આજે દેશમાં સોના-ચાંદીના ભાવ. મળતી માહિતી અનુસાર, જો રાજધાની દિલ્હીના બુલિયન માર્કેટમાં વેચાતા સોનાના ભાવની વાત કરીએ તો આજે અહીં સોનાની કિંમતમાં બમ્પર ઉછાળો જોવા મળ્યો છે. તમને જણાવી દઈએ કે ગઈકાલે એટલે કે શનિવારે 22 કેરેટ સોનું 73,400 રૂપિયા પ્રતિ 10 ગ્રામના ભાવે વેચાઈ રહ્યું હતું. આજે તે જ દરે 73,800 રૂપિયામાં વેચવામાં આવશે. જ્યારે 24 કેરેટ સોનાની વાત કરીએ તો ગઈકાલે તે 77,070 રૂપિયા પ્રતિ 10 ગ્રામના ભાવે વેચાઈ રહ્યું હતું. તે આજે 77,490 રૂપિયાના દરે વેચવામાં આવશે. મળતી માહિતી અનુસાર, દેશની રાજધાની દિલ્હીમાં વેચાતા ચાંદીના ભાવની વાત કરીએ તો આજે ચાંદીના ભાવમાં બમ્પર ઉછાળો જોવા મળ્યો છે. તમને જણાવી દઈએ કે શનિવારે બુલિયન માર્કેટમાં ચાંદી 1,05,000 રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી હતી.

## 22 અને 24 કેરેટ સોનામાં શું અંતર છે?

24 કેરેટ સોનું 99.9 ટકા શુદ્ધ હોય છે અને 22 કેરેટ લગભગ 91 ટકા શુદ્ધ હોય છે. 22 કેરેટ સોનામાં 9 ટકા બીજા ધાતુઓ જેવી કે, તાંબુ-ચાંદી, ઝિંક મિક્સ કરી દાગીના તૈયાર કરવામાં આવે છે. જ્યારે 24 કેરેટ સોનું શાનદર હોય છે. પરંતુ તેના દાગીના નથી બનાવી શકાતા. જેથી મોટાભાગના વેપારીઓ 22 કેરેટ સોનું વેચતા હોય છે.

## ગ્રાહકો વધુ લોન લેતા હોવાથી માઈક્રોફાઈનાન્સ સેક્ટર દબાણ હેઠળ




નવી દિલ્હી | માઈક્રોફાઈનાન્સ સેક્ટરમાં વર્તમાન દબાણ અનિયંત્રિત લોન વૃદ્ધિ અને નકલી મતદાર પ્રમાણપત્રોનો ઉપયોગ કરીને ગ્રાહકોને ઘણી લોન આપવાને કારણે છે. જેના કારણે લોન લેનારાઓને એટલી બધી લોન મળી ગઈ છે કે તેઓ તેને ચુકવવામાં અસમર્થ છે. વ્યાપક રીતે કહીએ તો ઉદ્યોગે જાતે જ પોતાના પડકારો ઉભા કર્યા છે. મોતીલાલ ઓસ્વાલ બ્રોકરેજે એક અહેવાલમાં જણાવ્યું હતું કે માઈક્રોફાઈનાન્સ સેક્ટરમાં આ તણાવ નાણાકીય વર્ષ ૨૦૨૫ દરમિયાન પણ ચાલુ રહેશે અને નાણાકીય વર્ષ ૨૦૨૬માં ક્ષેત્ર સામાન્ય સ્થિતિ તરફ આગળ વધવાનું શરૂ કરશે. તપાસ દર્શાવે છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫નો બીજો ક્વાર્ટર સમગ્ર નાણાકીય વર્ષનો સૌથી પડકારજનક ક્વાર્ટર હશે અને નાણાકીય વર્ષ ૨૦૨૫ના પહેલા છ મહિનામાં ક્રેડિટની કિંમત વધુ રહેશે. છેલ્લા ૬ મહિનામાં, જેના કારણે સંપત્તિની ગુણવત્તામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળા દરમિયાન માઈક્રો ફાઈનાન્સ પોર્ટફોલિયોની સંપત્તિની ગુણવત્તા બગડી છે. ૯૦ દિવસથી વધુ સમય માટે ચૂકવણી બાકી જૂન ૨૦૨૪ ના અંતે વધીને ૧.૨ ટકા થઈ ગઈ છે.

### જીવન-સ્વાસ્થ્ય વીમા પ્રિમિયમને કરમુક્ત બનાવવા અંગે દેશમાં લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે

# શૂઝ-ઘડિયાળ મોંઘા, પાણીની બૉટલ અને સાયકલ સસ્તી થશે

(એજન્સી) મુંબઈ | તા 20

GSTને લઈને એક મોટું અપડેટ આવ્યું છે. દેશના વરિષ્ઠ નાગરિકોને ટૂંક સમયમાં ટર્મ લાઈફ અને હેલ્થ ઈન્શ્યોરન્સ પ્રિમિયમ પર ટેક્સમાં છૂટ મળી શકે છે. તે જ સમયે, જૂતા અને ઘડિયાળો જેવા ઉત્પાદનો દેશમાં મોંઘા થઈ શકે છે. જીવન અને સ્વાસ્થ્ય વીમા પ્રિમિયમને કરમુક્ત બનાવવા અંગે દેશમાં લાંબા સમયથી જોરદાર ચર્ચા ચાલી રહી છે. હાલમાં આના પર 18%ના દરે GST વસૂલવામાં આવે છે. હવે આ અંગે એક મોટા સમાચાર આવ્યા છે કે દેશના વરિષ્ઠ નાગરિકો માટે ટર્મ લાઈફ અને હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રીમિયમ ટેક્સ ફ્રી કરી શકાય છે. આ સાથે જૂતા અને ઘડિયાળ પર ટેક્સ વધારી શકાય છે અને પાણીની બોટલ અને સાઈકલ પરનો ટેક્સ ઘટાડી શકાય છે. છેલ્લી વખત GST કાઉન્સિલની બેઠક મળી હતી, ત્યારે વીમા પ્રિમિયમને કરમુક્ત બનાવવા અંગે ચર્ચા કરવા માટે મંત્રીઓના જૂથની રચના કરવામાં આવી હતી. આ સાથે, દેશમાં વિવિધ સામાન અને સેવાઓ પર જીએસટી દરોને તર્કસંગત બનાવવાની ભલામણ કરવા માટે મંત્રીઓની એક સમિતિ પણ બનાવવામાં આવી હતી.




મંત્રીઓનું આ જૂથ શનિવારે મળ્યું હતું અને GST દરોને લઈને એક મોટું અપડેટ આવ્યું છે. બિહારના નાયબ મુખ્યપ્રધાન સમ્રાટ ચૌધરીની અધ્યક્ષતામાં બનેલા મંત્રીઓના જૂથની બેઠકમાં એ વાત પર સહમતિ થઈ છે કે દેશના વરિષ્ઠ નાગરિકો માટે ટર્મ લાઈફ ઈન્સ્યોરન્સ અને હેલ્થ ઈન્સ્યોરન્સનું પ્રીમિયમ કરમુક્ત કરી શકાય છે. એક વરિષ્ઠ સરકારી અધિકારીએ બેઠક બાદ આ માહિતી આપી છે. જો કે, વીમા પ્રીમિયમને કરમુક્ત બનાવવા માટે મંત્રીઓના જૂથ દ્વારા લેવાયેલ નિર્ણય અંતિમ નથી. તેના બદલે, મંત્રીઓનું જૂથ તેની ભલામણો પર GST કાઉન્સિલને રિપોર્ટ સબમિટ કરશે, જ્યાં આ સંદર્ભે અંતિમ નિર્ણય લેવામાં આવશે.

GST કાઉન્સિલ દેશમાં GST સંબંધિત બાબતો પર અંતિમ મંજૂરી આપે છે. તેમાં તમામ રાજ્યોનું પ્રતિનિધિત્વ છે અને દેશના નાણામંત્રી તેની અધ્યક્ષતા કરે છે. મંત્રીઓના જૂથે વરિષ્ઠ નાગરિકો સિવાયની વ્યક્તિઓ માટે GSTમાંથી રૂ. 5 લાખ સુધીના કવરેજ સાથે આરોગ્ય વીમા પ્રિમિયમને મુક્તિ આપવાનો નિર્ણય કર્યો. જ્યારે 5 લાખ રૂપિયાથી વધુના સ્વાસ્થ્ય વીમા પ્રિમિયમ પર 18 ટકા GST લાગશે. જ્યારે વરિષ્ઠ નાગરિકોના સ્વાસ્થ્ય વીમા માટે આવી કોઈ કવરેજ મર્યાદા હશે નહીં. મંત્રીઓના આ જૂથમાં 13 સભ્યો રાખવામાં આવ્યા હતા. જેમાં ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, કેરળ, આંધ્રપ્રદેશ, ગોવા, ગુજરાત, મેઘાલય, પંજાબ, તમિલનાડુ અને તેલંગાણાના મંત્રીઓનો સમાવેશ થાય છે. મંત્રીઓના જૂથે ઓક્ટોબરના અંત સુધીમાં GST કાઉન્સિલને તેનો અહેવાલ સુપરત કરવાનો હતો. આ ઉપરાંત, મંત્રીઓની સમિતિ, જેણે GST દરોને તર્કસંગત બનાવવાની ભલામણ કરી હતી, તેણે 20 લિટર પાણીની બોટલ, સાયકલ અને પ્રેક્ટિસ નોટબુક પર GST દર ઘટાડીને પાંચ ટકા કરવાનો નિર્ણય લીધો હતો.

## વીમા પ્રીમિયમ પર જીએસટીમાં સિનિયર સિટિઝનને મુક્તિની શક્યતા

મુંબઈ | નવી દિલ્હી : ઘણા લાંબા સમયથી જીવન વીમા અને સ્વાસ્થ્ય વીમા પરના પ્રીમિયમ પર સિનિયર સિટિઝન્સને જીએસટીમાંથી મુક્તિ આપવાની માગ થઈ રહી છે. આ માગ હવે પૂરી કરવામાં આવે તેવી શક્યતા છે. જીએસટી પરિષદમાં શનિવારે ગૂરૂપ ઓફ મિનિસ્ટર્સની દિલ્હીમાં એક બેઠક થઈ હતી, જેમાં મોટાભાગના સભ્યોએ આ ભલામણ સ્વીકારવા સહમતિ બની છે. જીવન વીમા અને સ્વાસ્થ્ય વીમાના પ્રીમિયમ પર લાગતા જીએસટીમાંથી સિનિયર સિટિઝન્સને મુક્તિ આપવા અંગેની માગ પર ચર્ચા-વિચારણા કરવા માટે બિહારના નાયબ મુખ્યમંત્રીના અધ્યક્ષપદે ગૂરૂપ ઓફ મિનિસ્ટર્સ (જીઓએમ)ની પહેલી બેઠક શનિવારે મળી હતી. જીઓએમે કર કપાતનો લાભ સામાન્ય માણસને આપવાની ભલામણ કરી હતી. આ બેઠકમાં તમિલનાડુએ સ્વાસ્થ્ય વીમા પર ઈનપુટ ટેક્સ ક્રેડિટ વિના જીએસટી પાંચ ટકા રાખવા માટે ભલામણ કરી છે. બીજીબાજુ જીવન વીમા પર લગાતો જીએસટી શૂન્ય કરવા એટલે કે હટાવવાની ભલામણ કરી હતી. જોકે, અન્ય બધા જ સભ્યોએ સ્વાસ્થ્ય અને જીવન વીમા બંને પર જીએસટી રદ કરવાની ભલામણ કરી છે. આ સિવાય જીઓએમે ટર્મ ફેમિલી ઈન્સ્યોરન્સ માટે પણ જીએસટીમાં છૂટ આપવાની ભલામણ કરી છે. ગૂરૂપ ઓફ મિનિસ્ટર્સમાં સિનિયર સિટિઝનને સ્વાસ્થ્ય વીમા પર જીએસટીથી સંપૂર્ણ મુક્તિ આપવાની જ્યારે અન્ય લોકોને રૂ. ૫ લાખ સુધીના સ્વાસ્થ્ય વીમા પર જીએસટી શૂન્ય કરવા પર સહમતિ બની છે.

### વ્યાજ ખર્ચ નોંધપાત્ર ૨૯% વધતા ૧.૧૩ ટ્રિલિયન ડોલર રહ્યો

# અમેરિકાની બજેટ ખાધ 1.8 ટ્રિલિયન ડોલરની રેકોર્ડ ટોચે

(એજન્સી) મુંબઈ | તા 20

નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે અમેરિકાની બજેટ ખાધ વધીને ૧.૮૩૩ ટ્રિલિયન ડોલર છે, જે કોરોના મહામારી બાદની સૌથી વધુ છે. દેશના દેવા પર વ્યાજની ચૂકવણી જ ૧ ટ્રિલિયન ડોલર કરતા વધુ થતા કુલ બજેટ ખાધમાં રેકોર્ડ વધારો થયો છે. આ સિવાય સામાજિક સુરક્ષા રિટાયરમેન્ટ કાર્યક્રમ, હેલ્થકેર અને સૈન્ય માટે ખર્ચમાં વધારો થતા બેલેન્સશીટ પર દબાણ વધ્યું હતુ. યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટના રિપોર્ટ અનુસાર ૩૦ સપ્ટેમ્બરના રોજ પૂરા થયેલા વર્ષ માટેની ખાધ નાણાકીય વર્ષ ૨૦૨૩માં નોંધાયેલ ૧.૬૯૫ ટ્રિલિયન ડોલરથી ૮ ટકા અથવા ૧૩૮ અબજ ડોલર વધુ રહી છે. બજેટ ખાધનો આ આંકડો અમેરિકાના ઈતિહાસની ત્રીજી સૌથી મોટી ફેડરલ ખાધ હતી. સૌથી વધુ ખાધ કોરોના મહામારી સમયે રાહત કાર્યને કારણે



૨૦૨૦માં ૩.૧૩૨ ટ્રિલિયન ડોલર અને ૨૦૨૧ના નાણાંકીય વર્ષમાં ૨.૭૭૨ ટ્રિલિયન ડોલર રહી હતી. જોકે આ વર્ષની બજેટ ખાધમાં ૩૩૦ અબજ ડોલરનો ઘટાડો આવ્યો છે કારણકે યુએસ સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિ જો બિડેનના વિદ્યાર્થી લોન પ્રોગ્રામ સાથે સંકળાયેલા ૩૩૦ અબજ ડોલરના ખર્ચને અટકાવી દીધો છે. અન્યથા આ વર્ષે ખાધ ૨ ટ્રિલિયન ડોલરની ટોચે પહોંચી હોત. ચોંકાવનારી વાત એ છે કે ભારતમાં બજેટ ખાધ જો જીડીપીના અમુક બેસિસ પોઈન્ટ વધે-ઘટે તો દેશ પર રેટિંગનું જોખમ રહેલું હોય છે ત્યાં બજેટ ખાધ વિશ્વના સૌથી મોટા અર્થતંત્રની ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટના ૬.૪ ટકા સુધી પહોંચી ગઈ છે. એક વર્ષ બજેટ ગેપ દેશની જીડીપીના ૬.૨ ટકા હતું. ઉંચા વ્યાજદરો અને ફાઈનાન્સ માટે વધુ દેવાના સંયોજનને કારણે ટ્રેઝરી ડેટ માટેના વ્યાજ ખર્ચમાં ૨૯ ટકાનો બમ્પર વધારો થયો છે અને તે ૧.૧૩૩ ટ્રિલિયન ડોલર થઈ છે.

**NEWS BRIEF**

## 5 લાખ સુધીનો હેલ્થ વીમો ટેક્સ ફ્રી થશે!

મુંબઈ | સરકારે આરોગ્ય વીમા ક્ષેત્રમાં એક મહત્ત્વપૂર્વ પગલું ભરવાની યોજના બનાવી છે. જેમાં પાંચ લાખ રૂપિયા સુધીનો હેલ્થ ઈન્શયોરન્સ પ્રીમિયમને ટેક્સ મુક્ત કરવાની ભલામણ કરવામાં આવી છે. આ ભલામણને નાણાં મંત્રાલય હેઠળ રચવામાં આવેલા જૂથ જીઓએમ દ્વારા રજૂ કરાયેલું છે, જે દેશના નાગરિકો માટે આરોગ્ય વીમાને સસ્તો અને સુલભ બનાવવાની દિશામાં એક મોટું પગલું મનાઈ રહ્યું છે. GOM એ હેલ્થ ઈન્સ્યોરન્સને લઈને ઘણી મહત્વની ભલામણો કરી છે, જેમાં એક મોટી ભલામણ એ છે કે જો કોઈ વ્યક્તિ 5 લાખ રૂપિયા સુધીનો હેલ્થ ઈન્સ્યોરન્સ લે છે તો તેના પ્રીમિયમ પર કોઈ ટેક્સ લાગશે નહીં. આ ભલામણ સાથે સરકારનો ઉદ્દેશ્ય વધુને વધુ લોકોને સ્વાસ્થ્ય વીમા તરફ પ્રોત્સાહિત કરવાનો અને તેમને સુરક્ષિત બનાવવાનો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં સ્વાસ્થ્ય વીમાની જરૂરિયાત ઝડપથી વધી છે, ખાસ કરીને COVID-19 રોગચાળા પછી. લોકોને સમજાયું છે કે રોગોની સારવાર માટે મોંઘી હોસ્પિટલોમાં દાખલ થવું એ એક મોટો આર્થિક પડકાર બની શકે છે.

## સોલાર પેનલ બનાવતી કંપનીએ એન્કર પાસેથી ભેગા કર્યા 1277 કરોડ

મુંબઈ | સોલાર પેનલ મેન્યુફેક્ચરિંગ કંપનીએ એન્કર ઈન્વેસ્ટર્સ દ્વારા 1277 કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. IPO શુક્રવારે એન્કર રોકાણકારો માટે ખુલ્યો હતો. બીએસઈની વેબસાઈટ પર ઉપલબ્ધ માહિતી અનુસાર, કંપનીએ 92 ફંડ્સને 1503 રૂપિયા પ્રતિ શેરના ભાવે 84.96 લાખ શેર જાહેર કર્યા છે. ગોલ્ડમેન સૅક્સ, અબુ ધાબી ઈન્વેસ્ટમેન્ટ ઑથોરિટી, મોર્ગન સ્ટેન્લી, ધ પ્રુડેન્શિયલ એશ્યોરન્સ કંપની, નેશનલ પેન્શન સર્વિસ, એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ એમએફ, કેનેરા રેબેકા એમએફ, ટાટા એમએફ અને બંધન એમએફએ રોકાણ કર્યું છે. રિટેલ રોકાણકારો 21 ઓક્ટોબરથી 23 ઓક્ટોબર સુધી Waari Energies IPO પર દાવ લગાવી શકશે. કંપનીએ IPO માટે 1427 રૂપિયાથી 1503 રૂપિયાની પ્રાઈસ બેન્ડ નક્કી કરી છે. જો તમે IPO પર રોકાણ કરવાનું વિચારી રહ્યા છો, તો તમને જણાવી દઈએ કે 9 શેરનો લોટ થયો છે. જેના કારણે રોકાણકારોએ ઓછામાં ઓછા 13,527 રૂપિયાની શરત લગાવવા પડશે. રોકાણકારોના દૃષ્ટિકોણથી સારી બાબત એ છે કે ગ્રે માર્કેટમાં કંપનીની સ્થિતિ સારી છે. ઈન્વેસ્ટર્સ ગેઈનના રિપોર્ટ અનુસાર, કંપનીનો આઈપીઓ ગ્રે માર્કેટમાં 1425 રૂપિયાના પ્રીમિયમ પર ટ્રેડ થઈ રહ્યો છે.

### APM ગેસ ફાળવણીમાં તીવ્ર ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે

# APM ગેસ સપ્લાયમાં ઘટાડો થતાં CNGના ભાવમાં વધારો થવાની ભીતિ

(એજન્સી) મુંબઈ | તા 20

ગેઈલ ઈન્ડિયા દ્વારા શહેરની ગેસ વિતરણ કંપનીઓને વહીવટી કિંમત મિકેનિઝમ્સ (APM) ગેસની ફાળવણીમાં તાજેતરમાં ૨૦% થી વધુના ઘટાડાથી સીએનજી (કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ)ના ભાવમાં વધારો થવાની ધારણા છે તેમ એનાલીસ્ટોએ જણાવ્યું હતું. ઈન્દ્રપ્રસ્થ ગેસ અને મહાનગર ગેસ દ્વારા જણાવવામાં આવ્યું છે કે સરકારે ૧૬ ઓક્ટોબરથી APM ગેસ ફાળવણીમાં તીવ્ર ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે, જેમાં ઈન્દ્રપ્રસ્થ ગેસ માટે લગભગ ૨૧% અને મહાનગર ગેસ માટે ૨૦% જે વર્તમાન ૭૨% ના સ્તરે છે. APM ફાળવણીની મર્યાદામાં પહેલેથી જ સતત ઘટાડો થયો છે (FY૨૪ની શરૂઆતમાં ૮૫% થી હવે ૭૨% થી વધુ), જે સૌથી મોટો ઘટાડો છે.

આ ઘટાડાથી કંપનીઓની નફાકારકતા પર અસર થવાની



શક્યતા છે. મહારાષ્ટ્રમાં આવનારી ચૂંટણીઓ એકસાથે ખર્ચમાં વધારો ગ્રાહકો સુધી પહોંચાડવાની તેમની ક્ષમતાને વધુ મર્યાદિત કરતી જોવા મળે છે.જૂના ક્ષેત્રોમાંથી ગેસનું ઓછું ઉત્પાદન અને ઓએનજીસીના પ્લાન્ટમાં ગેસ ડાયવર્ટ કરવા માટે આ ઘટાડો કરવામાં આવી રહ્યો છે. જ્યારે છેલ્લા ૧૨-૧૮ મહિનામાં પ્રાયોરિટી સેગમેન્ટ હેઠળના વોલ્યુમમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. APM ફાળવણીમાં ઘટાડો વધુ મોંઘા હાઈ પ્રેશર હાઈ ટેમ્પરેચર ગેસ અથવા એલએનજી દ્વારા બદલવો પડશે જે સેક્ટર માટે એકંદર ગેસ ખર્ચમાં વધારો કરશે. હાલના સ્તરે યોગદાન માર્જિન જાળવવા માટે, સીએનજીના ભાવમાં કિલો દીઠ આશરે રૂ. ૫ થી ૫.૫૦નો વધારો કરવો પડશે.

# માર્ચ 2025 સુધીમાં વ્યાજ દરમાં 50 બેસિસ પોઈન્ટ્સના ઘટાડાની શક્યતા

(એજન્સી) મુંબઈ | તા 20

નીચો ફુગાવો, મજબૂત વિદેશી હૂંડિયામણ અનામત અને સરકારી બોન્ડ માટે અનુકૂળ માંગ પુરવઠા જેવા હકારાત્મક વાતાવરણને ધ્યાનમાં રાખીને ડિસેમ્બરથી વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવશે. શક્યતા વધી ગઈ છે. જો કોમોડિટીના ભાવ ઝડપથી વધે તો પરિસ્થિતિ બદલાઈ શકે છે તેમ આર્થિક નિષ્ણાંતોએ જણાવ્યું હતું રિઝર્વ બેંકના વલણમાં ફેરફાર મોંઘવારી પરના સાનુકૂળ દ્રષ્ટિકોણને કારણે થયો હોઈ શકે છે. જોકે, આરબીઆઈ ગવર્નરે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ પર ચેતવણી આપી છે. પરંતુ એમ મનાય છે કે બાકીના વર્ષ માટે ફુગાવો તેના અંદાજ ૪.૫ ટકાની નજીક રહેશે. છેલ્લા ૧૨ મહિનામાં કોર ફુગાવો ૪ ટકાથી નીચે છે અને જો આપણે અસ્થિર ઉત્પાદનો, ખાસ કરીને ખોરાક અને બળતણને દૂર કરીએ, તો ફુગાવો માર્ચ ૨૦૨૫ સુધી આરામદાયક લાગે છે. સારા ચોમાસાને કારણે આવતા મહિનાથી ખાદ્યપદાર્થોના ફુગાવામાં ઘટાડો થઈ શકે છે, જેના કારણે પાછલા ક્વાર્ટરમાં કોર ફુગાવો ફરી



ઘટીને ૪.૫ ટકા થઈ શકે છે. દરો માટે મેક્રો આઉટલૂક નીચા ફુગાવો (૪ ટકાના આરબીઆઈના લક્ષ્યની નજીક), મજબૂત બાહ્ય ક્ષેત્ર (૭૦૦ બિલિયન ડોલરનું વિદેશી વિનિમય અનામત) અને સરળ વૈશ્વિક નાણાકીય નીતિ ચક્ર અને સરકારી બોન્ડ્સ માટે અનુકૂળ માંગ અને પુરવઠાની સ્થિતિઓથી સકારાત્મક છે.

# ચોખાની નિકાસ વધારવા નિયમનો વધુ હળવા કરવા સરકારની વિચારણા

(એજન્સી) મુંબઈ | તા 20

દેશમાંથી ચોખાની નિકાસ વધારવા સરકાર ચોખા પરના નિકાસ નિયમનોને વધુ હળવા કરવા વિચારી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી સપ્ટેમ્બરના ગાળામાં ચોખાની નિકાસ મૂલ્યની દ્રષ્ટિએ સાધારણ નીચી રહેતા સરકાર નિકાસ નિયમનો વધુ હળવા કરવા વિચારી રહી હોવાનું બજારના સુત્રોએ જણાવ્યું હતું. નોન બાસમતિ વ્હાઈટ રાઈસની નિકાસ માટે પ્રતિ ટન ૪૯૦ ડોલર લઘુત્તમ નિકાસ ભાવ તથા પારબોઈલ્ડ (ઉકળા) ચોખા પરની દસ ટકા નિકાસ ડયૂટી દૂર કરવા વિચારાઈ રહ્યું છે. જો કે આ માટે સરકાર ખરીફ ચોખાના ઉત્પાદન અંદાજ મેળવ્યા પછી નિર્ણય લેશે. ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ) પાસે હાલમાં વધુ સ્ટોકસ જમા પડયો હોવાને કારણે પણ સરકાર ગોદામમાં બફર સ્ટોક ઊભો કરવા જુના ચોખાનો નિકાલ કરવા ઈરાદો ધરાવે છે. સપ્ટેમ્બરના અંતે જારી કરાયેલા નોટિફિકેશનમાં ઉકળા ચોખા પરની નિકાસ ડયૂટી વીસ ટકા પરથી ઘટાડી દસ ટકા



કરાઈ હતી. જ્યારે નોન-બાસમતિ સફેદ ચોખાની નિકાસ પરનો પ્રતિબંધ ઉઠાવી લેવાયો હતો. તે પહેલા બાસમતિ ચોખાનો પ્રતિ ટન ૯૫૦ ડોલર લઘુત્તમ નિકાસ ભાવ દૂર કરાયો હતો. સાનુકૂળ હવામાનને પરિણામે વર્તમાન વર્ષમાં દેશનું બાસમતિ ચોખાનું ઉત્પાદન ૧૦થી ૧૧ ટકા ઊંચુ ઊતરવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે.વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં ચોખાની નિકાસ ૩.૩૦ ટકા ઘટી ૫૧૨ કરોડ ડોલર રહી છે જે ગયા વર્ષના આ ગાળામાં ૫૨૯ કરોડ ડોલર રહી હતી.

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2079, આસો વદ-04

# તાઈવાન મુદ્દે ચીનની ભારતને લુખ્ખી દાટી


ચીનની માનસિકતા આખી દુનિયા પોતાનું કહ્યું એ પ્રકારની છે તેથી પોતાને અનુકૂળ ના આવે એવું કંઈ પણ બને કે તરત એ લુખ્ખાગીરી પર ઉતરી આવે છે. મુંબઈમાં ન્યુ તાઈપેઈ ઈકોનોમિક એન્ડ કલ્ચરલ સેન્ટર (TECC)ની નવી ઓફિસ ખોલવાને મુદ્દે ચીને શરૂ કરેલી લુખ્ખાગીરી તેનું તાજું ઉદાહરણ છે. ચીને તાઈવાનની ભારતમાં ઓફિસ ખોલવાને મુદ્દે ભારત સામે જોરદાર રાજદ્વારી વિરોધ નોંધાવ્યો છે અને આડકતરી રીતે ધમકી જ આપી દીધી છે કે, ભારતમાં તાઈવાનની ઓફિસને મંજૂરીથી બંને દેશોના સંબંધો પર નકારાત્મક અસર પડશે. ચીનના કહેવા પ્રમાણે તાઈવાન ચીનનું અભિન્ન અંગ હોવાથી ભારતે તાઈવાનને ભારતમાં કોઈ પણ ઓફિસ ખોલવાની મંજૂરી ના આપવી જોઈએ. ચીન વરસોથી વન ચાઈનાનું વાજું વગાડયા કરે છે ને અત્યારે પણ એ જ વાજું વગાડીને કહ્યું છે કે, દુનિયામાં એક જ ચીન છે અને તાઈવાન ચીનનો અવિભાજ્ય હિસ્સો હોવાથી તાઈવાન સાથે કોઈ પણ દેશ તાઈવાન સાથે રાજદ્વારી સંબંધો ધરાવે, અધિકૃત સંપર્કો ધરાવે કે પછી એકબીજાના દેશોમાં ઓફિસ ખોલવા સહિતનાં કામ કરે તેની સામે વાંધો હોય જ છે ને ભારત આ વાંધાને ધ્યાનમાં નહીં લે તો તકલીફ થશે. ભારતે ચીનની ધમકીને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી સાંભળીને કાઢી નાંખી છે. એ બરાબર પણ છે કેમ કે ભારતે કોની સાથે સંબંધો રાખવા ને કોની સાથે ના રાખવા એ ચીન નક્કી ના કરી શકે. ચીને જેની સામે વાંધો લીધો એ ન્યુ તાઈપેઈ ઈકોનોમિક એન્ડ કલ્ચરલ સેન્ટરની ભારતમાં દિલ્હી અને ચેન્નાઈમાં પહેલેથી ઓફિસો છે જ. ભારતે ત્યારે પણ ચીનના વાંધા કે ધમકીને ગણકાર્યાં નહોતાં. એ યોગ્ય પણ છે કેમ કે ચીનને તો હજારો વાત સામે વાંધો હોય છે. ચીન અરૂણાચલને જંગનાન કહીને તેને ચીનનો પ્રદેશ ગણાવે છે તેથી અરૂણાચલમાં કંઈ પણ થાય તો તરત કૂદી પડે છે. આ વર્ષની શરૂઆતમાં આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અરૂણાચલ પ્રદેશની મુલાકાતે ગયા ત્યારે પણ ચીને વાંધો લીધેલો ને ભારત સમક્ષ રાજદ્વારી વિરોધ નોંધાવ્યો હતો.

# મહારાષ્ટ્રનાં ચેકપોસ્ટ ખાતે ગુજરાતની બસ માંથી મુસાફર 37 હજારનો ગુટખાનાં જથ્થા સાથે ઝડપાયો

સુશીલ પવાર ડાંગ.

મહારાષ્ટ્ર રાજ્યમાં તમાકુ ઉત્પાદનો,ગુટકા,પાન મસાલા વગેરે પર પ્રતિબંધ મુકાયો છે.ત્યારે ગુજરાતનાં રાજપીપળાથી નાસિક તરફ જતી એસટી બસમાં સવાર મુસાફર પાસેથી ચેકીંગ દરમ્યાન ગુટખાનો જથ્થો મળી આવ્યો હતો. જે બાદ સમગ્ર મામલો મહારાષ્ટ્રનાં સુરગાણા પોલીસ મથકે પહોંચ્યો હતો.મહારાષ્ટ્ર રાજ્યમાં 15મી ઓક્ટોબરથી વિધાનસભાની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને આદર્શ આચારસંહિતા લાગુ કરવામાં આવી છે.ચૂંટણી પંચનાં આદર્શ આચાર સંહિતાનાં ભાગરૂપે મહારાષ્ટ્ર રાજ્યમાં માર્ગદર્શિકા મુજબ વિવિધ સ્થળોની ચેકપોસ્ટ પર પોલીસ દ્વારા નાકાબંધી કરવામાં આવેલ છે.તેમજ ગુજરાતને જોડતા તમામ આંતર રાજ્ય ધોરીમાર્ગ પર પણ નાકાબંધી કરવામાં આવેલ છે.

ત્યારે ગત તારીખ 17મી ઓક્ટોબરનાં સાંજનાં સુમારે ગુજરાત રાજ્યના રાજપીપળાથી નાસિક જતી એસટી બસ રજી. નં. GJ -18- Z-9816 જે મુસાફરો ભરી નાસિક તરફ જતી હતી. ત્યારે આચારસંહિતાને ધ્યાને રાખી નાસિક - વણી - સાપુતારા હાઈવે પર થાનાપાડા ચેક પોઈન્ટ પર સુરગાણા પોલીસની ટીમ દ્વારા એસટી બસનું ચેકિંગ હાથ ધરાયુ હતુ.ત્યારે એસટી બસમાં સવાર મુસાફર નિલેશ દત્તાત્રેય કોઠવડે (ઉ. વ.32, રહે. ગણેશ નગર, કળવણ, તા.કળવણ મહારાષ્ટ્ર ) પાસેથી થેલાઓમાં વિમલ પાન મસાલા, કરમચંદ, આર એમ ડી, પાન મસાલા,ગુટખા વગેરેનો જથ્થો મળી આવ્યો હતો. જોકે મહારાષ્ટ્ર રાજ્યમાં તમાકુ ઉત્પાદનો, ગુટકા, પાન મસાલા



વગેરે પર પ્રતિબંધ છે.ત્યારે સુરગાણા પોલીસે ગુટખાનો 37,470/- રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.તેમજ નિલેશ દત્તાત્રેય કોઠાવડેની અટકાયત કરવામાં આવી હતી.હાલમાં સુરગાણા પોલીસ મથકનાં પી.આઈ.રાહુલ મોરે,પી. એસ.આઈ.તુલસીરામ ચૌધરી, તથા પોલીસ કર્મીમાં પંડિત ખીરકાડે દ્વારા આ અંગેનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સાગબારાનાં ગંગાપુર ગામે ભારે વરસાદને પગલે નાનકડા ઝરણાંએ નદી જેવું રુદ્ર સ્વરૂપ ધારણ કર્યું

## ભારે વરસાદ અને ભારે પવન ને કારણે સાગબારા ના ગંગાપુર અને કાલબી ગામ વચ્ચે મુખ્ય હાઈવે પર વૃક્ષ ધરસાઈ થયું

ભરત શાહ દ્વારા - રાજપીપળા

હવામાન વિભાગની આગાહી મુજબ નવરાત્રી દરમિયાન વરસાદ સમગ્ર રાજ્યમાં નોંધાયો પરંતુ નર્મદા જિલ્લામાં હજુ પણ વરસાદ અવિરત પડી રહ્યો છે, ત્યારે સાગબારા અને ડેડીયાપાડા વિસ્તારમાં ધોધમાર વરસાદ પડતાં જન જીવન પર તેની માઠી અસર જોવા મળી હતી. તેમજ સાગબારા ના ગંગાપુર ગામે ભારે વરસાદને પગલે નદી ગાંડીતૂર બની હતી.



નર્મદા જિલ્લામાં સોં ટકા થી પણ વધુ વરસાદ અત્યાર સુધી નોંધાઈ ચુક્યો છે, તેમજ નર્મદા જિલ્લાના તમામ મોટા ડેમો ચાલુ વર્ષે છલકાય પણ ચુક્યા છે, પરંતુ ભારે વરસાદ હજુ પણ પડી રહ્યો છે, જેને કારણે જન જીવન પર તેની માઠી અસર જોવા મળી રહી છે.

શનિવારે કાળા ડિબાંગ ઘેરાયેલા વદળોના કારણે બપોર બાદ ધોધમાર વરસાદ પડ્યો હતો, ત્યારે નર્મદા જિલ્લાના સાગબારા અને ડેડીયાપાડા વિસ્તારમાં વધુ વરસાદને કારણે ગંગાપુર ગામે આવેલ સામાન્ય વહેતા ઝરણાએ નદી નું રુદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું, જેને જોવા ગ્રામજનો ઉમટી પડ્યા હતા, જિલ્લામાં વધુ વરસાદને કારણે જન જીવન પર તેની માઠી અસર તો જોવા મળી રહી છે ત્યારે વધુ વરસાદને કારણે ખેડૂતોના પાકને નુકશાની પણ થઈ રહી છે, ભારે વરસાદ અને ભારે પવન ને કારણે સાગબારા ના ગંગાપુર અને કાલબી ગામ વચ્ચે મેઈન હાઈવે પર વૃક્ષ ધરસાઈ થયું છે, અને વધુ વરસાદ પડવા છતાં પણ ગરમી નું પ્રમાણ પણ વધી રહ્યું છે, હાલ તો નર્મદા જિલ્લાના સાગબારા અને ડેડીયાપાડા વિસ્તારમાં ભારે ગાજ વીજ સાથે વરસાદ પડી રહ્યો છે જેને કારણે કમોસમી વરસાદ હોવા છતાં નદી નાળા ફરી એક વાર છલકાય ચુક્યા છે, ત્યારે ખેડૂતો હવે ચિંતામાં મુકાયા છે.

# શિષ્યવૃત્તિની નબળી કામગીરી સંદર્ભે ટી. પી.ઓ દ્વારા ૨૨ શિક્ષકોને નોટીશ આપતાં ચાણસ્મા તાલુકાના શિક્ષકો નારાજ

નિતીન ઠાકર ચાણસ્મા

શિષ્યવ્રતિ માટે જરૂરી પુરાવા ઓ પૈકી આધારકાર્ડ બેંકમાં વાલી કે વિદ્યાર્થીઓનું ખાતુ નહી હોવાથી ઓન લાઈન સિસ્ટમ વારંવાર ખોરવાઈ જતાં શિક્ષકો માટે શિષ્યવૃત્તિ કામગીરી માં થતો વિક્ષેપ શિક્ષકો એ વિદ્યાર્થીઓની શિષ્યવૃતિના કામ માટે બેંકો કે મામલતદાર કચેરીના ધક્કા ખાવા કે શિક્ષણ કાર્ય કરવું રાજ્ય સરકાર દ્વારા પ્રા શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકો ને શિષ્યવૃત્તિ મળે તે દિશામાં રાજ્યભરની પ્રા શાળા ઓ માં આચાર્યો ના માર્ગદર્શન નીચે શિક્ષકોએ શિષ્યવૃતિની ઓન લાઈન કામગીરી કરવા માટે આદેશ કરતાં ચાણસ્મા તાલુકાની પ્રાશાળા ઓ ના આચાર્યો ના માર્ગદર્શન નીચે શાળામાં અભ્યાસ કરતા બાળકો ને



શિષ્યવૃત્તિ મળી રહે તે માટે તાલુકા શિક્ષણાધિકારી દ્વારા આદેશ કરાતાં ૨૨ (બાવીસ) શિક્ષકો દ્વારા શિષ્યવૃત્તિ ની કામગીરી નબળી કરાઈ હોવાના કારણસર નોટીશો ફટકારતાં ચાણસ્મા તાલુકા ના શિક્ષકો માં નારાજગી વ્યાપી જવા પામી છે શિષ્યવૃત્તિની કામગીરી નબળી કરાયા ની ૨૨ શિક્ષકો ને ટીપીઓ દ્વારા ને નોટીસો આપવામાં આવી છે.

# રૂંઢ મોટાભીલવાડા ગામના નદી કિનારે ગયેલ વ્યક્તિ ગુમ થતા પોલીસ ને જાણ કરાઇ

## - ગુમ થયેલ વ્યક્તિ ગામના નદી કિનારે મચ્છી પકડવા ગયા બાદ મળી નહિ આવતા તણાઈ ગયા કે મગર એ શિકાર બનાવ્યા ની શંકા

ભરત શાહ દ્વારા - રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રૂંઢ મોટાભીલવાડા ગામના એક વ્યક્તિ ગુમ થતા તેમના બેન એ રાજપીપળા પોલીસ માં જાણ કરી છે

પ્રાપ્ત વિગતો અનુસાર મથુરભાઈ લક્કડીયાભાઈ



વસાવા ઉ.વ.૪૪ રહે.રૂંઢ મોટા ભીલવાડા નવી વસાહત તા. નાંદોદ જી.નર્મદા નાઓ તા-૧૭/૧૦/૨૦૨૪ ના રોજ સવારે ઘરે થી ગામની કરજણ નદી પર મચ્છી પકડવા ગયા બાદ ઘરે પરત નહિ આવતા પરિવારજનો એ ઘણી શોધખોળ કરવા છતાં ક્યાંય ભાળ નહિ મળતા તેમના બહેન મંજુલાબેન આટીયાભાઈ વસાવા રહે-રૂંઢ મોટા ભીલવાડા નવી વસાહત નાઓ એ પોલીસ ની મદદ માંગી હતી. જોકે પરિવારજનો દ્વારા જાણવા મળ્યા મુજબ મથુરભાઈ મચ્છી પકડવા ગયા બાદ ગામની કરજણ નદી માં ડૂબી ગયા કે નદી માં મગર પણ હોવાથી મગર નો શિકાર બન્યા હશે તેવી શંકા વ્યક્ત કરાઈ રહી છે. ત્યારે હવે રાજપીપળા પોલીસ આ મુદ્દે તપાસ કરી રહી છે.

# ડેડીયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવાએ પીએમ મોદી સાથે ભ્રષ્ટાચાર મુદ્દે ચર્ચા કરવા સમય માંગ્યો

## - સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વર્ષો જૂના પડતર પ્રશ્નો નર્મદા વસાહત, રોજગારી, ટ્રાઈબલ મ્યુઝિયમ, રોડ રસ્તાઓની હાલત, શિક્ષણની હાલત આ તમામ બાબતોને લઈને અમે રજૂઆત કરીશું : ચૈતર વસાવા

ભરત શાહ દ્વારા - રાજપીપળા

ડેડીયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવા એ પીએમ સાથે મુલાકાત નો સમય માંગ્યો છે નર્મદામાં આગમન પહેલા પીએમ સાથે મુલાકાત નો સમય તેમના દ્વારા માગવામાં આવ્યો છે, 31 ઓક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસે પીએમ આવી શકે છે જેથી ચૈતર વસાવા એ ઈમેલ કરીને મુલાકાત માટે સમય માંગ્યો છે. જેમાં નર્મદાના



વિકાસને ધ્યાનમાં રાખી પીએમ અમને એક વખત સાંભળે તેવું કહેવામાં આવ્યું છે, વર્ષો જૂની સમસ્યાનો ઉકેલ નથી આવ્યો તે અંગે રજૂઆત કરવી છે અને ઈન્ફોર્મેશન અને સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારના નવા પ્રોજેક્ટમાં ભ્રષ્ટાચાર થાય છે આ વાતનો પણ તેમના દ્વારા ઉલ્લેખ કરવામાં આવ્યો છે, ટાઈટલ ક્લિયર જમીનો ન હોવા છતાં કામ થાય છે તેવું પણ ચૈતર વસાવા દ્વારા કહેવામાં આવ્યું છે. આ મુદ્દે ચૈતર વસાવા એ કહ્યું કે આપણે નર્મદા જિલ્લામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વર્ષો જૂના પડતર પ્રશ્નો નર્મદા વસાહત ના હોય એની રોજગારીને લઈને હોય કે ટ્રાઈબલ મ્યુઝિયમને લઈને હોય આ વિસ્તારના જે રોડ રસ્તાઓની જે હાલત છે, શિક્ષણની હાલત છે, રોજગારીની હાલત છે તમામ બાબતોને લઈને અમે રજૂઆત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ પાસે સમય માંગ્યો છે. જેમાં ટ્રાયબલ મ્યુઝિયમ જેવા મોટા મોટા પ્રોજેક્ટ આજે પડતર હાલતમાં છે રાતોરાત નવા નવા એટલા બધા પ્રોજેક્ટ લાવે છે અને કોઈપણ જાતની પરવાનગી વગર પૂર્વ મંજૂરી વગર અને કોઈપણ જાતના ટાઈટલ ક્લિયર વગર રાતો રાત ઉભા કરી દેવામાં આવે છે જેમાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારો ચાલુ છે અને થાય છે.

# આહવા વઘઇ માર્ગે ગોઝારો અકસ્માત , ઉભી ટ્રકની પાછળ છોટા હાથી ટેમ્પોની ધડાકાભેર ટક્કર એકનું મોત



સુશીલ પવાર. ડાંગ

આહવા વઘઈ માર્ગે રાત્રી 8 ના સમય ગાળા દરમિયાન વઘઈ રસ્તે આવેલ મુલચોન્ડ ગામ પાસે હનુમાનજી મંદિર નજીક ટ્રક પંચર થયેલ જે ટ્રક ના ચાલક દ્વારા પંચર માટે ટાયર બદલવાનું કામ કરતા હતા એ સમયે વઘઈ તરફથી આહવા જતા પુરપાટ ઝડપે છોટા હાથી ટેમ્પો ચાલક દ્વારા અજાણતા માં ટ્રક ની પાછળ જ ધડાકા ભેર અથડાતા છોટા હાથી માં કંડકટર સીટ સાઈડ બેસેલા મુરલી ભાઈ ગાવીત ને શરીરના ભાગે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા એમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ માં ખસેડવામાં આવ્યા જ્યાં એમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું અને ડ્રાઈવર આહવા સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ જાણવા મળેલ છે. છોટા હાથી વાહન ને જંગી નુકસાન થયું હતું. વધુ માં ઘટના સ્થળે પોલીસ પહોંચી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# રાજપીપળા સિવિલ માં ઇન્ચાર્જ ના રાજકારણ બાદ હવે કેટલાક નર્સિંગ સ્ટાફ દ્વારા સિક્યુરિટી સાથે તાનાશાહી..!!

ભરત શાહ દ્વારા - રાજપીપળા

નર્મદા જિલ્લા ની મોટી કહેવાતી રાજપીપળા સિવિલ હોસ્પિટલ નો નામ બડે ઓર દર્શન ખોટે જેવો ઘાટ જણાય રહ્યો છે કેમ કે એમાં બાદ એક આ હોસ્પિટલ ની લાલિયાવાડી સામે આવે છે અને સંકલન મિટિંગ માં પણ આ મુદ્દે રજૂઆતો થાય છે છતાં ઈન્ચાર્જ ના ભરોશે ચાલતી આ હોસ્પિટલ જાણે મરણપથારી છે અને ઓક્ષિજન પર શ્વાસ લઈ રહેલી જણાય છે થોડાક સમય પહેલા એક મહિલા અને બે



બાળકી બાદ બાળક આવવાનો હોય તે ગર્ભવતી મહિલા ને દુખાવાના ઈન્જેક્શન આપી સુવાડી રાખ્યા બાદ વડોદરા રિફર કરી અને ત્યાં બાળક બાદ માતા નું પણ મોત થવા બાબતે મરનાર મહિલા ના પતિ એ ગાયનેક વોર્ડ ના સ્ટાફ ની ભૂલ હોવાના આક્ષેપ કર્યા હતા તેની શાહી હજુ સુકાઈ નથી ત્યાં હાલમાં ગાયનેક વોર્ડ ની વધુ એક તાનાશાહી જાણવા મળી છે જેમાં ત્યાં ફરજ બજાવતા કેટલાક નર્સિંગ સ્ટાફ દાખલ દર્દીના સગાઓ ને મળવાના સમય ના પણ દાદાગીરી કરે છે અને સમય બાદ ત્યાં મુકેલા સિક્યુરિટી ગાર્ડ ને પણ તેમની આઠ કલાક નો ફરજ દરમિયાન બેસવું નહિ હભા ઊભા જ ડ્યુટી કરવા તાનાશાહી કરે છે તેવી બૂમ સંભળાઈ છે અને એક જ સિક્યુરિટી ગાર્ડ ત્યાં તૈનાત હોય તેની સામે ગાયનેક વોર્ડ માં દસ જેવા રૂમો માં દર્દીઓ દાખલ હોવાથી ગાર્ડ ક્યાં ક્યાં જોશે .? અને જો કોઈ દર્દી ના સગા વોર્ડ માં ઘુસી જાય તો દોષનો ટોપલો સિક્યુરિટી પર આવે જેમાં અમુક નર્સિંગ સ્ટાફ ગાર્ડ સાથે દાદાગીરી કરી અપમાનિત કરવાની વાત પણ સંભળાઈ છે તો આવી તાનાશાહી કરનાર નર્સિંગ સ્ટાફ કોણ છે અને તેમને આ જવાબદારી કોને સોંપી એ બાબતની તપાસ કરી યોગ્ય પગલાં લેવાય તો ગાયનેક વોર્ડ માં દાખલ દર્દીઓ અને અન્ય સ્ટાફ ની સલામતી ચોક્કસ જળવાશે.

# વાવ વિધાનસભા પેટા ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આપ વચ્ચે ત્રિપાંખીયા જંગ ખેલાવવાની સંભાવના

કિરણભાઈ એપા, વાવ થરાદ સુઈગામ

વાવ વિધાનસભા માટે ભાજપ અને કોંગ્રેસના અનેક ઉમેદવારો ટીકીટ મેળવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે વાવ વિધાનસભાની પેટા ચૂંટણી જાહેર થતા જ જિલ્લાનું રાજકારણ ગરમાયું છે. જોકે વાવ વિધાનસભાની સીટ ગુજરાતની હોટ સીટ માનવામાં આવે છે. આથી આ વખતે પેટા ચૂંટણીમાં આ સીટ જીતવા માટે ભાજપ અને કોંગ્રેસ એડીચોટીનું જોર લગાવશે, તો આમ આદમી પાર્ટી પણ ચૂંટણી મેદાનમાં ઝંપલાવશે જેને લઈને આ સીટ ઉપર ત્રિપાંખીયો જંગ ખેલાશે તેવી સંભાવના છે.બીજી બાજુ વાવ વિધાનસભાના મતદારોએ પણ આ વખતે ભાજપ-કોંગ્રેસ નહિ પણ ઉમેદવારને જોઈને મત આપવાનું મન બનાવી લીધું છે, એટલે ભાજપ અને કોંગ્રેસ દ્વારા સક્ષમ ઉમેદવારને જ મેદાને ઉતારીને આ સીટ કબજે કરવા મરણિયો પ્રયાસ કરાશે. વાવ બેઠક ભાજપ માટે જીત કરતાં પ્રતિષ્ઠાનો સવાલ કોંગ્રેસનો ગઢ ગણાતી વાવ બેઠક બચાવવા ગેનીબેનના મરણીયા પ્રયાસ કોંગ્રેસને પોતાનો ગઢ બચાવવો જરૂરી બન્યો છે. ત્યારે વાવ બેઠક ઉપર વિજય માટે ગેનીબેન ઠાકોરે લલકાર કર્યો છે. જેમાં જો અને તો સમીકરણો વચ્ચે ભાજપ વાવ બેઠક જીતી જાય તો ગેનીબેનનું કોંગ્રેસમાંથી કદ થઈ શકે છે અને જો આ બેઠક ઉપર કોંગ્રેસ વિજય મેળવે તો રાજ્યની ભાજપ સરકાર અને સંગઠન માટે શરમજનક ગણી શકાય છે.

# ઉડાન: ભારતીય ઉડ્ડયન ક્ષેત્રમાં સમાવેશિતાની ઉડાન

- (નાગરિક ઉડ્ડયન મંત્રાલય)

## "એક સામાન્ય માણસ જે ચપ્પલ પહેરીને મુસાફરી કરે છે તે પણ પ્લેનમાં જોવા મળે. આ મારું સપનું છે.": પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

જે દેશમાં આકાશ આશા અને આકાંક્ષાનું પ્રતીક છે, ત્યાં ઉડવાનું સ્વપ્ન ઘણા લોકો માટે લક્ઝરી બની રહે છે. આ સપનું 21 ઓક્ટોબર, 2016ના રોજ પ્રાદેશિક કનેક્ટિવિટી સ્કીમ (RCS) - UDAN અથવા "ઉડે દેશ કા આમ નાગરિક"ની શરૂઆત સાથે આકાર લેવાનું શરૂ થયું. નાગરિક ઉડ્ડયન મંત્રાલયની આગેવાની હેઠળ, UDAN નો ઉદ્દેશ્ય ભારતમાં ઓછી સેવા ધરાવતા અને સેવા વિનાના એરપોર્ટ પર પ્રાદેશિક હવાઈ જોડાણ વધારવાનો છે, જેનાથી સામાન્ય લોકો માટે હવાઈ મુસાફરી સસ્તું બને છે. તેની સાતમી વર્ષગાંઠની ઉજવણી, UDAN એ ખાસ કરીને દૂરના વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી સુધારવા માટેની ભારત સરકારની પ્રતિબદ્ધતાનો પુરાવો છે.

સ્વપ્નોની ઉડાન

UDAN ની વાર્તા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનમાં સમાયેલી છે જેમણે રાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન નીતિની જાહેરાત પહેલા એક મહત્વપૂર્ણ બેઠકમાં હવાઈ મુસાફરીને સાર્વત્રિક રીતે સુલભ બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે વિખ્યાતપણે કહ્યું કે તેઓ ચપ્પલ પહેરેલા લોકોને એરોપ્લેનમાં ચડતા જોવા માગે છે, એવી લાગણી કે જેનાથી વધુ સમાવેશી ઉડ્ડયન ક્ષેત્ર માટેનું વિઝન હતું. સામાન્ય માણસના સપના પ્રત્યેની આ પ્રતિબદ્ધતાએ ઉડાનની શરૂઆત કરી.

પહેલી ફ્લાઈટ 27 એપ્રિલ, 2017ના રોજ શિમલાની શાંત પહાડીઓથી દિલ્હીના ખળભળાટ મચાવતા મહાનગર માટે ઉડાન ભરી હતી. આ ઉદઘાટન ફ્લાઈટ ભારતીય ઉડ્ડયનમાં પરિવર્તનશીલ પ્રવાસની શરૂઆત તરીકે ચિહ્નિત કરે છે જેણે અસંખ્ય નાગરિકોના હવાઈ મુસાફરીના સપનાને પૂર્ણ કર્યા.

બજાર સંચાલિત દ્રષ્ટિ

ઉડાન બજાર આધારિત મોડલ પર કામ કરે છે, જ્યાં એરલાઈન્સ ચોક્કસ રૂટ પર માંગનું મૂલ્યાંકન કરે છે અને બિડિંગ દરમિયાન ઑફર્સ સબમિટ કરે છે. આ યોજના એરલાઈન્સને વાયેબિલિટી ગેપ ફંડ (VGF) અને એરપોર્ટ ઓપરેટરો, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા આપવામાં આવતી વિવિધ રાહતો દ્વારા સહાય પૂરી પાડીને વંચિત ક્ષેત્રોને જોડવા પ્રોત્સાહિત કરે છે.

સપોર્ટ સિસ્ટમ

સરકારે ઓછા આકર્ષક રૂટ પર ફ્લાઈટ્સ ચલાવવા માટે એરલાઈન્સને આકર્ષવા માટે ઘણા સહાયક પગલાં લીધા છે:

એરપોર્ટ ઓપરેટર્સ: તેઓ આરસીએસ ફ્લાઈટ્સ માટે લેન્ડિંગ અને પાર્કિંગ ચાર્જ માફ કરે છે, અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) આ ફ્લાઈટ્સ પર ટર્મિનલ નેવિગેશન લેન્ડિંગ ચાર્જ (TNLC) વસૂલતી નથી. આ ઉપરાંત, કન્સેશનલ રૂટ ઓપરેટિંગ એન્ડ ફેસિલિટી ચાર્જ (RNFC) છે.

કેન્દ્ર સરકાર: પ્રથમ ત્રણ વર્ષ માટે, આરસીએસ એરપોર્ટ્સ પર ખરીદેલ એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) પરની એક્સાઈઝ ડ્યુટી 2 ટકા સુધી મર્યાદિત છે. એરલાઈન્સને તેમની પહોંચ વિસ્તારવા માટે કોડ-શેરિંગ કરારો કરવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવે છે.

રાજ્ય સરકારો: રાજ્યો એટીએફ પરનો વેટ દસ વર્ષ માટે એક ટકા કે તેથી ઓછો ઘટાડવા અને નીચા દરે સુરક્ષા, અગ્નિશમન સેવાઓ અને ઉપયોગિતા સેવાઓ જેવી આવશ્યક સેવાઓ પ્રદાન કરવા સંમત થયા છે.

આ સહકાર પદ્ધતિએ એવું વાતાવરણ ઊભું કર્યું છે કે જ્યાં લાંબા સમયથી ઉપેક્ષિત પ્રદેશોની સેવા કરતી વખતે એરલાઈન્સ પ્રગતિ કરી શકે.

ઉડ્ડયન ઉદ્યોગને પ્રોત્સાહન

RCS-UDAN યોજનાએ ભારતમાં નાગરિક ઉડ્ડયન ઉદ્યોગને પુનર્જીવિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. છેલ્લા સાત વર્ષોમાં, આનાથી ઘણી નવી અને સફળ એરલાઈન્સનો ઉદભવ થયો છે. Flybig, Star Air, IndiaOne Air અને Fly91 જેવી પ્રાદેશિક એરલાઈન્સને આ યોજનાનો લાભ મળ્યો છે. આ એરલાઈન્સે ટકાઉ બિઝનેસ મોડલ વિકસાવ્યા છે અને પ્રાદેશિક હવાઈ મુસાફરી માટે વધતા વ્યવસાયમાં યોગદાન આપ્યું છે.

સ્કીમના ધીમે ધીમે વિસ્તરણને કારણે તમામ કદના નવા એરક્રાફ્ટની માંગ વધી છે, જેના કારણે RCS રૂટ પર એરક્રાફ્ટની સંખ્યામાં વધારો થયો છે. આમાં એરબસ 320/321, બોઈંગ 737, ATR 42 અને 72, DHC Q400, ટ્વિન ઓટર, એમ્બ્રેર 145 અને 175, Tecnam P2006T, Cessna 208B Grand Caravan EX, Dornier Bell 2210, Airbus 22307 જેવા વૈવિધ્યસભર વિમાનોનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, ભારતીય એરલાઈન્સે આગામી 10-15 વર્ષમાં ડિલિવરી માટે 1,000થી વધુ એરક્રાફ્ટનો ઓર્ડર આપ્યો છે, જે અંદાજે 800 એરક્રાફ્ટના હાલના કાફલામાં નોંધપાત્ર વધારો કરશે.

પ્રવાસનને પ્રોત્સાહન

RCS-UDAN માત્ર ટિયર-2 અને ટાયર-3 શહેરોને છેલ્લી માઈલ કનેક્ટિવિટી પૂરી પાડવા માટે સમર્પિત નથી; તે પ્રવાસન ક્ષેત્રે ઝડપી વિકાસમાં પણ મદદરૂપ છે. UDAN 3.0 જેવી પહેલોએ ઉત્તર પૂર્વીય ક્ષેત્રમાં બહુવિધ સ્થળોને જોડતા પ્રવાસી માર્ગો શરૂ કર્યા છે જ્યારે UDAN 5.1 પહાડી વિસ્તારોમાં પ્રવાસન, આતિથ્ય અને સ્થાનિક આર્થિક વિકાસને વેગ આપવા માટે હેલિકોપ્ટર સેવાઓના વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ખજુરાહો, દેવઘર, અમૃતસર અને કિશનગઢ (અજમેર) જેવા મહત્વના સ્થળો હવે વધુ સુલભ છે. આ ધાર્મિક પર્યટનની માંગને પૂર્ણ કરે છે. તદુપરાંત, પાસીઘાટ, જૈરો, હોલોંગી અને તેજૂ ખાતે એરપોર્ટ ખોલવાથી ઉત્તર-પૂર્વના પ્રવાસન ઉદ્યોગને વેગ મળ્યો છે. નોંધનીય છે કે લક્ષદ્વીપમાં પ્રવાસનને વેગ આપનાર અગતી દ્વીપ પરથી હવાઈ સેવા પણ શરૂ કરવામાં આવી છે.

હવાઈ સંપર્કને પ્રોત્સાહન

ગુજરાતના મુંદ્રાથી અરુણાચલ પ્રદેશના તેજૂ અને હિમાચલ પ્રદેશના કુલ્લુથી તામિલનાડુના સેલમ સુધી, RCS-UDAN એ સમગ્ર દેશમાં 34 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જોડ્યા છે. UDAN હેઠળ કુલ 86 એરપોર્ટ લોન્ચ કરવામાં આવ્યા છે, જેમાં ઉત્તર-પૂર્વ ક્ષેત્રમાં દસ એરપોર્ટ અને બે હેલીપોર્ટનો સમાવેશ થાય છે. દરભંગા, પ્રયાગરાજ, હુબલી, બેલગામ અને કન્નુર જેવા એરપોર્ટ પરથી ફ્લાઈટ્સની સંખ્યામાં વધારો થયો છે, અને ઘણી નોન-આરસીએસ કોમર્શિયલ ફ્લાઈટ્સ પણ આ સ્થાનોથી કાર્યરત છે.

ઊંચી ઉડાન: ઉડ્ડયન અંતર્ગત કેટલાક એરપોર્ટ

દરભંગા એરપોર્ટ (સિવિલ એન્ક્લેવ): દરભંગાએ 9 નવેમ્બર, 2020ના રોજ દિલ્હીથી તેની પ્રથમ ફ્લાઈટના આગમનની ઉજવણી કરી, ત્યાર બાદ અહીંથી હવાઈ સેવાઓ બંધ કરવામાં આવી હતી. એરપોર્ટ હવે દિલ્હી, મુંબઈ, હૈદરાબાદ અને કોલકાતા જેવા મોટા શહેરોને જોડતા ઉત્તર બિહારના 14 જિલ્લાઓના પ્રવેશદ્વાર તરીકે સેવા આપે છે અને નાણાકીય વર્ષ 2023-24માં 5 લાખથી વધુ મુસાફરોનું સંચાલન કરે છે.

ઝારસુગુડા એરપોર્ટ (AAI એરપોર્ટ): બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જર્જરિત એરસ્ટ્રીપ ઝારસુગુડાથી માર્ચ 2019માં હવાઈ સેવાઓ શરૂ થઈ હતી. તે ઓડિશાનું બીજું એરપોર્ટ છે. તે હવે આ પ્રદેશને દિલ્હી, કોલકાતા, બેંગલુરુ અને ભુવનેશ્વર સાથે જોડે છે. નાણાકીય વર્ષ 2023-24માં અહીંથી 2 લાખથી વધુ લોકોએ મુસાફરી કરી હતી.

પિથોરાગઢ એરપોર્ટ: હિમાલયમાં આવેલું આ એરપોર્ટ 2018માં RCS ઓપરેશન્સ માટે પસંદ કરવામાં આવ્યું હતું અને જાન્યુઆરી 2019માં અહીંથી હવાઈ સેવાઓ શરૂ થઈ હતી. હાલમાં અહીંથી દહેરાદૂન અને પંતનગર માટે હવાઈ સેવા ઉપલબ્ધ છે. આ તેનું વ્યૂહાત્મક મહત્વ દર્શાવે છે.

તેજૂ એરપોર્ટ: પ્રાકૃતિક સૌંદર્ય અને ધાર્મિક મહત્વ માટે પ્રખ્યાત તેઝુ એરપોર્ટ પરથી ઓગસ્ટ 2021માં RCS ઓપરેશન શરૂ થયું. તે ગુવાહાટી, જોરહાટ અને ડિબ્રુગઢને જોડે છે. નાણાકીય વર્ષ 2023-24માં અહીંથી લગભગ 12,000 મુસાફરોએ મુસાફરી કરી હતી.

સામાન્ય નાગરિકો માટે ફેરફારો

UDAN યોજના હેઠળ ભારતીય ઉડ્ડયન ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. હેલિકોપ્ટર રૂટ સહિત 601 રૂટ શરૂ કરવામાં આવ્યા છે જે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જોડે છે. નોંધનીય છે કે આમાંથી લગભગ 28 ટકા માર્ગો સૌથી દૂરના સ્થળોને જોડે છે. આનાથી દુર્ગમ વિસ્તારોમાં પ્રવેશ સુનિશ્ચિત થયો છે.


દેશમાં કાર્યરત એરપોર્ટની સંખ્યા 2014માં 74થી વધીને 2024માં 157 થઈ ગઈ છે અને 2047 સુધીમાં આ સંખ્યા વધારીને 350-400 કરવાનું લક્ષ્ય છે. છેલ્લા એક દાયકામાં ડોમેસ્ટિક એર પેસેન્જર્સની સંખ્યામાં બમણાથી વધુ વધારો થયો છે. ભારતીય એરલાઈન્સે પણ તેમનો કાફલો નોંધપાત્ર રીતે વિસ્તાર્યો છે. કુલ 86 એરપોર્ટ કાર્યરત કરવામાં આવ્યા છે - જેમાં 71 એરસ્ટ્રીપ્સ, 13 હેલીપોર્ટ અને 2 વોટર એરપોર્ટનો સમાવેશ થાય છે. તેઓ 2.8 લાખથી વધુ ફ્લાઈટ્સ પર 1.44 કરોડથી વધુ મુસાફરોની મુસાફરીની સુવિધા આપે છે. તેમની શરૂઆતથી, ફિક્સ્ડ-વિંગ ઓપરેશન્સે અંદાજે 112 કરોડ કિલોમીટરનું કુલ અંતર કવર કર્યું છે જે લગભગ 28,000 વખત વિશ્વની પરિક્રમા કરવા બરાબર છે.

નિષ્કર્ષ: સમાવેશિતાનું એક પ્રમાણ

ઉડવું એ માત્ર એક યોજના નથી; આ એક આંદોલન છે જેનો ઉદ્દેશ્ય દરેક ભારતીય માટે હવાઈ મુસાફરી સુલભ બનાવવાનો છે. વધતી પ્રાદેશિક કનેક્ટિવિટી અને સસ્તું હવાઈ મુસાફરી સાથે, અસંખ્ય નાગરિકોની હવાઈ મુસાફરીની આકાંક્ષા પૂર્ણ થઈ છે. આનાથી આર્થિક વિકાસ અને રોજગાર સર્જનને પણ પ્રોત્સાહન મળ્યું છે. જેમ જેમ ઉડાનનું વિસ્તરણ થાય છે તેમ, તે ભારતના ઉડ્ડયન લેન્ડસ્કેપને બદલવાનું વચન આપે છે. આ ખાતરી કરે છે કે આકાશ ખરેખર બધા માટે મર્યાદા છે. UDAN યોજના અન્ડરસેવ્ડ વિસ્તારોને જોડવા અને પર્યટનને પ્રોત્સાહન આપવા માટે તેની સતત પ્રતિબદ્ધતા સાથે ભારતીય ઉડ્ડયન ક્ષેત્ર માટે મહત્ત્વપૂર્ણ છે જે ભારતની એકબીજા સાથે જોડાયેલા પ્રદેશ અને સમૃદ્ધ રાષ્ટ્રના વિઝનમાં નોંધપાત્ર યોગદાન આપે છે.

# હિન્દુ અને શીખ રાજાઓએ અફઘાનિસ્તાન પર રાજ કર્યું હતું

ચોથી સદીમાં સમ્રાટ અશોકના સામ્રાજ્ય વખતે તક્ષશિલા અને કંદહાર શહેરો વેપાર અને શિક્ષણ માટેના મહત્ત્વનાં કેન્દ્ર હતાં. એ વખતે આજનું આખું અફઘાનિસ્તાન અને ઉત્તર પાકિસ્તાન ગાંધાર તરીકે ઓળખાતું. અનેક સદીઓથી અફઘાનિસ્તાનમાં ભારતીય સંસ્કૃતિની ઘણી અસર જાવા મળે છે. અનેક ભારતીય હિન્દુ અને શીખ રાજાઓએ આ ધરતી પર રાજ કર્યું હતું. પંજશીર ખીણ નામ હકીકતમાં પંજાબી ભાષા પરથી જ પડયું છે જેનો અર્થ થાય છે, પાંચ સિંહોની ખીણ. મધ્ય અને પશ્ચિમ એશિયાના શાસકોને અફઘાનિસ્તાનમાંથી ભારત ઉપર આક્રમણ કરવાનું બહુ આસાન પડતું હતું. એલેકઝાંડર ધ ગ્રેટ અફઘાનિસ્તાન માર્ગે જ આવ્યો હતો અને ભારત ઉપર ચડાઈ કરી હતી. એવી જ રીતે, હુણ, તુર્ક અને આરબ રાજાઓએ પણ આ જ વિસ્તારમાં ઘૂસી આવીને ભારત પર આક્રમણ કર્યું હતું અને ત્યાં ઈસ્લામ ધર્મની સ્થાપના કરી હતી. પ્રકાશની ઝડપ સેકન્ડના ૧,૮૬,૨૮૨ માઈલની છે એ વિજ્ઞાનના વિદ્યાર્થીઓને ખબર હશે. આ ઝડપે પ્રકાશ એક વર્ષમાં જેટલું અંતર કાપે એને એક પ્રકાશવર્ષ કહેવાય. અવકાશી અંતરો પ્રકાશવર્ષમાં મપાય છે. પૃથ્વીથી સૌથી નજીકનો તારો (સૂર્ય સિવાયનો) ચાર પ્રકાશવર્ષ દૂર છે. આપણે અવકાશી દૂરબીનમાં એ તારાને જાઈએ ત્યારે ખરેખર તો એ તારાનું ચાર વર્ષ પહેલાંનું દ્રશ્ય જોતા હોઈએ છીએ, કારણ કે એના પ્રકાશને અહીં સુધી પહોંચતાં ચાર વર્ષ લાગે છે. આ તો થઈ નક્કર વિજ્ઞાનની વાત. હવે વિજ્ઞાનના પાયા પર થોડીક ફેન્ટસી ઊભી કરીએ. ધારો કે પ્રકાશ કરતાં ચાલીસ-પચાસની ઝડપે આપણે પ્રવાસ કરીને પાંચ હજાર પ્રકાશવર્ષ દૂરના તારા પર પહોંચી જઈએ (માત્ર ધારવાનું, કારણ કે ઘણા વૈજ્ઞાનિક કારણોસર અત્યારે તો એ શક્ય નથી) અને ધારો કે ત્યાંથી આપણે આપણી પ્યારી પૃથ્વીને નિહાળીએ તો પાંચ હજાર વર્ષ પહેલાંની પૃથ્વીનું દ્રશ્ય દેખાય. એટલે કે (મહાભારતનું યુદ્ધ પાંચ હજાર વર્ષ પહેલાં થયેલું એવું માનીએ તો) આપણે એ તારા પરથી પૃથ્વી પર ચાલતું મહાભારતનું યુદ્ધ જાઈ શકીએ.




## વોશિંગ્ટનની શાળાના પ્રિન્સિપાલ શરત હારીને પણ જીતી ગયા

પોતાના વિદ્યાર્થીઓ ભણવામાં સારો દેખાવ કરે એ માટે કોઈ પ્રિન્સિપાલ કેટલો ભોગ આપે? વોશિંગ્ટનની એડમન્ડ્સ માધ્યમિક શાળાના પ્રિન્સિપાલ લી એલન સમગ્ર સ્કૂલ માટે માથાનો દુખાવો બની ગયેલા વિદ્યાર્થી નીક લેવિન સામે શરત હારી ગયા હતા પરિણામે એમને પોતાના માથાના વાળ ગુલાબી રંગથી રંગાવવા પડયા હતા. જોકે તેઓ શરત હારવા છતાં જીતી ગયા હતા, કારણ કે પેલો તોફાની નીક હવે ભણવામાં એકદમ હોશિયાર થઈ ગયો છે અને વર્તનમાં પણ સુધરી ગયો છે. નીકે એના પ્રિન્સિપાલ સાથે શરત લગાવી હતી કે જા તે બધા વિષયમાં 'એ' ગ્રેડ લાવે તો તેઓ એમના માથાના વાળ ગુલાબી રંગથી રંગાવશે ખરા? એલનને એ પડકાર ઝીલી લીધો હતો. એમના આશ્ચર્ય વચ્ચે નીકે જોરદાર મહેનત કરી અને બધાય વિષયમાં 'એ' ગ્રેડ લઈ આવ્યો. ''એનો દેખાવ જાઈને હું તો છક થઈ ગયો. હું હેરડ્રેસર પાસે ગયો અને મારા વાળ ગુલાબી રંગથી રંગાવ્યા,'' એમ એલને કહ્યું. એ પછી તેઓ શર્ટ અને પેન્ટ પણ ગુલાબી રંગનું પહેરીને નીકની સાથે ગર્વથી બધા ક્લાસમાં ફર્યા અને તેની સિદ્ધિને બિરદાવી.

## ભારતનું ઈસબગુલ હવે વિદેશમાં પણ લોકપ્રિય

ઈસબગુલથી લોહીનું કૉલેસ્ટરોલ ઘટે છે અને હૃદયરોગ થતો નથી તેવી વૈજ્ઞાનિક શોધ થઈ છે. ગુજરાત - સૌરાષ્ટ્રના વૈદ્યો કબજિયાત, મરડા અને ધાતુપુષ્ટિ માટે ઈસબગૂલને દૂધમાં કે ખાંડ સાથે ખાવાની ભલામણ કરતા હતા. પણ અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ્ઝ ખાતાએ ઈસબગૂલને હૃદયરોગ માટે રાહતરૂપ માન્ય કર્યું છે. અમેરિકાના સવારના નાસ્તામાં દર ત્રીજા કે ચોથા ઘરે ઈસબગૂલમાંથી બનાવેલી પેદાશો બ્રેકફાસ્ટરૂપે ખવાઈ રહી છે. તેને હેલ્થ ફૂડ ગણવામાં આવે છે. કોડલીવર ઓઈલની ઘેલછા શાંત થયા પછી અમેરિકામાં પ્રથમ વાર ઈસબગૂલની ઘેલછા શરૂ થઈ છે. સિદ્ધપુર વિસ્તારના ખેડૂતોને રાઈ અને જીરાના પાક કરતાં ઈસબગૂલની ખેતીમાં વધુ વળતર મળી રહે છે. સદીઓથી ભારતમાં મરડા અને કબજિયાત માટે વપરાતું ઈસબગૂલ હવે ફેશનેબલ દવા જેવું બની ગયું છે. દેશી વૈદામાં તો કિડની અને પેટનાં ચાંદા માટે તેમ જ રક્તસ્ત્રાવ માટે પણ ઈસબગૂલ વપરાય છે. ઈસબગૂલને અમેરિકાના ઔષધખાતાએ મંજૂરી આપતાં વૈદ્યો બેધડક આ બધા રોગો માટે ઈસબગૂલની વૈજ્ઞાનિક દ્રષ્ટિએ ભલામણ કરી શકે છે.

## અમૃત ગણાતું દૂધ, રોગ ફેલાવવાનું માધ્યમ પણ બની શકે છે

દૂધમાં પાણી ભેળવવામાં આવે છે એ હકીકત આપણને પચી ગઈ છે, પણ ન પચે એવી વાસ્તવિકતા એ છે કે દૂધમાં જે પાણી ઉમેરવામાં આવે છે તે ઘણી વાર એટલું ગંદું હોય છે કે તેના વડે સ્નાન કરવાથી ચામડીના રોગો થઈ શકે. દૂધમાં પાણી ઉપરાંત યુરિયા, કોસ્ટિક સોડા, હાઈડ્રોજન પેરોક્સાઈડ, ડિટરજન્ટ્સ, લોટ, સ્ટાર્ચ વગેરે જેવા અનેક પદાર્થો ઉમેરવામાં આવે છે. આ બધા પદાર્થો કેન્સર જેવી ભયંકર બીમારીઓથી માંડીને બીજી અનેક નાની-મોટી શારીરિક વ્યાધિઓના કારણ બની શકે છે. આ ઉપરાંત, ઝેરી જીવાણુઓને પણ પોષણ અને સંવર્ધન માટે દૂધ સૌથી પ્રિય હોય છે એટલે જરાક બેદરકારી રાખવામાં આવે તો દૂધ રોગ ફેલાવતું માધ્યમ બની રહે છે. વળી, ઘણા પશુ પાલકો વધુ દૂધ મેળવવા માટે દિવસમાં બે વાર, સહેજ પણ દયા ખાધા વગર ગાય-ભેંસોને ઓક્સિટોસિનનાં ઈન્જેકશનો મારતા હોય છે. તેના પરિણામે ઢોરનું દૂધ તો વધે છે પણ એ દૂધમાં ઓક્સિટોસિનના જે અંશો હોય છે તે માણસની કિડની અને લીવર માટે જાખમી પૂરવાર થતા હોવાનું જાણવા મળ્યું છે. આટલાં જાખમો ઓછાં હોય તેમ, ગાય-ભેંસ જે ચારો ખાય છે તે ચારામાં જંતુનાશક દવાઓના અંશો હોય છે અને એ ઝેરી દવાઓ દૂધાળા ઢોરના શરીરમાં ગયા બાદ મળ-મૂત્રરૂપે નહીં, પરંતુ દૂધરૂપે જ બહાર આવી શકે છે.

# સતર્ક ના રહ્યા તો ઘડપણ ત્રીસીમાં કે ચાલીસીમાં પણ ત્રાટકી શકે

એક જમાનામાં મોતિયો, આર્થરાઈટિસ, હાર્ટ-એટેક્સ, યાદશક્તિની તકલીફો, બહેરાશ વગેરે સમસ્યાઓ વૃદ્ધાવસ્થા પૂરતી સીમિત હતી અથવા એમ કહોને કે ઘડપણની સમસ્યાઓ તરીકે વર્ગીકૃત થતી. આજે આ સમસ્યાઓને અને ઉંમરને કંઈ લેવા-દેવા રહી નથી. ચાલીસ વર્ષે પણ મોતિયો આવી શકે અને પાંત્રીસ વર્ષે ઘૂંટણ કે થાપાના સાંધાઓ પણ બદલવા પડે! હાર્ટ-એટેક તો હવે ગમે તે ઉંમરે ત્રાટકી શકે અને યાદશક્તિના પ્રશ્નો તો હવે રોજિંદા બનતા જાય છે! પુખ્તવયે દેખા દેતું ડિપ્રેશન હવે છ-સાત વર્ષના બાળકોમાં પણ જોવા મળે છે!! નિયમિત વાંચન અને સમાચારો સાથે જોડાયેલી વ્યક્તિઓએ આ બદલાવ નોંધમાં લીધો હશે પરંતુ બહુ જૂજ એવા હશે કે જેમણે એના વિશે ચિંતન પણ કર્યું હશે. મારે અહીં, અકાળે પેદા થતી આ સમસ્યાઓના કારણોમાં નથી પડવું કારણ કે ચર્ચા કરવા જઈએ તો જીવનશૈલી, આધુનિક ટેકનોલોજી, સોશિયલ મીડિયાથી લઈને ક્લાઈમેટ ચેન્જની પાર પણ અનેક બાબતોને તપાસવી પડે! પરંતુ એક વાત સ્વીકારવી રહી કે સતર્ક ના રહ્યા, જીવનશૈલી પર ધ્યાન ના આપ્યું તો ઘડપણ ગમે ત્યારે ત્રાટકી શકે, ભલે પછી તમે ત્રીસીમાં હોવ કે ચાલીસીમાં !

બે સપ્તાહ પહેલા આપણે અહીં 'બ્રેઈન ફોગ' વિશે વાત કરી હતી ત્યારે અંતમાં મેં એવું કહ્યું હતું કે આજે જે 'બ્રેઈન ફોગ' છે તે આવતીકાલે કદાચ 'ડિજિટલ ડિમેન્શિયા'નું સ્વરૂપ લે તો નવાઈ નહીં. સરળ શબ્દોમાં સમજાઉં તો આ ડિમેન્શિયા એટલે મગજના ચેતાકોષોનો ઘસારો, જે સામાન્ય રીતે સિત્તેરના દાયકા પછી દેખા દે. પરંતુ આજે આ વાત જૂની થઈ ગઈ, ઘડપણની બીજી સમસ્યાઓની જેમ આજે ડિમેન્શિયા પચાસના દસકામાં પણ જોવા મળે છે અને ક્યારેક તો ચાલીસીમાં પણ!! ડિજિટલ ગેજેટ્સના સ્ક્રીન ઉપર કલાકો લટકેલા રહેવાથી મગજમાં લોહીના પરિભ્રમણની ગરબડો



સર્જાય છે, મગજનો ડાબો ભાગ વધુ શ્રમ કરે છે અને સરખામણીએ જમણો ભાગ નવરો રહે છે. એક સાથે જરૂર કરતા વધુ માહિતીનો મારો, મલ્ટી-ટાસ્કિંગ, ધ્યાનનું સતત વિચલિત થતા રહેવું વગેરે મગજને થકવી નાખે છે. અધૂરામાં પૂરું. છેક સૂતા સુધી મંગજ મોબાઈલમાં એક્ટિવ અને ઉઠતાની સાથે પણ મોબાઈલ, વચમાં જો ઉઠી જવાય તો પણ મોબાઈલ! મગજને સાચા અર્થમાં આરામ ક્યારે મળે?! મગજના આ અતિશ્રમને પરિણામે, યાદશક્તિમાં ઘટાડો, ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલીઓ, કોઈપણ કાર્યમાં એકાગ્ર રહેવામાં ગરબડ અને ધીમી પડી જતી અન્ય માનસિક ક્રિયાઓની સમસ્યાઓ રોજીંદી બની જાય છે. ડિજિટલ ધુમ્મસમાં જાણે મગજની ક્રિયાઓ ધૂંધળી થાઈ જાય અને લાંબે ગાળે મગજની ક્ષમતા કાયમી સ્તરે ઘટી જાય. કસમયે અને કાચી વયે મગજ હાંકવા માંડે ત્યારે ડિજિટલ ડિમેન્શિયા ડોકિયાં કરવા માંડે. એક અંદાજ પ્રમાણે ભારતીયો સરેરાશ રોજના પાંચ-છ કલાક મોબાઈલ પર રહે છે. મોબાઈલ, ટેબ્લેટ કે લેપટોપ પર કરવાના અને ના કરવાના કામોમાં સતત વળગેલો વર્ગ આ ડિજિટલ ડિમેન્શિયાના જોખમમાં છે.

આટલું વાંચીને ઘણી વ્યક્તિઓને થશે કે આ આપણી વાત નથી. આપણે તો ડિજિટલી એટલા વ્યસ્ત ક્યાં રહીએ છીએ? મારી દ્રષ્ટિએ કોઈપણ સબ સલામતની વાત કરતા પહેલા આ પ્રશ્નો પર વિચાર કરવો. તમે કેટલી વાર ભૂલી જાઓ છો કે તમે તમારો ફોન અથવા કોઈ ચોક્કસ એપ્લિકેશન શા માટે ખોલી? તમે કેટલી વાર રૂમમાં જાઓ છો અને ભૂલી જાઓ છો કે તમે ત્યાં શા માટે ગયા છો? તમે હાથમાં રહેલા કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે કેટલી વાર સંઘર્ષ કરો છો? શું તમને કંઈક વાંચતી વખતે કે જોતી વખતે એકાગ્રતામાં રહેવું પડકારજનક લાગે છે? તમે અઠવાડિયામાં કેટલી વાર એપોઈન્ટમેન્ટ અથવા મહત્વની તારીખો ભૂલી જાઓ છો? વાતચીતમાં તમે કેટલી વાર નામ અથવા મહત્વની વિગતો ભૂલી જાઓ છો? શું તમને નાના નાના નિર્ણયો લેવાનું પણ ક્યારેક મુશ્કેલ લાગે છે? તમે કેટલી વાર થોટ-બ્લોક્સ અનુભવો છો જ્યાં તમે કંઈપણ વિચારી શકતા નથી? શું તમે વારંવાર વાતચીત અથવા કાર્યની વચ્ચે તમારા વિચારોની શૃંખલા અટકી કે તૂટી જતી અનુભવો છો? નોંધપાત્ર માનસિક પ્રયત્નો કર્યા વિના તમે અવારનવાર માનસિક રીતે થાક અનુભવો છો? શું તમને પ્રવૃતિઓ દરમિયાન તમારું મન સરળતાથી ભટકતું કે ઝોન આઉટ થતું જણાય છે? માનસિક સ્પષ્ટતાના અભાવને કારણે તમને સમયસર કાર્યો પૂર્ણ કરવામાં કેટલી વાર મુશ્કેલી પડે છે ? શું તમે ચર્ચા દરમિયાન તમારા વિચારો સ્પષ્ટ પણે વ્યક્ત કરવામાં સંઘર્ષ કરો છો ? સ્પષ્ટ રીતે વિચારવામાં તમારી અસમર્થતાને કારણે તમે કેટલી વાર હતાશા અથવા બેચેની અનુભવો છો ? શું તમને માનસિક સ્પષ્ટતાના અભાવે કાર્યક્ષમતાથી કાર્ય પૂર્ણ કરવું પડકારજનક લાગે છે ? તમે રાત્રે ગાઢી ઊંઘ લઈ શકો છો ? આમ તો આ લિસ્ટ હજુ લાંબુ થઈ શકે પરંતુ ટૂંકમાં કહું તો આ બધા સવાલો 'બ્રેઈન ફોગ'ને લગતા છે અને જો યોગ્ય પગલાં ના લેવાય તો લાંબે ગાળે ડિજિટલ ડિમેન્શિયાની શક્યતા બતાવનારા છે.

# ક્યૂ-કોમર્સ : ફાસ્ટ જનરેશનમાં અલ્ટ્રા ફાસ્ટ શોપિંગનો ટ્રેન્ડ

૧૩ વર્ષ પહેલાં અમેરિકાના કેલિફોર્નિયામાં એક નાનકડી કંપની સ્થપાઈ. જેનું નામ હતું - પોસ્ટમેટ્સ. એ કંપનીએ પહેલી વખત ૬૦ મિનિટમાં ફૂડ ડિલિવરીની સર્વિસ શરૂ કરી. ને એ રીતે ૨૦૧૧માં પહેલી વખત આ શબ્દ ચલણમાં આવ્યો હતો. કંપનીએ એક કલાકની અંદર ફૂડ ડિલિવરીની ગેરન્ટી આપી. તે વખતે અમેરિકામાં ઈ-કોમર્સનું માર્કેટ ગ્રો થતું હતું. આ નવી બનેલી કંપની પોસ્ટમેટ્સની સ્પર્ધા ઈ-કોમર્સ સાથે હતી એટલે કંપનીએ ઈ-કોમર્સને બદલે ઝડપી ડિલિવરી આપવાના દાવા સાથે તેને 'ક્વિક કોમર્સ' નામ આપ્યું. ઈ-કોમર્સ કંપનીઓ બધી જ પ્રોડક્ટ ઓફર કરે છે, પરંતુ એનો ડિલિવરી ટાઈમ એક દિવસથી માંડીને એક સપ્તાહ કે ઘણી વખત એનાથી પણ વધારે હોય છે. સોશિયલ કોમર્સ પણ ઈ-કોમર્સનો જ ભાગ છે. ફરક એટલો છે કે એનો ઓર્ડર સોશિયલ મીડિયામાંથી પ્લેસ થાય છે. એના માટે કોઈ કંપનીની એપ કે વેબસાઈટમાં જવું પડતું નથી. પ્રોડક્ટ દેખાય સોશિયલ મીડિયામાં, ઓર્ડર પણ ત્યાંથી થાય, પેમેન્ટ માટેય ત્યાં વ્યવસ્થા થઈ હોય ને રિટર્ન કરવા માટે સંપર્ક સોશિયલ મીડિયામાંથી જ થઈ જાય છે. સોશિયલ કોમર્સનો ટ્રેન્ડ દુનિયામાં વધી રહ્યો છે અને મોટાભાગે સોશિયલ કોમર્સમાં પ્રોડક્ટ ડિલિવરીનો સમયગાળો બે-ત્રણ દિવસ જેવો હોય છે. આ બંનેથી ઝડપી છે ક્યૂ કોમર્સ. ઈ-કોમર્સ અને સોશિયલ કોમર્સમાં ઘણાં સેલર્સ એક જ શહેરમાં ડિલિવરી કરવાની હોય તો સેમ-ડે ડિલિવરીની સર્વિસ આપે છે. ધારો કે આપણે અમદાવાદમાં રહેતા હોઈએ ને જે પ્રોડક્ટનો ઓર્ડર કર્યો છે એ સેલર અમદાવાદમાં જ હોય તો પ્રોડક્ટ આપણને એક દિવસમાં મળી જતી હોય છે, પરંતુ ક્વિક કોમર્સ એનાથી એક કદમ આગળ રહે છે ને મિનિટોમાં આપણી સામે ઓર્ડર હાજર કરી દે છે. ક્વિક કોમર્સ એપ્સ મોસ્ટલી જીવનજરૂરી ચીજવસ્તુઓની ડિલિવરી ઓફર કરતી હોય છે. કરિયાણું, દૂધ-દહીં-છાશ-પનીર-ચીઝ, ફ્રૂટ્સ, શાકભાજી, દવાઓ, વેલનેસ પ્રોડક્ટ્સ વગેરે ઓર્ડર કર્યાના ૧૫-૨૦માં મળી રહે છે. હવે ક્વિક કોમર્સની કંપનીઓની સર્વિસનો વ્યાપ વધ્યો છે. અસંખ્ય પ્રોડક્ટ ઓફર કરે છે અને એની ડિલિવરી પણ મિનિટોમાં કરી આપે છે, પરિણામે ઈ-કોમર્સ કંપનીઓ સામે ફાસ્ટ ડિલિવરીનો પડકાર સર્જાયો છે. ૧૯૮૧થી ૧૯૯૬ વચ્ચે જન્મેલી જનરેશન મિલેનિયલ્સ અને ૧૯૯૭થી ૨૦૧૨ વચ્ચે જન્મેલી જેન-ઝેડને ક્વિક કોમર્સ બેહદ અપીલ કરે છે. ફાસ્ટ જનરેશનને ક્યૂ કોમર્સ સૌથી અસરકારક લાગે છે. પ્લાનિંગ વગર પણ છેલ્લી ઘડીએ કેક-ચોકલેટ્સ-ગિફ્ટ-ફૂડ કે એવું કશું જોઈતું હોય તો સમય બગડતો નથી. કોરોનાની મહામારી માનવજાત માટે આફત બનીને ઉતરી હતી, પણ એ આફત ક્યૂ કોમર્સ માટે અવસર બની. લોકો બહાર નીકળી શકતા ન હતા તે વખતે ક્વિક ડિલિવરીની સર્વિસ ઓફર કરતા ઘણાં પ્લેટફોર્મ બન્યા. મોલ્સ, સુપરમોલ્સે પણ કોવિડના ટાઈમે ક્યૂ કોમર્સની સર્વિસ શરૂ કરી હતી. ઓનલાઈન ઓર્ડર પ્લેસ કરો એની મિનિટોમાં કે કલાકોમાં ઘરે બેઠાં બધો સામાન મળી જતો હોવાથી કોવિડ પછીય એની પોપ્યુલારિટી અકબંધ રહી છે.

# સફેદ કલર નું લખનૌવી ડિઝાઇનર ગાઉન સાથે મેચિંગ સફેદ અમેરિકન ડાયમંડના સેટમાં જીલ આકાશ માંથી જમીન પર ઉતરેલી સુંદર પરી જેવી લાગતી

પપ્પા!!ક્યાં છો તમે? પ્લીઝ,આજે ઓફિસ થી જલદી ઘરે આવી જાવ ને.

મોબાઈલ પર જીલ નો અવાજ સાંભળી ને વિષ્ણુભાઈ એ કહ્યું કે સોરી બેટા,આજનો શેડયુલ ખૂબ ટાઈટ છે ફોરેન ઈંવેસ્ટર સાથેની એકીસાથે બે ત્રણ મિટિંગ છે. ક્યા છે તારી મમ્મી?

જીલ એના પપ્પા પર નારજગી વ્યક્ત કરતા બોલી ઓકે!!ડેડી,બટ આઈ મીસ યુ સો મચ,મિટિંગ ફિનિશ થતાં જ જલદી જલદી આવી જજો. ડેડી,મમ્મી કિચન મા કઈક કામ માં વ્યસ્ત છે તો ફ્રી થાય ત્યારે વાત કરાવું.

વિષ્ણુભાઈ એ જીલ ને કીધું કે બેટા,ના અત્યારે જ મમ્મી ને ફોન આપ મારે એની સાથે ખાસ વાત કરવાની છે.

ખડખડાટ હસતા હસતા જીલ બોલી કે ડેડી, મમ્મી ને જે મસેજ આપવાનો હોય એ મને બોલી દયો હું મમ્મી ને ફોરવર્ડ કરી દઈશ.વિષ્ણુભાઈ એ ખંધુ હસતા કીધું કે ઓય વાયડી બઝાર ખોટે ખોટા ટાઈમપાસ કરવાનું બંધ કરીને જલદી તારી મમ્મી ને ફોન પકડાવ તો..

વિષ્ણુભાઈ નો કુત્રિમ ગુસ્સો સાંભળતા જ એ ખડખડાટ હસવા લાગી.

સૂરીલી એ કિચન માંથી બહાર આવીને ખડખડાટ હસતી જીલ ના હાથ માંથી મોબાઈલ લઈ લીધો.મોબાઈલ લઈને કિચન મા પરત આવીને મધુર કંઠે વિષ્ણુભાઈ ને પૂછ્યું કે ટિફિન મોકલ્યું હતું એ પૂરું કર્યું ને? અડધી કલાક કામ માંથી મુક્તિ લઈને રેસ્ટ કર્યો કે પછી આમજ ભાગદોડ કરી છે. તમને ખબર છે ને કે તમારા શરીરને બીપી સાથે ડાયાબિટીસ સાથે પણ દોસ્તી કરી લીધી છે.

ઓહો!!વિષ્ણુ,ઠાકોરજી ની કૃપાથી એટલું બધુ છે ને કે બિઝનેસ નું ટેન્શન હળવું કરવાની જરૂર છે.

સૂરીલી ની દસ મિનિટ થી અવિરત સ્વાસ્થ્ય સંબધી ભાષણ સાંભળી ને વિષ્ણુ ભાઈ એ પત્ની ને પૂછ્યું કે તું જેમ કહે એમ જ કરીશ પણ તે મને લગન વખતે પણ નહતું કીધું અને ફરી મળી પછી પણ નથી કીધું.પ્લીઝ!!સૂરીલી,અત્યારે તો તારે કહેવું જ પડશે,તારા મુખે થી એ ત્રણ જાદુઈ શબ્દો સાંભળવા આતુર છું..બોલી નાખ ને એમાં શું મોટી વાત છે? સૂરીલી એ અભિનય કરતા કહ્યું કે મુખ્યાજી, ઠાકોરજી નો ભોગ તૈયાર થઈ જ ગયો છે થાળ માં સજાવી ને લઈને આવું છું.

મુખ્યાજી નું નામ પડતાં જ વિષ્ણુભાઈ એ જય શ્રી કૃષ્ણ બોલ્યા બાદ ફોન કટ કર્યો.

વિષ્ણુભાઈ નો ફોન કટ થતાં જ હાશકારો અનુભવી ને સૂરીલી મનોમન બોલી કે જીલ ના ડેડી પણ ખરા છે, નકામા નકામા વ્યર્થ પ્રેમના નામે પોપટો પાળિયા છે. આ ઉંમરે આવું બધું સારું ના લાગે,આ બધા મોર્ડન ચોચલા યુવાન હૈયા જીલ અને નીતિન ને સારા લાગે. સહેજ સ્મિત ફરકાવી ને સૂરીલી ઠાકોરજી ના માટે તૈયાર કરેલી ભોગ સામગ્રી લઈને કિચન માંથી મંદિર તરફ ગઈ. ઠાકોરજી ની પૂજા અર્ચના ભોગ આરતી બાદ સૂરીલી અને મુખ્યાજી ના વહુજી રાધાજી ના સાથે સંગીત ના સુર તાલ માં સુર મેળવી ને સુંદર સુંદર ભજનો ગાયા.ભજન બાદ બાળ ગોપાલ ને નિંદ્રા આવતા માતાજી એ એને સુંદર પારણા માં પોઢાડી ને હાલરડું ગાયું:

ગોપાલ મારો પારણીયે પોઢે રે,<br>ઠાકોર મારો પારણીયે પોઢે રે..

ઠાકોરજીની પૂજા આરતી ભોગ ભજન બાદ જીલ એના બેડરૂમ મા નીતિન સાથે નીતિન ના ફ્રેન્ડ ની બેચલર પાર્ટી માં જવાનું હતું એટલે રેડી થવા ગઈ. સૂરીલી અને રાધાજી બન્ને ગાર્ડન ના હીંચકા પર બેઠા બેઠા વાતો ની આપલે કરતા કરતા બીજા દિવસે ઠાકોરજી મુખવાસ પાન સોપારી માટે સોપારી કતરણ કરી રહ્યા હતા. ત્યાં નીતિન ની બ્લેક એસ યુ વી લકઝુરિયસ કાર એન્ટર થઈ. કાર ને પાર્કિંગ મા પાર્ક કરીને સફેદ શૂટ માં દેખાવડા લાગતા નીતિન એ સૂરીલી ને 'જય શ્રી કૃષ્ણ કાકી માં' કીધું અને રાધાજી ને 'જય શ્રી કૃષ્ણ' બોલીને પગે લાગ્યો. નોકર જીવણ ટ્રે માં શરબત લઈને આવ્યો,શરબત નો ગ્લાસ હાથ માં પકડીને નીતિન એ આજુ બાજુ નજર કરી. સૂરીલી એ જમાઈ ની નજર પારખતા કીધું કે રેડી થઈને જીલ બે ત્રણ મિનિટ માં આવતી જ હશે.

સફેદ કલર નું લખનૌવી ડિઝાઈનર ગાઉન સાથે મેચિંગ સફેદ અમેરિકન ડાયમંડ ના સેટ માં જીલ આકાશ માંથી જમીન પર ઉતરેલી સુંદર પરી જેવી લાગતી હતી. ગોઠણ સુધીના કાળા લીસા વાળ ને હીરા ની પિન થી એક સાઈડ પિન અપ કર્યા હતા. ગાર્ડન તરફ બ્લેક હિલ્સ ના સેન્ડલ પહેરી ને આવી રહેલી જીલ પરથી નીતિન ની નજર હટતી નહતી,હીંચકા નજીક આવતા જીલ ને નીતિન ના વિચિત્ર વર્તન થી નજર હસવું આવતું આવતા પૂછ્યું કે બંદર,ક્યાં ખોવાઈ ગયો છો? હવે તારે મોડું નથી થતું. નીતિન એ ચેર પરથી ઉભા થઈને સહેજ સ્માઈલ કરીને સૂરીલી ને 'જય શ્રી કૃષ્ણ' બોલીને જીલ સાથે બંગલા ના કાર પાર્કિંગ તરફ ચાલવા લાગ્યો. સૂરીલી ઠાકોરજી ને પ્રાર્થના કરતા બોલી 'દીકરી જમાઈ ની સુંદર જોડી ને કોઈની નજર ના લાગે એવી કૃપા કરજો'..



સગાઈ

- રુપાલી દવે

રાત્રે અગિયાર વાગ્યે વિષ્ણુભાઈ બંગલા ના બેઠક ખંડ માં પ્રવેશતા જ એની નજર પત્ની પર પડતા પત્ની ને'જય શ્રી કૃષ્ણ ' કીધું. સૂરીલી એ સોફા પરથી ઉભા થઈને પતિના હાથ માંથી ઓફિસ બેગ લઈને તિજોરીમાં મુકવા એ ફર્સ્ટ ફ્લોર માંના એના બેડરૂમ તરફ ગઈ. સૂરીલી ગ્રીન કલર ની સાડી માં અત્યંત સુંદર લાગતી હતી એમાં આજ એણે વાળનો ઝૂડો બાંધવા ના બદલે વાળ નો લાંબો ગોઠણ સુધીનો ચોટલો બનાવ્યો હતો એમાં એ પચીસ ત્રીસ વર્ષ ની માંડ લાગતી હતી.સૂરીલી ના પાયલ ના ધીમા ધીમા અવાજે પગલાં પડતાં હતાં ત્યારે નિર્જીવ શ્રી નાથજી ભવન જીવંત બની જતો હતો.વિષ્ણુભાઈ ના જીવન માં પચીસ વરસે પત્ની સૂરીલી નું આગમન થતાં એ એટલા ખુશ ખુશાલ હતા ને કે એનું મન હદય સુરલી મય રહેતું હતું.ગરબા શોખીન પત્ની ના શોખ માટે નવરાત્રિ ના રાસ ગરબા નું બુફે સાથે આયોજન ફાઈવસ્ટાર હોટેલ માં જન્મ દિવસની સરપ્રાઇઝ આપવા કર્યું હતું.સુરત વૈષ્ણવ સમાજ માટે ફ્રી ગરબા સાથે ચા કોલ્ડ ડ્રીંક અને બુફે ડિનર નક્કી કર્યું હતું. મારા પ્રત્યે સૂરીલી ની નારાજ કે ગુસ્સો થવાના બદલે એનો ચહેરા પર આનંદ હોય છે.તન મન થી એણે મને નિર્મળ સ્વચ્છ મન થી માફ કરી દિધો હોય એવું લાગે છે.પરંતુ ભૂતકાળ માં મે મારી દેવી જેવી પત્ની પર શંકા કરવાની અધમ ભૂલ કરી હતી એ ભૂલ બદલ સૂરીલી એ દિલ થી મને માફ કરી દીધો હશે પરંતુ હું ક્યારેય ખુદ ને માફ કરી શકીશ નહિ.પતિનીઆંખના ખૂણા માંથી નીકળતા આંસુઓને સૂરીલી એ તિજોરી ના અરીસા માંથી જોઈ લીધા.પતિ ના આંસુઓ સાડી ના પાલવ થી લૂછતાં લૂછતાં સૂરીલી એ ધીમેથી કીધું કે વિષ્ણુ,ક્યાં સુધી તમે ભૂતકાળ નો ભાર ઉપાડી ને ફર્યા કરશો. પ્લીઝ!!મારા ખાતર ભૂતકાળ ને ભૂલી ને આપણી ત્રણેયની અત્યારની ખુશ ખુશાલ લાઈફ એન્જોય કરોને. જાન્યુઆરી માં જીલ ને લગ્ન કરી ને સાસરે વળાવી પડશે,એ પછી જીલ એના ગૃહસ્થ જીવનમાં વ્યસ્ત થઈ જશે.

સહેજ સ્વસ્થ થતાં વિષ્ણુભાઈ એ પત્નીનો હાથ પોતાના હાથ માં લેતા પૂછ્યું કે તું કહે એમ કરવા તૈયાર હુકમ કર. સૂરીલી એ સહેજ સ્માઈલ કરતા કહ્યું કે જીલ,હું અને તમે આપણા લંડન સ્થિત વિલા માં અમુક દિવસો જઈએ તો. લગ્ન ની થોડી ઘણી શોપિંગ પણ કરીશું અને લંડન ફરીશું પણ ખરા.વિષ્ણુભાઈ ને સૂરીલી નો આઈડિયા ગમતા એ બોલ્યા કે પત્ની શ્રી, વાહ!!!લંડન નો આઈડિયા મસ્ત છે ત્યાં કેટલાય વર્ષો થી જવાનું થયું જ નથી. લગન બાદ જીલ અને નીતિન નો હનીમૂનની ગિફ્ટ અને લગ્ન ની ગિફ્ટ આપવા લંડન નો વિલા બેસ્ટ ઓપ્શન છે. વિલા માં જીલ ની પસંદગી નું ઈન્ટીરિયર પણ કરાવી લઈશું. બોલ ક્યારે જવું છે જે દિવસે બોલીશ એ વખતે તારી પાછળ બંદા તૈયાર..સૂરીલી એ શરમાઈ ને પતિના હાથ માંથી હાથ છોડાવવા પ્રયત્ન કર્યો પરંતુ વિષ્ણુભાઈ એ પ્રેમથી કીધું કે ત્રણ શબ્દો બોલ તો તારો હાથ છોડીશ..સૂરીલી એ એની કાળી મોટી આંખ મોટી કરતા કહ્યું કે શું છે? અવનવા તુત ને બાજુમાં મૂકીને જમવા ઉભા થાવ મને ખૂબ ભૂખ લાગી છે. વિષ્ણુભાઈ સોફા ચેર પરથી ઊભા થતા સોરી સોરી તને ભૂખ લાગી હતી તો બોલાય ને ગાંડી..

# સોહેલ સાથે 24 વર્ષના લગ્નજીવનનો અંત...

## છૂટાછેડા બાદ સલમાનની EX ભાભીનું બોબી દેઓલના સાળા સાથે અફેર



(એજન્સી) મુંબઈ | તા.20

સલમાન ખાનના ભાઈ સોહેલના સીમા સજદેહ સાથે છૂટાછેડા થઈ ગયા છે. બંનેના લવ મેરેજ થયા હતા, 24 વર્ષ લગ્નજીવન વિતાવ્યા બાદ તેમને અલગ થવાનો નિર્ણય કર્યો હતો. થોડા વર્ષો બાદ તેમના સંબંધોમાં ખટાશ ઉભી થવા લાગી. સીમા શો ફેબ્યુલસ લાઈવ્સ ઓફ બોલિવૂડની વાઈવ્સમાં જોવા મળી હતી. પહેલા એપિસોડમાં સીમા તેના અંગત જીવન વિશે ચર્ચા કરતી જોવા મળી હતી.

સોહેલને મળતા પહેલા સીમાએ વિક્રમ સાથે સગાઈ કરી હતી મહિપ કપૂર કહેતા જોવા મળે છે કે સીમા જીવનમાં આગળ વધી છે અને તેને પોતાનું ઘર પણ બદલી નાખ્યું છે. સીમા કહે છે કે તે હવે બોબી દેઓલના સાળા વિક્રમ આહુજાને ડેટ કરી રહી છે. આટલું જ નહીં, સીમાએ વિક્રમનો પરિચય તેના નજીકના મિત્રો સાથે પણ કરાવ્યો હતો. એવું પણ કહેવાય છે કે સોહેલને મળતા પહેલા સીમાએ વિક્રમ સાથે સગાઈ કરી લીધી હતી.

સીમા અને સોહેલ ભાગીને કર્યા હતા લગ્ન જ્યારે સીમા અને સોહેલ એકબીજાના પ્રેમમાં પડ્યા હતા, ત્યારે બંનેએ 1998માં ભાગીને લગ્ન કરી લીધા હતા. વર્ષ 2022માં બંનેએ છૂટાછેડા માટે અરજી કરી હતી. જોકે આ પહેલા બંને અલગ રહેતા હતા.

છૂટાછેડા લેવાનું કારણ જણાવ્યું? સીમાએ એ પણ જણાવ્યું કે છૂટાછેડા પહેલા બંને 5 વર્ષથી અલગ રહેતા હતા. તેને કહ્યું હતું કે, 'હું તેણે કેમ દોષ આપું? મારો મોટો દીકરો એ વખતે એટલી ઉંમરનો હતો કે તે ઈચ્છતો ન હતો કે અમે અલગ થઈએ, પણ એ પછી મારે લગ્ન અને મારા દીકરા વચ્ચે પસંદગી કરવાની હતી. પછી મેં પુત્રને પસંદ કર્યો.

# DDLJ : 29 વર્ષ પહેલા આ દિવસે રિલીઝ થઈ હતી : દેશભરમાં કરવા ચોથને ભવ્ય ઓળખ અપાવી...


(એજન્સી) મુંબઈ | તા.20

29 વર્ષ પહેલા 20 ઓક્ટોબર 1995ના આ દિવસે શાહરુખ ખાન અને કાજોલ સ્ટારર ફિલ્મ 'DDLJ' રીલિઝ થઈ હતી. આ ફિલ્મમાં બતાવવામાં આવેલ કરાવા ચોથના સિક્વન્સ પછી જ આ તહેવાર દેશભરમાં ભવ્ય રીતે ઉજવવાનું શરૂ થયું. આ ફિલ્મ નહોતી, ચમત્કાર હતોઃ જાવેદ સિદ્દીકી 'DDLJ' એટલે 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે'. તે માત્ર એક ફિલ્મ ન હતી, તે એક ચમત્કાર હતો. આ ફિલ્મને આદિત્ય ચોપરા એકલા જ ડિરેક્ટ કરી રહ્યા હતા. દરેક ઝીણવટનું તે પોતે ધ્યાન રાખતા હતા. ફિલ્મમાં પંજાબ હોવાથી ત્યાં પણ કરવા ચોથ ઉજવવામાં આવી હતી. આ સિક્વન્સમાં એ બતાવવાનું હતું કે કાજોલ એટલે કે સિમરન રાજ જે મનોમન શાહરુખને પોતાનો પતિ માની ચૂકી હોય છે. પરંતુ પરિવારના સભ્યો તેની સગાઈ અન્ય કોઈ સાથે કરાવી રહ્યા છે અને તેને માટે કરવા ચોથનું વ્રત રખાવે છે.

ફિલ્મનો આ સીન આજે પણ યાદગાર અને ટ્રેન્ડસેટર સિમરને રાજ પાસેથી વચન લીધું છે કે તે તેના હાથનું પાણી પીને ઉપવાસ તોડશે. તો અહીં કઈ યુક્તિ અપનાવવી જોઈએ જેથી પરિવારના સભ્યોની સામે માન જળવાઈ રહે અને રાજના હાથનું પાણી પીને સિમરનનું વ્રત પણ પૂર્ણ કરી શકાય.

ચોપરા અહીં સિમરનને બેભાન પડવાનો ડોળ કરતી બતાવે છે, જેને રાજ પકડી રાખે છે અને ઉતાવળમાં કોઈને યાદ નથી કે રાજે તેને પીવા માટે પાણી આપ્યું છે.આ ફિલ્મ અને તેના કરવા ચોથનો સીન હજુ પણ જવાન અને યાદગાર છે. તેને જ કહેવાય છે ટ્રેન્ડસેટ કરવો. પુરુષો પણ રાખવા મંડ્યા હતા ઉપવાસ આ ફિલ્મ અને કરવા ચોથ આટલી હિટ કેમ બની તેના જવાબમાં કહી શકાય કે કાજોલની પાત્રમાં ઉતરવાની કળા અને શાહરુખની મહેનતની આદતે તેને સરળ બનાવ્યું. રસપ્રદ વાત એ છે કે, આ ફિલ્મે પુરુષોમાં ઉપવાસના ટ્રેન્ડને પણ વેગ આપ્યો છે. એટલે કે, એક તરફ સિમરન ભૂખી અને તરસથી ઉપવાસ કરે છે, તો બીજી તરફ રાજ પણ કંઈ ન ખાઈને તેનો સાથ આપે છે. 'DDLJ' સાથે કરવા ચોથનો ટ્રેન્ડ વધ્યા પછી, અન્ય રાજ્યોમાં પણ તેની ભવ્ય રીતે ઉજવણી થવા લાગી. એક રીતે જોઈએ તો આ પ્રેમનો ઉત્સવ છે, જેને ઉજવવામાં કોઈને વાંધો નથી.

આજે પણ ઉપવાસના દિવસે ડીડીએલજેનું ગીત વગાડવામાં આવે છે ફિલ્મ 'દિલ વાલે દુલ્હનિયા લે જાયેંગે' 29 વર્ષ પહેલા રિલીઝ થઈ હોવા છતાં તેનું ગીત આજે પણ કરવાચોથના દિવસે વગાડવામાં આવે છે. આ ગીત છે- 'તેરે હાથ સે પીકર પાની મેં દાસી સે બન જાઉં રાની...'. આ ગીત મનપ્રીત કૌર અને યશ ચોપરાની પત્ની પામેલા ચોપરાએ ગાયું હતું. તેના શબ્દો આનંદ બક્ષીએ લખ્યા હતા.



## સની દેઓલની આગામી ફિલ્મની રિલીઝ આવતા વરસે રિપબ્લિક ડેના શક્યતા

મુંબઇ : સની દેઓલની આગામી ફિલ્મ જાટ આવતા વરસે રિપબ્લિક ડેના રિલીઝ કરવામાં આવે તેવી શક્યતા છે. આ ફિલમનું દિગ્દર્શન ગોપીજંદ માલિનેનીએ કર્યું છે. જ્યારે સનીની અન્ય ફિલ્મ લાહોર : ૧૯૪૮ની રિલીઝ તારીખમાં બદલાવ કરવામાં આવ્યો છે. આ વખતે સની દેઓલ હેન્ડ પમ્પના સ્થાને પંખો ઉખાડતો પોસ્ટરમાં જોવા મળી રહ્યો છે.




જાટ ફિલ્માં સની દેઓલ સાથે રણદીપ હુડ્ડા, વિનીત કુમાર સિંહ, સૈયાની ખેર અને રેજિના કૈસાંદ્રા મહત્વના રોલમાંજોવા મળવાના છે.

## હું ઘણી બધી છોકરીઓને ડેટ કરી ચુક્યો છું : આદિત્ય

(એજન્સી) મુંબઈ | તા.20

હાલમાં જ કરીના કપૂરે આદિત્ય રોય કપૂરને તેના રિલેશનશિપ સ્ટેટસ વિશે પૂછ્યું હતું. આના પર આદિત્યએ કહ્યું કે તેને સિક્રેટ જ રહેવા દો. અભિનેતાએ વધુમાં જણાવ્યું કે તે ઘણી છોકરીઓને ડેટ કરી ચૂક્યો છે જેમની સાથે તે 3-5 વર્ષથી રિલેશનશિપમાં હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આદિત્ય અનન્યા પાંડેને પણ ડેટ કરી ચૂક્યો છે. થોડા સમય પહેલા સમાચાર આવ્યા હતા કે બંનેનું બ્રેકઅપ થઈ ગયું છે. તે જ સમયે, આદિત્યએ શ્રદ્ધા કપૂર સાથે ફિલ્મ 'આશિકી 2' માં કામ કર્યું હતું. ત્યારથી તેમના ડેટિંગના સમાચારો સામે આવ્યા હતા.



આદિત્યએ કહ્યુ- રિલેશનશિપ સ્ટેટસને સિક્રેટ રહેવા દો. એક શો દરમિયાન કરીના કપૂરે કહ્યું કે લોકો જાણવા માંગે છે કે આદિત્ય સિંગલ છે કે રિલેશનશિપમાં છે? આના પર આદિત્યએ કહ્યું- મારું સ્ટેટસ? શું ચિલ થવું એ સ્ટેટસ છે? હું ચિલ છું. આના પર કરીનાએ કટાક્ષ કર્યો કે તે છુપા રુસ્તમ છે. તો અભિનેતાએ હસીને કહ્યું- ઠીક છે, રિલેશનશિપ સ્ટેટસને સિક્રેટ રહેવા દો.

આદિત્યએ કહ્યું- હું ઘણા સંબંધોમાં રહ્યો છું કરીનાએ આદિત્યને પૂછ્યું કે શું તેને કમિટમેન્ટ ફોબિયા છે? તેના જવાબમાં આદિત્યએ કહ્યું કે તેના ઘણા સંબંધો રહ્યા છે.



# ઈશાને મળ્યો 'આઈકન ઑફ ધ યર' એવૉર્ડ

## 'હાર્પર્સ બજાર વુમન ઓફ ધ યર એવૉર્ડ્સ'માં ગૌરી ખાન થી લઈને અનન્યા પાંડે સુધીની અદાકારાઓ છવાઈ

(એજન્સી) મુંબઈ | તા.20

શનિવારે રાત્રે મુંબઈમાં 'હાર્પર્સ બજાર વુમન ઓફ ધ યર એવોર્ડ્સ 2024' શોમાં ઈશા અંબાણીના લુકે ફરી એકવાર બધાનું ધ્યાન ખેંચ્યું. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીની પુત્રી ઈશાને શનિવારે 'આઈકન ઓફ ધ યર' એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. શાહરુખ ખાનની પત્ની ગૌરીને બેસ્ટ ઈન્ટિરિયર ડિઝાઈનર અને ક્રિતી સેનનને બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. ફિલ્મ નિર્માતા પાયલ કાપડિયાને તેની ફિલ્મ 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ' માટે હાર્પર બજાર વુમન ઓફ ધ યર એવોર્ડ્સ 2024માં શ્રેષ્ઠ દિગ્દર્શકના એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. અનન્યા પાંડેએ હાર્પર બજારના વુમન ઓફ ધ યર એવોર્ડ્સ 2024માં 'સ્પોટલાઈટ એક્ટ્રેસ ઓફ ધ યર' એવોર્ડ જીત્યો.



એવોર્ડ શોમાં ચર્ચામાં રહ્યો ઈશાનો લુક ઈશા અંબાણી 'હાર્પર્સ બજાર વુમન ઓફ ધ યર એવોર્ડ્સ 2024'માં માત્ર તેને મળેલા એવોર્ડ માટે જ ચર્ચામાં નથી આવી, પણ ઈશાએ એન્ટ્રી કરતા જ બધાની નજર તેના ડ્રેસ પર ટકી ગઈ હતી. ફંક્શનમાં ઈશાનો લુક ખૂબ જ સુંદર લાગી રહ્યો હતો. એવોર્ડ શોમાં ઈશા બ્લેક લોન્ગ સ્કર્ટ અને વ્હાઈટ સ્લીવલેસ અને ફ્રન્ટ ડીપ નેક ટોપમાં જોવા મળી હતી. ઈશાએ આ ડ્રેસ સાથે પોતાના વાળ ખુલ્લા રાખ્યા હતા. આ સાથે ઈશાએ જ્વેલરીના નામે માત્ર કાનમાં ઈયર રિંગ્સ અને હાથમાં વીંટી પહેરી હતી. આ ઉપરાંત તેનો ન્યુડ મેકઅપ તેને વધુ સુંદર બનાવી રહ્યો છે.

ઈશા અંબાણીએ દિલ જીતી લીધું ઈન્ડિયા ટુડેને આપેલા ઈન્ટરવ્યૂમાં ઈશાએ પોતાની જીતનો શ્રેય તેની માતા નીતા અંબાણી અને તેની પુત્રી આદિયાને આપ્યો છે. તેણે કહ્યું, 'હું આ એવોર્ડ મારી પુત્રી આદિયાને સમર્પિત કરવા માગું છું જે મને દરરોજ વધુ સારું કરવા માટે પ્રેરિત કરે છે.' તેણે તેની માતાને પોતાની રોલ મોડલ ગણાવી, જેણે હંમેશાં તેને સપોર્ટ કર્યો છે. તેણીએ કહ્યું, 'હું તેને હંમેશાં કહું છું, મમ્મી, મને ટેકો આપવા બદલ આભાર, જેથી હું તેની સાથે આ રેસમાં દોડી શકું અને તેના કારણે જ હું આજે અહીં છું.'

ઉંમર ક્યારેય કોઈને રોકી શકતી નથી- ગૌરી ખાન એવોર્ડ બાદ પોતાની સ્પીચમાં ગૌરી ખાને તેની ડિઝાઈન કરિયરની શરૂઆતનો ઉલ્લેખ કર્યો હતો. મહિલાઓને પ્રોત્સાહિત કરતાં તેણે કહ્યું, 'મારી ડિઝાઈનની યાત્રા 40 વર્ષની ઉંમરે શરૂ થઈ હતી. તેથી, હું તમામ મહિલાઓને કહેવા માગું છું કે ઉંમર તમને ક્યારેય રોકે નહીં. જો તમે કોઈ વ્યવસાય શરૂ કરો છો અને સ્વપ્ન જોશો, તો તમે તેને પ્રાપ્ત કરી શકો છો. આ મારો મંત્ર છે.

એક્ટ્રેસે અનન્યા પાંડેને મળ્યો 'સ્પોટલાઈટ એક્ટર' એવોર્ડ એક્ટ્રેસે અનન્યા પાંડેને આ વર્ષે 'સ્પોટલાઈટ એક્ટર' એવોર્ડ મળ્યો છે. તેણે ફિલ્મોમાં પોતાના ઉત્તમ અભિનયથી દર્શકોને પ્રભાવિત કર્યા છે. 'ગહેરાઈયા' અને 'ખો ગયે હમ કહાં' જેવી ફિલ્મો દ્વારા તેમણે આજના યુવાનોની જીવનશૈલી અને ડિજિટલ વિશ્વની જટિલતાઓને પડદા પર લાવી છે. અનન્યાનું 'સો પોઝિટિવ' અભિયાન સાયબર-બુલિંગ સામે જાગૃતિ ફેલાવવા માટે પણ જાણીતું છે. ભારતીય ફેશન ડિઝાઈનની દુનિયામાં જાણીતું નામ અનિતા ડોંગરેને 'ફેશન ડિઝાઈનર ઑફ ધ યર' એવોર્ડ આપવામાં આવ્યો હતો. તેનું કાર્ય ટકાઉ લક્ઝરીને પ્રોત્સાહન આપવા માટે જાણીતું છે. તેમણે ગ્રામીણ કારીગરોના સશક્તિકરણ માટે પણ ઘણું કામ કર્યું છે. કનિકા ગોયલને 'સ્પોટલાઈટ ફેશન' હેઠળ સન્માનિત કરવામાં આવી હતી, જેણે પોતાની બોલ્ડ અને આધુનિક ડિઝાઈનથી ફેશન જગતમાં હલચલ મચાવી છે.

એવોર્ડ શોમાં આ સ્ટાર્સ અદ્ભુત હતા આ પછી ઈશાએ ગૌરી અને ડિઝાઈનર મનીષ મલ્હોત્રા સાથે કેમેરા સામે પોઝ આપ્યા હતા. ઈશા અનન્યા પાંડે અને ભાવના પાંડે સાથે પણ જોવા મળી હતી. ઈશા અંબાણી ઉપરાંત, એવોર્ડ શોમાં બોલિવૂડ અભિનેત્રી ક્રિતી સેનન, પેરાલિમ્પિક સ્ટાર અવનિ લેખારા, અનન્યા પાંડે અને ગૌરી ખાનનું પણ સન્માન કર્યું હતું.

# એકતા કપૂર-શોભા કપૂર વિરુદ્ધ POCSO હેઠળ ફરિયાદ નોંધાઈ...

## બરાબરની ફસાઈ ટીવી ક્વીન; વેબ સિરીઝ 'ગંદી બાત'માં સગીરોના અશ્લીલ સીનના કારણે મામલો ગરમાયો

(એજન્સી) મુંબઈ | તા.20

બોલિવૂડ પ્રોડ્યુસર એકતા કપૂર અને તેની માતા શોભા કપૂર વિરુદ્ધ મુંબઈમાં POCSO એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ મામલો OTT પ્લેટફોર્મ 'Alt Balaji'ની વેબ સિરીઝ 'ગંદી બાત'ની સિઝન 6 સાથે સંબંધિત છે. એકતા અને તેની માતા પર આ વેબ સિરીઝમાં સગીર છોકરીઓનાં વાંધાજનક દૃશ્યો ફિલ્માવવાનો આરોપ છે. જો કે, આ વિવાદાસ્પદ એપિસોડ હાલમાં આ એપ્લિકેશન પર સ્ટ્રીમિંગ નથી.

મુંબઈમાં રહેતા એક વ્યક્તિએ ફરિયાદ નોંધાવી હતી એક સ્થાનિક નાગરિકે ભૂતપૂર્વ ઓલ્ટ બાલાજી નિર્માતા એકતા અને તેની માતા શોભા વિરુદ્ધ મુંબઈના બોરીવલીમાં MHB પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીનો આરોપ છે કે સિરીઝના એક એપિસોડમાં કેટલાંક દૃશ્યો પોક્સો એક્ટના નિયમોનું ઉલ્લંઘન કરતા બતાવવામાં આવ્યાં હતાં.

મહાપુરુષો અને સંતોનું પણ અપમાન કર્યું આ સાથે વેબ સિરીઝમાં સિગારેટની જાહેરાતનો ઉપયોગ કરીને મહાપુરુષો અને સંતોનું અપમાન કરવામાં આવ્યું હતું. જેના કારણે ફરિયાદીની લાગણીને પણ ઠેસ પહોંચી હતી. આ રીતે, પોક્સો એક્ટ સિવાય, IT એક્ટ 2000, વુમન પ્રોહિબિશન એક્ટ 1986 અને સિગારેટ-અધર ટોબેકો પ્રોડક્ટ્સ એક્ટ 2003 જેવા કાયદાઓનું પણ સિરીઝમાં ઉલ્લંઘન કરવામાં આવ્યું છે.

એકતા અને શોભાએ કોઈ પ્રતિક્રિયા આપી ન હતી જો કે હજુ સુધી આ મામલે એકતા કપૂર કે શોભા કપૂર તરફથી કોઈ નિવેદન આવ્યું નથી. હાલમાં જ બાળકો પર બનેલી અશ્લીલ ફિલ્મો પર કોર્ટની ટિપ્પણી બાદ બંને વિરુદ્ધ આ કેસ નોંધવામાં આવ્યો છે. 27 સપ્ટેમ્બરે સુપ્રીમ કોર્ટે બાળકો સાથે સંબંધિત અશ્લીલ કન્ટેન્ટને લઈને મોટો નિર્ણય સંભળાવ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે બાળકો સાથે સંકળાયેલી આવી અશ્લીલ સામગ્રી જોવી, પ્રકાશિત કરવી અને ડાઉનલોડ કરવી એ ગુનો છે.

2020માં પણ આ જ સિરીઝને લઈને કેસ નોંધવામાં આવ્યો હતો. એકતા અને તેની વેબ સિરીઝ 'ગંદી બાત' પહેલાં પણ વિવાદોમાં રહી છે. 2020માં, આ સિરીઝની એક સિઝનમાં સેના વિરુદ્ધ વાંધાજનક કન્ટેન્ટ બતાવવા બદલ એકતા વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. એકતાએ આ કેસને હાઈકોર્ટમાં પણ પડકાર્યો હતો. તેમના તરફથી કહેવામાં આવ્યું હતું કે વેબ સિરીઝમાં કંઈ પણ વાંધાજનક નથી. પોલીસે તપાસ કર્યા વિના કે પક્ષકારોને સાંભળ્યા વિના કેસ રદ કર્યો હતો.

POCSO એક્ટ શું છે? 'ધ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ એક્ટ''આ કાયદો બાળકોને જાતીય ગુનાઓથી બચાવવા માટે ઘડવામાં આવ્યો છે. આ અધિનિયમ મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા વર્ષ 2012માં POCSO એક્ટ-2012ના નામે બનાવવામાં આવ્યો હતો.



# રેમો, પત્ની લિઝેલ સહિત 5 લોકો 12 કરોડના કૌભાંડમાં ફસાયા ડાન્સ ગ્રુપનો આરોપ - શોમાં જીતેલી ઈનામની રકમ ચાઉં કરી...

(એજન્સી) મુંબઈ | તા.20

મુંબઈ પોલીસે ફેમસ ડિરેક્ટર-કોરિયોગ્રાફર રેમો ડિસોઝા અને તેની પત્ની લિઝેલ ડિસોઝા અને અન્ય પાંચ લોકો વિરુદ્ધ છેતરપિંડીનો કેસ નોંધ્યો છે. થાણે પોલીસે જણાવ્યું કે, ગયા શનિવારે એક ડાન્સ ગ્રુપે આ ફરિયાદ નોંધાવી હતી. રેમો અને તેની પત્ની અને અન્ય તમામ પર 11.96 કરોડ રૂપિયાની છેતરપિંડીનો આરોપ છે.

મીરા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ 26 વર્ષની પીડિત ડાન્સરે 16 ઓક્ટોબરે મુંબઈના મીરા રોડ પોલીસ સ્ટેશનમાં તેની ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ અનુસાર, ડાન્સર અને તેના જૂથે 2018 થી જુલાઈ 2024 વચ્ચે છેતરપિંડી કરી હતી. આ ગ્રુપે એક રિયાલિટી શોમાં પરફોર્મ કરીને જીત મેળવી હતી. ફરિયાદીનું કહેવું છે કે રેમો અને અન્ય આરોપીઓએ એવું બહાનું કર્યું કે આ ગ્રુપ તેમનું છે અને તેમના દ્વારા જીતવામાં આવેલી 11.96 કરોડ રૂપિયાની ઈનામી રકમ હડપ કરી લીધી. આ કેસમાં પોલીસે રેમો ડિસોઝા, તેની પત્ની લિઝલ ડિસોઝા, ઓમપ્રકાશ શંકર ચૌહાણ, રોહિત જાધવ, ફ્રેમ પ્રોડક્શન કંપની, વિનોદ રાઉત, રમેશ ગુપ્તા અને અન્ય એક વ્યક્તિના નામ પર કેસ નોંધ્યો છે. કેસની તપાસ ચાલી રહી છે.

ઘણા ડાન્સ રિયાલિટી શો જજ કર્યા છે કોરિયોગ્રાફર અને ડિરેક્ટર હોવા ઉપરાંત રેમો ઘણા રિયાલિટી શોના જજ પણ રહી ચૂક્યા છે. તેને 2009માં પહેલીવાર રિયાલિટી શો 'ડાન્સ ઈન્ડિયા ડાન્સ'ને જજ કર્યો હતો. ત્યારથી, તે 'ઝલક દિખલા જા', 'ડાન્સ પ્લસ', 'ઈન્ડિયાઝ બેસ્ટ ડાન્સર', 'DID લિટલ માસ્ટર' અને 'DID સુપર મોમ્સ' જેવા શોમાં જજ તરીકે જોવા મળ્યો છે.

આગામી ફિલ્મ અભિષેક બચ્ચન સાથે 'હેપ્પી' હશે 'ફાલતુ', 'ABCD', 'ABCD 2', 'અ ફ્લાઈંગ જાટ', 'રેસ 3' અને 'સ્ટ્રીટ ડાન્સર' સહિત ઘણી ફિલ્મોનું પ્રોડ્યૂસર કર્યું. હાલમાં જ રિલીઝ થયેલી ફિલ્મ 'મડગાંવ એક્સપ્રેસ'માં પણ તે અભિનય કરતો જોવા મળ્યો હતો. આમાં અભિષેક બચ્ચન સિંગલ ફાધરના રોલમાં કરી રહ્યો છે.



# શ્રેયસ અય્યરના કરિયર માટે રાહતના સમાચાર



(એજન્સી) મુંબઈ તા 20

રણજી ટ્રોફી હાલમાં ભારતીય સ્થાનિક ક્રિકેટમાં રમાઈ રહી છે. શ્રેયસ અય્યર આ ટૂર્નામેન્ટના બીજા પ્રવાસમાં સદી ફટકારવામાં સફળ રહ્યો હતો. તેણે લગભગ 11 મહિના પછી ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સદી રમી. તેણે મુંબઈ અને મહારાષ્ટ્રની ટીમો વચ્ચે રમાઈ રહેલી મેચમાં આ સિદ્ધિ મેળવી હતી. ભારતીય બેટ્સમેન શ્રેયસ અય્યર છેલ્લા કેટલાક સમયથી ટીમ ઈન્ડિયામાં જગ્યા બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે, આ દરમિયાન તેનું પ્રદર્શન પણ પણ તેના બેટમાંથી મોટી ઈનિંગ્સ આવી રહી ન હતી. પરંતુ હવે તે રણજી ટ્રોફીમાં મોટી ઈનિંગ રમવામાં સફળ રહ્યો છે. તેણે મહારાષ્ટ્રની ટીમ સામે રમાઈ રહેલી મેચમાં મુંબઈ માટે સદી ફટકારી હતી. આ ઈનિંગ તેની કારકિર્દી માટે ઘણી મહત્વની છે, કારણ કે તેના ખરાબ પ્રદર્શનને કારણે તેને ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો છે. તમને જણાવી દઈએ કે, શ્રેયસ અય્યરે ટીમ ઈન્ડિયા માટે તેની છેલ્લી ટેસ્ટ મેચ આ વર્ષે ફેબ્રુઆરીમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ રમી હતી. ત્યારથી તે ટીમમાં જગ્યા બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. તાજેતરમાં શ્રીલંકા પ્રવાસ પર ODI ટીમમાં તેની પસંદગી કરવામાં આવી હતી. , પરંતુ તે અહીં ફ્લોપ રહ્યો હતો, જેના પછી તે ભારતીય ટેસ્ટ ટીમમાં પરત ફરી શક્યો ન હતો. પરંતુ તેની આ ઈનિંગે ટીમમાં તેના પુનરાગમનની આશાઓ વધારી દીધી છે. જો કે તેણે આગામી મેચોમાં પણ તેનું ફોર્મ ચાલુ રાખવું પડશે.પરંતુ તે શ્રીલંકામાં પણ કંઈ ખાસ કરી શક્યો નહોતો. આ સિવાય ટીમ ઈન્ડિયા હાલમાં ન્યુઝીલેન્ડ સામે 3 મેચની T20 સિરીઝ રમી રહી છે, આ સિરીઝમાં પણ અય્યર તેની જગ્યા ગુમાવી ચૂક્યો હતો.

**શ્રેયસ અય્યરે સદી ફટકારી :** શ્રેયસ અય્યરે રણજી ટ્રોફી 2024/25ના બીજા પ્રવાસમાં મહારાષ્ટ્રની ટીમ સામે 131 બોલમાં પોતાની સદી પૂરી કરી હતી. આ દરમિયાન તેણે 9 ફોર અને 3 સિક્સર ફટકારી હતી. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં આ તેની 14મી સદી છે. આ સદી માટે તેણે 11 મહિના સુધી રાહ જોવી પડી હતી. હાલમાં જ શ્રેયસ અય્યરે દુલીપ ટ્રોફી અને ઈરાની કપમાં પણ ભાગ લીધો હતો, પરંતુ તે અહીં ફ્લોપ રહ્યો હતો, જેના પછી તે ભારતીય ટેસ્ટ ટીમમાં પરત ફરી શક્યો ન હતો. પરંતુ તેની આ ઈનિંગે ટીમમાં તેના પુનરાગમનની આશાઓ વધારી દીધી છે. જો કે તેણે આગામી મેચોમાં પણ તેનું ફોર્મ ચાલુ રાખવું પડશે.

**છેલ્લી 10 ફર્સ્ટ ક્લાસ ઈનિંગ્સમાં ખરાબ હાલત :** આ સદી શ્રેયસ અય્યર માટે એકદમ રાહતના સમાચાર છે, કારણ કે છેલ્લી 10 ફર્સ્ટ ક્લાસ ઈનિંગ્સમાં તે માત્ર 3 અડધી સદી ફટકારી શક્યો હતો અને 3 વખત ખાતું ખોલ્યા વિના આઉટ થયો હતો. શ્રેયસ અય્યરે દુલીપ ટ્રોફી 2024-25ના ત્રણેય રાઉન્ડ રમ્યા હતા. શ્રેયસ અય્યરે આ ત્રણ મેચની 6 ઈનિંગ્સમાં 25.66ની નબળી સરેરાશથી માત્ર 154 રન બનાવ્યા હતા. ઈરાની ટ્રોફીમાં પણ તેણે પ્રથમ દાવમાં અડધી સદી ફટકારી હતી, પરંતુ બીજી ઈનિંગમાં 12 બોલમાં 8 રન બનાવીને આઉટ થઈ ગયો હતો. રણજી ટ્રોફીના પ્રથમ રાઉન્ડમાં તે બરોડા સામે પ્રથમ દાવમાં પણ પોતાનું ખાતું ખોલી શક્યો ન હતો.

## BCCIએ પાકિસ્તાનની ઓફર ફગાવી, ચેમ્પિયન્સ ટ્રોફી માટે PCBની યુક્તિ કામ ન આવી



(એજન્સી) નવી દિલ્હી તા 20

ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન પાકિસ્તાનમાં થવાનું છે. આ માટે PCBએ આ માટેનું શેડ્યૂલ જાહેર કર્યું હતું, જેને ICC દ્વારા મંજૂરી મળવાની બાકી છે. જેમાં ટીમ ઈન્ડિયાને લાહોરમાં રહેવા અને રમવાની ઓફર કરવામાં આવી હતી. હવે PCBએ ભારતને ચંદીગઢ, મોહાલી અથવા દિલ્હી પરત ફરવાની ઓફર કરી છે. જોકે આ ઓફર કરવાની પાકિસ્તાનની યુક્તિ પણ નિષ્ફળ ગઈ છે.

ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની યજમાની પાકિસ્તાનના હાથમાં છે. તેનું આયોજન ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં થવાનું છે. ટીમ ઈન્ડિયાના પાકિસ્તાન ન જવાના સમાચાર વચ્ચે ટૂર્નામેન્ટ હારવાનો ખતરો પણ મંડરાઈ રહ્યો છે. તેને જોતા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે BCC સમક્ષ નવી ઓફર મૂકી હતી. ક્રિકબઝ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે PCBએ ટીમ ઈન્ડિયાને પત્ર લખીને મેચ રમ્યા બાદ તે જ દિવસે પરત ફરવાની ઓફર કરી છે. આમાં મદદની ખાતરી પણ આપી છે. હવે ભારતીય બોર્ડે આ દાવાને ફગાવી દીધો છે. તેમનું કહેવું છે કે BCCIને PCB તરફથી આવો કોઈ પત્ર મળ્યો નથી. ક્રિકબઝના અહેવાલ મુજબ, PCBએ કહ્યું હતું કે જો ટીમ ઈન્ડિયાને સુરક્ષાને લઈને કોઈ પ્રકારની ચિંતા છે અને તે પાકિસ્તાનમાં રહેવા માંગતી નથી. તેથી તે પોતાનો બેઝ કેમ્પ મોહાલી, ચંદીગઢ અથવા નવી દિલ્હીમાં સ્થાપિત કરી શકે છે. અને દરેક મેચ બાદ ભારતીય ટીમ પોતાના કેમ્પમાં પરત ફરી શકે છે. હવે એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે.

## રોહિત શર્મા-વિરાટ કોહલીએ અમ્પાયર સાથે કરી દલીલ



(એજન્સી) બેંગલુરુ તા 20

બેંગલુરુમાં રમાઈ રહેલી ટેસ્ટ મેચના ચોથા દિવસે ટીમ ઈન્ડિયાએ બીજી ઈનિંગમાં જોરદાર વાપસી કરીને ન્યુઝીલેન્ડની 356 રનની લીડને ખતમ કરી નાખી હતી, પરંતુ દિવસની રમત પૂરી થાય તે પહેલા જ ભારતીય ટીમ મુશ્કેલ સ્થિતિમાં ફસાઈ ગઈ હતી. આવી સ્થિતિમાં જ્યારે સ્થિતિ તેના પક્ષમાં જણાતી હતી ત્યારે રમત બંધ કરી દેવામાં આવી હતી. ટીમ ઈન્ડિયાને બેંગલુરુ ટેસ્ટ મેચમાં હારનો ખતરો છે. ન્યુઝીલેન્ડ વિરુદ્ધ પ્રથમ દાવમાં માત્ર 46 રનમાં આઉટ થયેલી ટીમ ઈન્ડિયાએ બીજી ઈનિંગમાં જોરદાર વાપસી કરી હતી પરંતુ તેમ છતાં તે ન્યુઝીલેન્ડ સામે મોટો ટાર્ગેટ આપી શકી નથી. આ બધાની વચ્ચે મેચના ચોથા દિવસની રમત વરસાદને કારણે લગભગ એક કલાક વહેલી સમાપ્ત કરવી પડી હતી, પરંતુ તે પહેલા ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્મા અને પૂર્વ કેપ્ટન વિરાટ કોહલી વચ્ચે અમ્પાયરો સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આવું કેમ થયું અને શું ભારતીય કેપ્ટન માટે આવી દલીલ કરવી યોગ્ય હતી?બેંગલુરુ ટેસ્ટમાં અચાનક શું થયું? ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાઈ રહેલી આ મેચના ચોથા દિવસે 19 ઓક્ટોબર, શનિવારે ટીમ ઈન્ડિયાનો બીજો દાવ 462 રન પર સમાપ્ત થયો હતો. આવી સ્થિતિમાં કિવી ટીમને જીત માટે 107 રનનો ટાર્ગેટ મળ્યો હતો. દિવસની રમતમાં હજુ લગભગ એક કલાકનો સમય બાકી હતો ત્યારે ન્યુઝીલેન્ડે બીજા દાવમાં બેટિંગ શરૂ કરી હતી. આ સમય દરમિયાન, સ્ટેડિયમની ઉપર આકાશમાં ગાઢ વાદળો હતા, જે ટીમ ઈન્ડિયા માટે સારા સમાચાર હતા કારણ કે તે જસપ્રિત બુમરાહ અને મોહમ્મદ સિરાજને બોલ સ્વિંગ કરવામાં મદદ કરી શકે છે. પ્રથમ ઓવર નાખવા આવેલા બુમરાહે જ્યારે અમ્પાયરે રમત અટકાવી ત્યારે તેણે માત્ર 4 બોલ ફેંક્યા હતા. સ્ટેડિયમની ચારેય ફ્લડ લાઈટ ચાલુ હતી પરંતુ હજુ પણ અંધારું થઈ રહ્યું હતું. આવી સ્થિતિમાં, અમ્પાયરોએ લાઈટ મીટરથી લાઈટ તપાસી અને રમત રોકવાનો નિર્ણય લીધો. આવી સ્થિતિમાં, ન્યુઝીલેન્ડના બંને ઓપનર તરત જ પેવેલિયન તરફ ચાલ્યા ગયા કારણ કે આ તેમના માટે રાહતના સમાચાર હતા પરંતુ ભારતીય ટીમને તે ગમ્યું ન હતું. આગળ શું થયું, કેપ્ટન રોહિત શર્મા અમ્પાયર પોલ રાઈફલ અને માઈકલ ગફ સાથે દલીલ કરવા લાગ્યો.

## ભારત 36 વર્ષ પછી ઘરઆંગણે ન્યૂઝીલેન્ડ સામે ટેસ્ટ હાર્યું

### પહેલી ઈનિંગમાં બેટર્સનો ફ્લોપ શો ભારે પડ્યો; સિરીઝમાં 0-1થી પાછળ

(એજન્સી) બેંગલુરુ તા 20

ભારતીય ટીમે કિવીઝને જીતવા માટે 107 રનનો ટાર્ગેટ આપ્યો હતો, જે રવિવારે મુલાકાતી ટીમે 2 વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો હતો. વિલ યંગ 45 અને રચિન રવીન્દ્ર 39 રન બનાવીને અણનમ પરત ફર્યા હતા. આ પહેલાં ટીમ ઈન્ડિયા બીજી ઈનિંગમાં 462 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

ન્યૂઝીલેન્ડે પહેલી ઈનિંગમાં 402 રન અને ભારતે 46 રન બનાવ્યા હતા. ભારતીય ટીમ હોમ ગ્રાઉન્ડ પર સતત 6 ટેસ્ટ જીત્યા બાદ હારી ગઈ છે. ટીમની છેલ્લી હાર 25 જાન્યુઆરી 2024ના રોજ હૈદરાબાદમાં થઈ હતી. 3 મેચની સિરીઝમાં ટીમ 1-0થી પાછળ આ હાર બાદ ભારતીય ટીમ 3 મેચની સિરીઝમાં 0-1થી પાછળ રહી ગઈ છે. સિરીઝની



બીજી મેચ 24 થી 28 ઓક્ટોબર દરમિયાન પુણેમાં રમાશે. 4 દિવસની રમત, 2 સદી ફટકારી ટેસ્ટ મેચ 16 ઓક્ટોબરથી શરૂ થઈ હતી. પરંતુ વરસાદના કારણે પ્રથમ દિવસે ટૉસ થઈ શક્યો ન હતો. બીજા દિવસે રોહિત શર્માએ ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ટીમ ઈન્ડિયા પ્રથમ દાવમાં 46 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. બીજા અને ત્રીજા દિવસે, ન્યૂઝીલેન્ડે રચિન રવીન્દ્રની 134 રનની ઈનિંગને કારણે 402 રન બનાવ્યા હતા.

## પંત 99 રન બનાવી થયો આઉટ ભારતીયમાં 12 વર્ષ બાદ આવું બન્યું




(એજન્સી) બેંગલુરુ તા 20

રિષભ પંત બેંગલુરુ ટેસ્ટ મેચમાં સદી ફટકારવાથી માત્ર 1 રન દૂર રહ્યો હતો. ટેસ્ટ ક્રિકેટમાં આ સાતમી વખત બન્યું જ્યારે 90 કે તેથી વધુ રન બનાવ્યા બાદ સદી ફટકારી ન શક્યો હતો. જ્યારે ભારતીય ક્રિકેટમાં 12 વર્ષ પછી કોઈ ભારતીય વિકેટકીપર બેટ્સમેન 99 રન પર આઉટ થયો હતો. ટીમ ઈન્ડિયાએ બેંગલુરુ ટેસ્ટ મેચમાં જોરદાર વાપસી કરી છે. પ્રથમ દાવમાં 356 રનથી પાછળ હોવા છતાં ભારતીય ટીમે મેચમાં ન્યુઝીલેન્ડ પર પ્રભુત્વ જમાવ્યું છે. ટીમ ઈન્ડિયાની બીજી ઈનિંગમાં ભારતીય બેટ્સમેનોએ શાનદાર પ્રદર્શન કર્યું છે. સરફરાઝ ખાન બાદ રિષભ પંતે પણ શાનદાર ઈનિંગ રમી હતી. પરંતુ તે પોતાની સદીથી 1 રન દૂર રહ્યો હતો. તેણે 99 રન પર પોતાની વિકેટ ગુમાવી દીધી હતી. પરંતુ આઉટ થતા પહેલા તેણે ટીમ ઈન્ડિયાને મજબૂત સ્થિતિમાં પહોંચાડી દીધું હતું. રિષભ પંત એક સમયે મુશ્કેલ સંજોગોમાં ટીમ ઈન્ડિયાનો મુશ્કેલીનિવારક બન્યો હતો. તેણે ન્યુઝીલેન્ડ સામે રમાઈ રહેલી મેચમાં 105 બોલમાં 99 રનની ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેણે 9 ફોર અને 5 સિક્સર ફટકારી હતી. આ સાતમી વખત હતો, જ્યારે પંત 90 કે તેથી વધુ રન બનાવ્યા બાદ સદી ફટકારી શક્યો ન હતો. આ પહેલા રિષભ પંત પણ ટેસ્ટમાં 97 રન, 96 રન, 93 રન, 92 રન, 92 રન અને 91 રન બનાવીને આઉટ થયો છે. રિષભ પંતની ટેસ્ટ કારકિર્દીમાં આ પ્રથમ વખત છે જ્યારે તે 99 રન બનાવીને આઉટ થયો હોય. ભારતીય ટેસ્ટ ક્રિકેટમાં 12 વર્ષ પછી કોઈ વિકેટકીપર બેટ્સમેન 99 રન બનાવીને આઉટ થયો છે. આ પહેલા વર્ષ 2012માં એમએસ ધોની 99 રન પર આઉટ થયો હતો. ઈંગ્લેન્ડની ટીમ સામે રમાયેલી ટેસ્ટ મેચમાં ધોની 99 રન બનાવીને રનઆઉટ થયો હતો. હવે 12 વર્ષ પછી પંત સાથે આવું બન્યું છે. આ બનાવીને આઉટ થનાર પાંચમો ભારતીય બેટ્સમેન બની ગયો છે. પંત અને ધોની ઉપરાંત મુરલી વિજય, વીરેન્દ્ર સેહવાગ અને સૌરવ ગાંગુલી સાથે પણ આવું બન્યું છે.ટીમ ઈન્ડિયા આ મેચની પ્રથમ ઈનિંગમાં 46 રનમાં આઉટ થઈ ગઈ હતી. પરંતુ તેણે બીજી ઈનિંગમાં શાનદાર પ્રદર્શન કર્યું. ચોથા દિવસે ટી સમય સુધીમાં ટીમ ઈન્ડિયાએ 6 વિકેટના નુકસાન પર 438 રન બનાવ્યા હતા અને 82 રનની લીડ મેળવી લીધી હતી. જો ટીમ ઈન્ડિયા બોર્ડ પર મોટું ટોટલ લગાવવામાં સફળ રહે છે, તો તે મેચ પણ જીતી શકે છે.

## પાક. સામે હવામાં ઉછળીને ભારતીય ખેલાડીએ પકડ્યો કેચ

(એજન્સી) દુબઈ તા 20

2024માં ભારતીય ટીમે પાકિસ્તાનને 7 રનથી હરાવ્યું હતું. આ મેચમાં ભારતીય બેટ્સમેનોએ શાનદાર રમત રમી હતી અને પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાની બોલરોની ધોલાઈ કરીને 183 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. ટીમ ઈન્ડિયા તરફથી કેપ્ટન તિલક વર્માએ સૌથી વધુ 44 રન બનાવ્યા. આ પછી પાકિસ્તાની ટીમ 20



ઓવરમાં 176 રન જ બનાવી શકી હતી. રમનદીપ સિંહે આ મેચમાં શાનદાર ફિલ્ડિંગ કરી હતી. ઈનિંગ્સની 9મી ઓવરમાં પાકિસ્તાની બેટ્સમેન યાસિર ખાને નિશાંત સંધુના બોલ પર મોટો સ્ટ્રોક મારવાનો પ્રયાસ કર્યો, શોટ પણ સારો લાગ્યો. પરંતુ ભારતીય ફિલ્ડર રમનદીપ સિંહ એકદમ તૈયાર હતો. તે દોડતી વખતે હવામાં ઉછળીને શાનદાર કેચ પકડ્યો હતો. ખાસ વાત એ છે કે તેણે આ કેચ એક હાથથી પકડ્યો જાળવી રાખ્યું અને બોલને પોતાના હાથમાંથી સરકવા ન દીધો. તેના કેચનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. રમનદીપ સિંહની શાનદાર ફિલ્ડિંગની દરેક જગ્યાએ પ્રશંસા થઈ રહી છે. ભારતીય ટીમના ભૂતપૂર્વ વિકેટકીપર બેટ્સમેન દિનેશ કાર્તિકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું છે કે રમનદીપ સિંહના કેચને ભારતીય દ્વારા લેવાયેલા સૌથી મહાન કેચમાંથી એક ગણવામાં આવશે. અમેઝિંગ અને મંત્રમુગ્ધ કેચ!

## ચિંતન ગજાનો ઓલરાઉન્ડ દેખાવ

(એજન્સી) અમદાવાદ તા 20

ગુજરાત માટે સુકાની ચિંતન ગજાએ 40 રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. અરઝાન અને પ્રિયજીતસિંહે એક-એક વિકેટ ખેરવી હતી. સવારના તબક્કામાં ગુજરાતે આઠ વિકેટે 289ના સ્કોરને આગળ વધારવાનું શરૂ કર્યું હતું. ચિંતન 152 બોલમાં આઠ બાઉન્ડ્રી અને બે સિક્સર વડે 92 રન બનાવીને આઉટ થયો હતો. અરઝાન 82 રને અણનમ રહ્યો હતો. બંને વચ્ચે નવમી વિકેટ માટે 164 રનની ભાગીદારી નોંધાઈ હતી.

## ભારતની જુ. મેન્સ હોકી ટીમે જાપાનને 4-2થી હરાવ્યું

(એજન્સી) જાપાન તા 20

ભારતીય જુનિયર મેન્સ હોકી ટીમે જાપાનને 4-2થી હરાવીને સુલ્તાન જોહોર કપમાં પોતાના અભિયાનની શાનદાર શરૂઆત કરી હતી. ભારતે આમિર અલીના 12મી મિનિટે, ગુરજોતસિંહના 36મી, આનંદ સૌરભ કુશવાહના 44મી તથા અંકિત પાલે 47મી મિનિટે ગોલ નોંધાવ્યા હતા. જાપાન માટે ત્સુસાબા તનાકાએ 26મી તથા રાકુસી યામાનાકાએ 57મી મિનિટે ગોલ કર્યા હતા. ભારતના ભૂતપૂર્વ ગોલકીપર અને ઓલિમ્પિક પીઆર શ્રીજેશના કોચિંગ હેઠળ જુનિયર ટીમે પોતાની પ્રથમ મેચમાં જ શાનદાર દેખાવ કર્યો છે. ભારતે પ્રથમ ક્વાર્ટરથી આક્રમક રમત દાખવી હતી અને 12મી મિનિટે આમિરના ગોલ વડે લીડ મેળવી લીધી હતી. બીજા અને ત્રીજા ક્વાર્ટરમાં પણ ભારતનો દબદબો રહ્યો હતો. અંતિમ ક્વાર્ટરમાં અંકિત પાલે 47મી મિનિટે પેનલ્ટી કોર્નરના રિબાઉન્ડ ઉપર ગોલ કરીને ભારતનો વિજય નિવૃત કરી લીધો હતો. યામાનાકાએ અંતિમ હૂટરમાં ત્રણ મિનિટ બાકી હતી ત્યારે જાપાન માટે બીજો ગોલ નોધાવ્યો હતો પરંતુ તે ટીમના પરાજયનું માત્ર અંતર જ ઓછું કરી શક્યો હતો.

# સાઈનાએ કહ્યું- અન્ય રમતોની જેમ બેડમિન્ટનની પણ લીગ રમાવવી જોઈએ

### અમદાવાદમાં ચિરીપાલ ગ્રૂપના સ્પોર્ટ્સ ફેસ્ટિવલમાં ઓલિમ્પિક બ્રોન્ઝ મેડાલિસ્ટે પોતાના વિચારો વ્યક્ત કર્યા



**ભારતીય બેડમિન્ટન સ્ટાર સાઈના નેહવાલ શુક્રવારે અમદાવાદમાં ચિરીપાલ ગ્રૂપના સ્પોર્ટ્સ ફેસ્ટિવલમાં સામેલ થઈ હતી. સાઈનાએ જાપાની ખેલાડીઓના ફિટનેસવાળા રહસ્ય મુદ્દે વાત કરતાં કહ્યું કે, 'જો આપણે જાપાનીઝ ખેલાડીઓ જેવા ફિટનેસ રુટીનને અપનાવીશું તો પરિણામ પણ ઘણું સારું આવશે. તેઓ મેચ પહેલા અને પછી 30 મિનિટ દોડતા હોય છે. જે ફિટનેસ લેવલને અનોખા સ્તરે પહોંચાડે છે. આ જાપાનીઝ ખેલાડીઓનું રુટિન હોય છે. તેઓ મેચ બાદ પણ તુરંત રિકવરી મોડમાં નથી જતા. તમે જો સપ્તાહમાં 3-4 દિવસ ના રમો તો સ્ટેમિના ડ્રોપ થાય એવામાં ફિટનેસ જાળવી રાખવી મોટો પડકાર હોય છે. ભારતીય ખેલાડીઓ પણ તેને અપનાવી રહ્યાં છે.**

## હવેની જનરેશનને મોબાઈલનું વળગણ છે, તેનો ત્યાગ કરવો જોઈએ

સાઈનાએ હાલમાં ભારતીય મહિલા શટલર્સની સ્થિતિ પર વાત કરતાં કહ્યું કે, 'હાલ થોડો ગેપ જોવા મળે છે. ચીન પાવરહાઉસ છે અને આપણે બની રહ્યાં છે. પરિણામ આવવામાં સમય લાગી રહ્યો છે. હું અને સિંધુ હાર્ડ સ્મેશર્સ હતા, ફાસ્ટ મૂવ કરતા અને અમારા બન્નેમાં અંત સુધી હાર ના માનવાનો એટિટ્યૂડ રહેતો હોવાને કારણે પરિણામ મળતા હતા. આજકાલની યુવા પેઢી આ મામલે થોડી ઢીલી પડી રહી છે, આ સમસ્યા ભારત ઉપરાંત અન્ય દેશોમાં પણ જોવા મળે છે. કદાચ મોબાઈલનું વણગણ તેનું કારણ હોય. પણ સફળતા માટે ત્યારે એનો પણ ત્યાગ આપવો જોઈએ.'

## હવે ખેલાડીઓ પાસે સ્લિપ કોચ પણ હોય છે

'છેલ્લા 5-7 વર્ષની વાત કરીએ તો દરેક ખેલાડીઓ પાસે મેન્ટલ હેલ્થ કોચ તો હોય જ છે. હાલ તો ખેલાડીઓ પાસે સ્લીપ કોચ પણ હોય છે. મને તો મારો પ્રથમ ફિઝિયો 19 વર્ષની વયે મળ્યો હતો. ટેનિસ સ્ટાર જોકોવિચ એ એક સારી વાત કહી હતી કે- જો તમે દબાણનો સામનો ના કરી શકો તો તમે ખેલાડી નથી. પરંતુ, એક વાત એ પણ છે કે તમે ગમે તેટલા મેન્ટલ હેલ્થ કોચ રાખો અને ટ્રેનિંગ કરો તમે કોર્ટ પર ઉતરો એટલે દબાણ તો અનુભવશો જ. મેં 9 વર્ષની ઉંમરે બેડમિન્ટન રમવાનું શરૂ કર્યું હતું. જોકે, ચીનમાં 4-5 વર્ષની વયે જ બાળકો રમતમાં જોડાઈ જતા હોય છે.' એટલે એવું સમજી શકીએ, પરંતુ જો આગળ તે આમ કરે તો તે મોટી ભૂલ ગણાશે. જ્યારે સાત્વિક-ચિરાગ પાસેથી મને પણ આશા હતી. પહેલા સેટમાં તેઓ આગળ હતા અને બીજા સેટમાં પણ લીડ મેળવ્યા બાદ હાર્યા, સિંધુ સારું રમી તો તેની હરીફ વધુ સારું રમી. ખેલાડીઓ પણ મેડલ મિસ કરે તો તેમને ઘણું દુઃખ થાય છે.'

## ખેલાડીઓ મેડલ મિસ કરે તો તેમને વધુ દુઃખ થાય છે

પેરિસ ઓલિમ્પિકમાં ભારતીય શટલર્સના પ્રદર્શન મુદ્દે સાઈનાએ કહ્યું કે, 'તમામ હરીફ પણ સારું જ રમ્યા છે, ઓલિમ્પિકમાં તમે જાવ અને મેડલ મળી જાય એવું નથી હોતું. ત્યાં દબાણ સામાન્ય ટુર્નામેન્ટ કરતા 3-4 ગણું વધારે રહે છે, લક્ષ્ય મેચમાં જીતી શકતો હતો પરંતુ દબાણમાં ઘણીવાર હારનો સામનો કરવો પડે છે. તે આ વાતને અનુભવ સાથે શીખશે. લક્ષ્ય પહેલીવાર ઓલિમ્પિકમાં હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### ભારતનો 'ભાગેડુ' આતંકી કેનેડિયન પોલીસ અધિકારી!

ભારત અને કેનેડાની વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. બગડતા સંબંધોની વચ્ચે દિલ્હીમાં ભાગેડુ આતંકવાદીઓની યાદીમાં કેનેડિયન બોર્ડર સર્વિસ એજન્સીના એક અધિકારીનું નામ સામેલ છે. ભારત આ યાદીમાં સામેલ આતંકવાદીઓને કેનેડામાંથી દેશ નિકાલ કરાવવા માગે છે. ભારતે આ યાદી ટ્રુડો પ્રશાસનને સુપરત કરી છે. રિપોર્ટ પ્રમાણે, પ્રતિબંધિત ઈન્ટરનેશનલ શીખ યૂથ ફેડરેશન (ISYF)ના સભ્ય અને CBSAમાં સેવા આપતા સંદીપ સિંહ સિદ્ધુને પંજાબમાં આતંકવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે તેની કથિત સંડોવણી બદલ યાદીમાં સામેલ કરવામાં આવ્યો છે. સિદ્ધુ સીબીએસએનો સુપરિન્ટેન્ડેન્ટ હતો સંધુને તેની બહાદુરી માટે શૌર્યચક્ર પણ એનાયત કરવામાં આવ્યું હતું. તેઓ શીખ્સ ફોર જસ્ટિસ (SFJ) દ્વારા યુએસ અને કેનેડામાં ખાલિસ્તાન જનમતનો વિરોધ કરવા માટે પણ જાણીતો હતો. એક રિપોર્ટ અનુસાર, સંદીપ સિંહ સિદ્ધુને કથિત રીતે CBSAમાં સુપરિન્ટેન્ડેન્ટના પદ પર પ્રમોશન આપવામાં આવ્યું હતું.રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)એ કહ્યું હતું કે કેનેડાના ખાલિસ્તાની ગુર્ગા સની ટોરન્ટો અને પાકિસ્તાનનો આતંકવાદી લખબીર સિંહ ઉર્ફે રોડે સંધુની હત્યાની પાછળ માસ્ટરમાઈન્ડ છે, જોકે હજુ સુધી એ જાણી શકાયું નથી.

### 25 કરોડ જીતવાનો શાનદાર મોકો! બસ પૂરી કરવી પડશે આ ચેલેન્જ

અમેરિકાની સ્પેસ એજન્સી નાસાના આ પ્રોજેક્ટનો ભાગ બનશો તો 25 કરોડ રૂપિયા જીતવાનો મોકો મળશે. ચેલેન્જમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન ચાલી રહ્યા છે. અંતરિક્ષમાં સૌથી પહેલા વર્ષ 1961માં સોવિયત રશિયાના યુરી ગાગનિર ગયા હતા. તે અંતરિક્ષમાં જનાર દુનિયાના પહેલા વ્યક્તિ હતા. તેના બાદ અંતરિક્ષની દુનિયા ખૂબ જ બદલાઈ ગઈ છે. દરેક મોટા દેશના સ્પેસ સ્ટેશન છે અને અંતરિક્ષ વૈજ્ઞાનિક ત્યાં આવતા જતા રહે છે.તેની સાથે જ અંતરિક્ષમાં કચરો પણ ખૂબ થઈ ગયો છે. માટે ચંદ્ર પર ઘર બનાવવાનું સપનું દેખનાક અમેરિકાની સ્પેસ એજન્સી નાસાએ અંતરિક્ષને કચરાથી મુક્ત કરવા માટે તેને રિસાયકલ કરવાનો પ્લાન બનાવ્યો છે. મીડિયા રિપોર્ટ અનુસાર નાસાએ દુનિયાને એક ચેલેન્જ આપ્યું છે. આ મિશનનું નામ છે લૂના રીસાયકલ ચેલેન્જ, જેને પુરૂ કરનારને 3 મિલિયન ડોલરની કોશ પ્રાઈઝ મળશે. આ પ્રાઈસને જીતનારને અંતરિક્ષના કચરાને રિસાયકલ કરવાનો આઈડિયા નાસાને આપવાનો રહેશે. આ ચેલેન્જનો હેતુ દુનયાભરના વૈજ્ઞાનિકો, એન્જિનિયરો અને સ્ટૂડન્ટ્સને સ્પેસની દુનિયામાં આગળ આવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. જણાવી દઈએ કે નાસાએ સપ્ટેમ્બર 2026માં ચંદ્રમા પર મનુષ્યને ઉતારવાની યોજના બનાવી છે. આ એક ઐતિહાસિક મિશન હશે અને આ મિશનમાં પહેલી વખત એક મહિલા ચંદ્રમા પર પગ મુકશે.

### વણસેલા સંબંધ વચ્ચે કેનેડાની નજર હવે ભારતીય પત્રકારો પર!

કેનેડાના વિદેશી હસ્તક્ષેપ કમિશનની વેબસાઈટ પર એક દસ્તાવેજ દેખાયો જે સૂચવે છે કે, કેનેડા કેટલાક વ્યક્તિગત ભારતીય પત્રકારો અને મીડિયા આઉટલેટ્સ પર નજર રાખી રહ્યું છે અને તેમની તમામ સોશિયલ મીડિયા પોસ્ટ્સનું ડોઝિયર જાળવી રહ્યું છે કેનેડાના વિદેશી હસ્તક્ષેપ કમિશનની વેબસાઈટ પર એક દસ્તાવેજ દેખાયો જે સૂચવે છે કે, કેનેડા કેટલાક વ્યક્તિગત ભારતીય પત્રકારો અને મીડિયા આઉટલેટ્સ પર નજર રાખી રહ્યું છે અને તેમની તમામ સોશિયલ મીડિયા પોસ્ટ્સનું ડોઝિયર જાળવી રહ્યું છે ભારત અને કેનેડા વચ્ચેના બગડતા સંબંધો વચ્ચે એક મોટી અપડેટ સામે આવી છે. વાસ્તવમાં કેનેડાની સરકાર ભારતીય પત્રકારો અને મીડિયા પર નજર રાખી રહી છે. કેનેડિયન મામલામાં ભારતીય દખલગીરીની તપાસના ભાગરૂપે ભારતીય પત્રકારો દ્વારા સોશિયલ મીડિયા પોસ્ટનો ડોઝિયર ફોરેન ઈન્ટરફેન્સ કમિશનને આપવામાં આવ્યો છે. કેનેડાના વિદેશી હસ્તક્ષેપ કમિશનની વેબસાઈટ પર એક દસ્તાવેજ દેખાયો છે. આ સૂચવે છે.

### કચવાતા મને લીધી લોટરીની ટિકિટ, પછી ઈનામમાં લાગ્યા 770000000 રૂપિયા

એક વ્યક્તિનું નસીબ એવું હતું કે તેણે ગભરાટના સમયે ખરીદેલી તે જ ટિકિટ પર 9.2 મિલિયન ડોલરનો જેકપોટ મળ્યો. કહેવાય છે કે ભગવાન આપે છે ત્યારે છત ફાડી નાખે છે. આવું જ કંઈક અમેરિકાના ઈલીનોઈસ પ્રાંતમાં રહેતા એક યુવક સાથે થયું છે. એક તરફ આ વ્યક્તિ પોતાની મનપસંદ ટિકિટ ન મળતા નિરાશ થઈ રહ્યો હતો અને બીજી તરફ તેણે પોતાની ઈચ્છા વિરુદ્ધ ખરીદેલી ટિકિટ પર 92 લાખ ડોલર એટલે કે લગભગ 77 લાખ રૂપિયાની લોટરી મળી ગઈ. હવે અને નસીબ ન કહેવું તો શું કહેવું. રિપોર્ટ્સ અનુસાર લોટરી જીતનાર વ્યક્તિની ઓળખ ગુપ્ત રાખવામાં આવી છે. તેને ઈલીનોઈસ લોટરીના અધિકારીઓને કહ્યું કે તે કરિયાણાની ખરીદી કરવા એડિસનના જ્વેલ સ્ટોર પર ગયો હતો. વ્યક્તિએ તે સ્ટોરથી સામાન ખરીદીને નીકળતો હતો ત્યારે તેને વિચાર્યું કે એક લોટરીની લેતો જાવ. વ્યક્તિએ કહ્યું કે જ્યારે તે પોતાની મનપસંદ ટિકિટ ખરીદવાનો પ્રયત્ન કરતો હતો ત્યારે પ્રોબ્લેમ શરૂ થઈ ગઈ.

## ગાઝામાં કરી એરસ્ટ્રાઈક; 50 લોકોના મોત

# નેતન્યાહુ પર ડ્રોન હુમલા બાદ ઈઝરાયલનો વળતો પ્રહાર

**(એજન્સી) લેબનોન તા 20**

લેબનોનમાં હિઝબુલ્લાહ અને ગાઝામાં હમાસ સાથે ઈઝરાયલનું યુદ્ધ બંધ થવાના કોઈ સંકેતો દેખાતા નથી. બેન્જામિન નેતન્યાહુના નિવાસ પર હુમલા બાદ ગાઝા પર હવાઈ હુમલો કરવામાં આવ્યો, જેમાં બાળકો સહિત 50 લોકોના મોતના અહેવાલ છે. શનિવારે ઈઝરાયલમાં એક ડ્રોને વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના નિવાસને નિશાન બનાવ્યું. જો કે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. આ દરમિયાન, ઈઝરાયલે બેરૂતના દક્ષિણી ઉપનગર દહિયેહમાં જ્યાં હિઝબુલ્લાહની ઓફિસો છે, તેના પર ઓછામાં ઓછા ત્રણ હવાઈ હુમલા કર્યા. માહિતી અનુસાર, ગાઝામાં ઈઝરાયલી દળોએ પેલેસ્ટિનિયન પ્રદેશના ઉત્તર ભાગમાં આવેલી હોસ્પિટલોને નિશાન બનાવી અને હુમલામાં 24 કલાકથી ઓછા સમયમાં બાળકો સહિત 50 થી વધુ લોકોના મોત થયા. ગયા વર્ષે 7 ઓક્ટોબરના ઘાતક હુમલાના માસ્ટરમાઈન્ડના મરાયા ગયા પછી લેબનોનમાં હિઝબુલ્લાહ અને ગાઝામાં હમાસ સાથે ઈઝરાયલનું યુદ્ધ બંધ થવાના કોઈ સંકેતો દેખાતા નથી. ઈઝરાયલ સરકારે કહ્યું કે લેબનોનથી રોકેટ ફાયરિંગને જોતા શનિવારે ઈઝરાયલમાં સાયરન વાગ્યું અને તેની સાથે જ સૈસરિયા સ્થિત વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના નિવાસસ્થાન તરફ ડ્રોનથી હુમલો કરવામાં આવ્યો. વડાપ્રધાનના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું કે જ્યારે હુમલો કરવામાં આવ્યો ત્યારે નેતન્યાહુ કે તેમની પત્ની વડાપ્રધાનના આવાસ પર હાજર ન હતા. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે હિઝબુલ્લાહે ડ્રોન હુમલાની જવાબદારી સ્વીકારી નથી, પરંતુ કહ્યું કે તેણે ઉત્તર અને મધ્ય ઈઝરાયલ પર અનેક રોકેટ હુમલા કર્યા.



### વડાપ્રધાનના આવાસ પર હુમલો

તેમના આવાસ પર હુમલો થયા બાદ ઈઝરાયલના પીએમ બેન્જામિન નેતન્યાહુએ ટ્વીટ કર્યું, ઈરાનના પ્રોક્સી હિઝબુલ્લાહ દ્વારા આજે મારી અને મારી પત્નીની હત્યા કરવાનો પ્રયાસ એક ગંભીર ભૂલ હતી. આનાથી હું કે ઈઝરાયલ અમારા ભવિષ્યને સુરક્ષિત કરવા માટે અમારા દુશ્મનો સામેનું ન્યાયી યુદ્ધ ચાલુ રાખવાથી પીછેહઠ નહીં કરીએ. હું ઈરાનને કહ્યું છું - કોઈપણ જે ઈઝરાયલના નાગરિકોને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરશે તે આતંકવાદીઓને અમે ખતમ કરવાનું ચાલુ રાખીશું અને અમે અમારા બંધકોને ઘરે લાવીશું. અમારા નાગરિકો કે જેઓ અમારી ઉત્તરીય સરહદ પર રહે છે તેઓને સુરક્ષિત રીતે તેમના ઘરે પરત લવાશે.વડાપ્રધાનના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું કે જ્યારે હુમલો કરવામાં આવ્યો ત્યારે નેતન્યાહુ કે તેમની પત્ની વડાપ્રધાનના આવાસ પર હાજર ન હતા. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે હિઝબુલ્લાહે ડ્રોન હુમલાની જવાબદારી સ્વીકારી નથી, પરંતુ કહ્યું કે તેણે ઉત્તર અને મધ્ય ઈઝરાયલ પર અનેક રોકેટ હુમલા કર્યા. આ હુમલા એવા સમયે થયો જ્યારે આ મહિનાની શરૂઆતમાં ઈરાન દ્વારા કરવામાં આવેલા હુમલાનો ઈઝરાયલ તરફથી જવાબ આપવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે. આ હુમલા એવા સમયે થયો જ્યારે આ મહિનાની શરૂઆતમાં ઈરાન દ્વારા કરવામાં આવેલા હુમલાનો ઈઝરાયલ તરફથી જવાબ આપવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે.

### ગાઝામાં પણ હમાસ સાથે યુદ્ધ ચાલુ

બીજી તરફ ઈઝરાયલનું ગાઝામાં હમાસ સાથે યુદ્ધ પણ ચાલુ છે. ઈઝરાયલી સૈનિકોએ ગુરુવારે હમાસના ટોચના નેતા યાહ્યા સિનવરને ઠાર કરી દીધો, જે પછી બંને વચ્ચે યુદ્ધ અટકવાની શક્યતા ઓછી જણાઈ રહી છે. ઈરાનના સર્વોચ્ચ નેતા યાતુલ્લા અલી ખામેનેઈએ શુક્રવારે કહ્યું હતું કે સિનવારનું મૃત્યુ દુ:ખદ ખોટ છે. તેણે એમ પણ કહ્યું કે સિનવર પહેલા ઘણા પેલેસ્ટિનિયન નેતાઓની હત્યા થઈ હોવા છતાં હમાસ તેનું અભિયાન ચાલુ રાખી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે હમાસ જીવિત છે અને જીવંત રહેશે. PMOએ કહ્યું કે આ ડ્રોન હુમલામાં PM નેતન્યાહૂનું અંગત નિવાસસ્થાન નિશાન હતું. હુમલા સમયે નેતન્યાહુ અને તેમની પત્ની સારા ઘરે નહોતા. ડ્રોન સિસેરિયામાં એક બિલ્ડિંગ પર પડ્યું હતું. કોઈ જાનહાનિ થઈ નથી. આ અંગે નેતન્યાહુએ કહ્યું કે, 'મને મારવાની કોશિશ કરવા માટે મારા અને મારી પત્ની પર હુમલો કરીને હિઝબુલ્લાહે મોટી ભૂલ કરી છે.' ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ (IDF)એ જણાવ્યું હતું કે શનિવારે લેબનનથી ઈઝરાયલ પર ત્રણ ડ્રોન છોડવામાં આવ્યા હતા. ઈઝરાયલી ફોર્સે 2 ડ્રોન તોડી પાડ્યા. હુમલા બાદ ગિલોટ મિલિટરી બેઝ પર એલાર્મ વાગવા લાગ્યું.

### હિઝબુલ્લાહને ઈરાનનું સમર્થન

લેબનોનના ઉગ્રવાદી સંગઠન હિઝબુલ્લાહને ઈરાનનું સમર્થન છે. હિઝબુલ્લાહે શુક્રવારે કહ્યું હતું કે તે ઈઝરાયલમાં હજુ વધારે માર્ગદર્શિત મિસાઈલો અને વિસ્ફોટક ડ્રોનથી હુમલો કરીને લડાઈનો નવો તબક્કો શરૂ કરવાની યોજના બનાવી રહ્યું છે. વાસ્તવમાં, હિઝબુલ્લાહના મુખ્ય નેતા હસન નસરાલ્લાહ સપ્ટેમ્બરના અંતમાં ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલામાં માર્યા ગયા હતા, ત્યારબાદ ઈઝરાયલે ઓક્ટોબરની શરૂઆતમાં લેબનોનમાં તેની સેના મોકલી દીધી હતી.

# નેતન્યાહુએ કહ્યું- મને મારવાનો પ્રયાસ કરવો એ હિઝબુલ્લાહની મોટી ભૂલ

**(એજન્સી) ઈઝરાયેલ તા 20**

શનિવારે હિઝબુલ્લાહે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના હોમ ટાઉન સિસેરિયામાં ડ્રોન હુમલો કર્યો. ટાઈમ્સ ઓફ ઈઝરાયલના અહેવાલ મુજબ PMOએ હુમલાની પુષ્ટિ કરી છે. PMOએ કહ્યું કે આ ડ્રોન હુમલામાં PM નેતન્યાહૂનું અંગત નિવાસસ્થાન નિશાન હતું. હુમલા સમયે નેતન્યાહુ અને તેમની પત્ની સારા ઘરે નહોતા. ડ્રોન સિસેરિયામાં એક બિલ્ડિંગ પર પડ્યું હતું. કોઈ જાનહાનિ થઈ નથી. આ અંગે નેતન્યાહુએ કહ્યું કે, 'મને મારવાની કોશિશ કરવા માટે મારા અને મારી પત્ની પર હુમલો કરીને હિઝબુલ્લાહે મોટી ભૂલ કરી છે.'

ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ (IDF)એ જણાવ્યું હતું કે શનિવારે લેબનનથી ઈઝરાયલ પર ત્રણ ડ્રોન છોડવામાં આવ્યા હતા. ઈઝરાયલી ફોર્સે 2 ડ્રોન તોડી પાડ્યા. હુમલા બાદ ગિલોટ મિલિટરી બેઝ પર એલાર્મ વાગવા લાગ્યું. ટાઈમ્સ ઑફ ઈઝરાયલના જણાવ્યા અનુસાર, શનિવાર સવારથી જ લેબનનથી ઈઝરાયલના તિબેરિયા અને આસપાસના વિસ્તારોને નિશાન બનાવીને ડ્રોન અને રોકેટ હુમલા થઈ રહ્યા છે. ઘણાં રોકેટ



ગેલિસિયાના સમુદ્રમાં પડતાં જોવા મળ્યાં હતાં, જેના કારણે કોઈ ઈજા થઈ નથી. તેલ અવીવ અને શહેરના ઉત્તરીય વિસ્તારોમાં ડ્રોન હુમલાની ચેતવણીના સાયરન્સ પણ સાંભળવા મળ્યા હતા. ઈઝરાયલ હુમલામાં હમાસ ચીફ યાહ્યા સિનવારના મોત બાદ ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખમેનીનું આ પહેલું નિવેદન છે. ટાઈમ્સ ઑફ ઈઝરાયલ અનુસાર, તેમણે કહ્યું હતું કે યાહ્યા સિનવારના મૃત્યુ પછી પણ હમાસનો અંત આવ્યો નથી.શનિવારે ખામેનીના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર સિનવારના મૃત્યુ સાથે સંબંધિત ઘણી પોસ્ટ કરવામાં આવી હતી. એમાં લખ્યું છે- સિનવાર તેના શહીદ મિત્રો પાસે ગયો છે. તેની વિદાય આપણા માટે દુ:ખદાયક છે, પરંતુ જે રીતે અહેમદ યાસિન, અબ્દેલ અઝીઝ રંતિસી, ઈસ્માઈલ હનીયાહની શહાદત પછી પણ હમાસે પોતાનું કામ ચાલુ રાખ્યું, તે સિનવારના મૃત્યુ પછી પણ અટકશે નહીં. ખામેનીએ કહ્યું હતું કે ઈરાન હંમેશાંની જેમ પેલેસ્ટિનિયન મુજાહિદ્દીન અને લડવૈયાઓ સાથે ઊભું રહેશે. આ પહેલાં શુક્રવારે ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અર્ગાચીએ સિનવારને શહીદ ગણાવ્યા હતા. અરઘાચીએ સોશિયલ મીડિયા પર કહ્યું હતું કે સિનવારે પોતાની જમીન માટે લડતા પોતાના જીવનનું બલિદાન આપ્યું છે. તેને ક્યારેય મૃત્યુનો ડર નહોતો. તેઓ અંત સુધી બહાદુરીથી લડ્યા અને શહીદ થયા. તેણે અંતિમ ક્ષણોમાં પણ બહાદુરી બતાવી.ઈઝરાયલી ફોર્સે 2 ડ્રોન તોડી પાડ્યા. હુમલા બાદ ગિલોટ મિલિટરી બેઝ પર એલાર્મ વાગવા લાગ્યું. ટાઈમ્સ ઑફ ઈઝરાયલના જણાવ્યા અનુસાર, શનિવાર સવારથી જ લેબનનથી ઈઝરાયલના તિબેરિયા અને આસપાસના વિસ્તારોને નિશાન બનાવીને ડ્રોન અને રોકેટ હુમલા થઈ રહ્યા છે. ઘણાં રોકેટ ગેલિસિયાના સમુદ્રમાં પડતાં જોવા મળ્યાં હતાં,

# કેનેડાથી પરત ફરશે આ ભારતીયો? જાણો શું છે સમગ્ર મામલો



**(એજન્સી)કેનેડા તા 20**

કેનેડામાં લગભગ 1.3 લાખ ભારતીય વિદ્યાર્થીઓની વર્ક પરમિટ 31 ડિસેમ્બર, 2024 ના રોજ સમાપ્ત થવાની તૈયારીમાં છે. આ પરિસ્થિતિ સામે, વિદ્યાર્થીઓ બ્રેમ્પટનમાં વિરોધ કરી રહ્યા છે, જ્યાં તેઓ પોસ્ટ ગ્રેજ્યુએટ વર્ક પરમિટના વિસ્તરણની માગ કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓ મોટાભાગે પંજાબના છે. દેશનિકાલના ડરથી 29 ઓગસ્ટથી વિરોધ કરી રહ્યા છે.આ વિદ્યાર્થીઓ પોસ્ટ ગ્રેજ્યુએટ વર્ક પરમિટના વિસ્તરણ, કાયમી નિવાસ માટે યોગ્ય નીતિ અને "શોષણ" સામે તેમની માગણીઓ આગળ મૂકી રહ્યા છે. વિરોધનું નેતૃત્વ યંગ સ્ટુડન્ટ નેટવર્કના બિક્રમ સિંહ કુલેવાલ દ્વારા કરવામાં આવી રહ્યું છે અને તેને મોન્ટ્રીયલ યુથ સ્ટુડન્ટ્સ ઓર્ગેનાઈઝેશન દ્વારા પણ સમર્થન આપવામાં આવ્યું છે. મોન્ટ્રીયલ યુથ સ્ટુડન્ટ્સ ઓર્ગેનાઈઝેશનના કન્વીનર મનદીપે જણાવ્યું હતું કે, "લગભગ 1.3 લાખ વિદ્યાર્થીઓ જોખમમાં છે કારણ કે તેમની વર્ક પરમિટ 31 ડિસેમ્બરે સમાપ્ત થશે. તેઓ કેનેડામાં રહેવા માટે વર્ક પરમિટ વધારવાની માગ કરી રહ્યા છે. પરંતુ છેલ્લા એક વર્ષમાં ભારત અને "કેનેડા વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો અને કેનેડાએ ઈમિગ્રન્ટ્સ અને વિદ્યાર્થીઓમાં બિનજરૂરી ભય પેદા કર્યો છે." તેમને કહ્યું કે ભારત સરકાર વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને રોજગાર આપવામાં નિષ્ફળ રહી છે, જેના કારણે યુવાનો પાસે કેનેડા અને અન્ય દેશોમાં સ્થળાંતર કરવા સિવાય કોઈ વિકલ્પ રહ્યો નથી. મોન્ટ્રીયલ યુથ સ્ટુડન્ટ્સ ઓર્ગેનાઈઝેશનના વરુણ ખન્નાએ જણાવ્યું કે છેલ્લા ઘણા વિદ્યાર્થીઓ કાયમી વસવાટ માટે સંઘર્ષ કરી રહ્યા છે. તેમને કહ્યું કે ન તો ભારત સરકારના કોઈ અધિકારી કે કેનેડા સરકારના કોઈ પ્રતિનિધિ આ સંઘર્ષ કરી રહેલા વિદ્યાર્થીઓ પ્રત્યે કોઈ ચિંતા દર્શાવી રહ્યા નથી.

# બાંગ્લાદેશના કાયદા મંત્રીએ કહ્યું- શેખ હસીનાનું પ્રત્યાર્પણ જરૂરી:ભારત ના પાડશે તો અમે વિરોધ કરીશું

**(એજન્સી)ઢાકા તા 20**

બાંગ્લાદેશની વચગાળાની સરકારમાં કાયદા મંત્રી આસિફ નઝરુલે શુક્રવારે કહ્યું કે જો ભારત પૂર્વ પીએમ શેખ હસીનાના પ્રત્યાર્પણને નકારવાનો પ્રયાસ કરશે તો તેનો સખત વિરોધ કરવામાં આવશે. ન્યૂઝ એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર બાંગ્લાદેશની ઈન્ટરનેશનલ ક્રાઈમ ટ્રિબ્યુનલે શેખ હસીના વિરુદ્ધ ધરપકડ વોરંટ જાહેર કર્યું હતું, ત્યારબાદ નઝરુલે આ ટિપ્પણી કરી હતી. બાંગ્લાદેશની કોર્ટે ગુરુવારે હસીનાને 18 નવેમ્બર સુધીમાં તેની સમક્ષ હાજર કરવાનો આદેશ આપ્યો હતો. મંત્રી નઝરુલે કહ્યું કે બાંગ્લાદેશ અને ભારત વચ્ચે પહેલેથી જ પ્રત્યાર્પણ સંધિ છે. ભારત નિયમોને ટાંકીને શેખ હસીનાને અહીં મોકલવાનો ઈનકાર કરી શકે છે, પરંતુ પ્રમાણિકતાથી કહીએ તો ભારત હસીનાને બાંગ્લાદેશ મોકલવા માટે બંધાયેલું છે.

હેલિકોપ્ટરમાં ચડતા પહેલા શેખ હસીનાનો



વીડિયો. તે સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. શેખ હસીના પર વિદ્યાર્થીઓની ચળવળ દરમિયાન હિંસા અને માનવાધિકાર ઉલ્લંઘનનો આરોપ છે. તેની સામે 200થી વધુ કેસ પેન્ડિંગ છે. 5 ઓગસ્ટે ભારે હિંસા બાદ શેખ હસીના પોતાની નાની બહેન સાથે ભારત આવી હતી. આ પછી બાંગ્લાદેશે તેનો રાજદ્વારી પાસપોર્ટ રદ કરી દીધો હતો. ભારતના વિદેશ મંત્રાલયે ગુરુવારે કહ્યું હતું કે શેખ હસીના સુરક્ષા કારણોસર ભારત આવ્યા હતા અને તે હજુ પણ અહીં છે. એવું માનવામાં આવે છે કે શેખ હસીનાને કોઈ અજાણી જગ્યાએ રાખવામાં આવ્યા છે. ત્યારથી તેઓ જાહેરમાં જોવા મળ્યા નથી. નઝરુલે ગયા મહિને કહ્યું હતું કે જ્યારે ટ્રાયલ પ્રક્રિયા શરૂ થશે ત્યારે બાંગ્લાદેશ ઔપચારિક રીતે હસીનાના પ્રત્યાર્પણની માગ કરશે. તે જ સમયે શેખ હસીનાના વિપક્ષી નેતા રૂહુલ કબીર રિઝવીએ કહ્યું કે હસીનાને આશરો આપવો એ ખૂની અને ગુનેગારને આશ્રય આપવા સમાન છે. આપણે તેને યોગ્ય રાજદ્વારી પ્રક્રિયા દ્વારા પરત લાવવો પડશે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની પ્રત્યાર્પણ સંધિ અનુસાર ધરપકડ વોરંટ સિવાય બંને દેશોએ ગુનાના પુરાવા પણ શેર કરવાના હતા. જો કે, આ નિયમ વર્ષ 2016 માં નાબૂદ કરવામાં આવ્યો હતો જેથી ગુનેગારોનું પ્રત્યાર્પણ ઝડપથી થઈ શકે.

### એલન મસ્કની કંપનીમાં કામ કરવાની ઓપન ઑફર! એ પણ કલાકના મળશે રૂ. 5000

એલન મસ્ક એઆઈ ટ્યુટર્સની શોધમાં છે. આ જોબ ઓપનિંગ મસ્કની AI કંપની xAI માટે છે. રિપોર્ટ અનુસાર, કંપની આ કામ માટે 5000 રૂપિયા પ્રતિ કલાક સુધી ચૂકવવા તૈયાર છે. આ કામ તમને તદ્દન ટેક્નિકલ લાગી શકે છે, પરંતુ વાસ્તવમાં તે એટલું ટેકનિકલ નથી. AI ટ્યુટર તરીકે, તમારે ફક્ત એ જ જોવાનું હોય છે કે xAI ની ફીડબેકને યોગ્ય રીતે સમજવા અને શીખવામાં સક્ષમ છે કે કેમ. એકંદરે, આ કામ xAIની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સિસ્ટમને વધુ સ્માર્ટ બનાવવાનું છે.

## વીડિયોએ લાખો લોકોને ગોથે ચડાવ્યા; સોશિયલ મીડિયા પર લોકોની ફની કોમેન્ટ્સ

# ઈજિપ્તના પિરામિડ પર ચડી ગયો કૂતરો:448 ફૂટ ઉપર પહોંચીને આરામ કર્યો

**(એજન્સી)ઈજિપત તા 20**

એક સમય એવો હતો કે જ્યારે ઈજિપ્તની મુલાકાતે આવતા પ્રવાસીઓ પિરામિડની ઊંચાઈનો આનંદ માણ્યા વિના પાછા ફરતા ન હતા. આ વાત હવે ભૂતકાળ છે. હવે જો તમે પિરામિડ પર ચઢતા પકડાઈ જાવ તો તમારે માત્ર દંડ જ નહીં ભરવો પડે પરંતુ તમારે જેલ પણ જવું પડી શકે છે. 51.5 ડિગ્રી પર નમેલા વિશ્વની અજાયબીઓમાં સામેલ પિરામિડ પર ચઢવું એટલું મુશ્કેલ નથી, પરંતુ તેમાંથી નીચે ઉતરવું ઘણું મુશ્કેલ માનવામાં આવે છે. પરંતુ સોશિયલ મીડિયા પર હાલ એક એવો વીડિયો વાઈરલ થાય છે જેને જોઈને લાખો લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે.

ગીઝાના પિરામિડ સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. આ



વિશાળ પિરામિડ લગભગ 448 ફૂટ જેટલો ઊંચો છે. પરંતુ તમને સાંભળીને નવાઈ લાગશે કે આ પિરામિડ પર એક કૂતરો ચઢી ગયો. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલો આ વીડિયો પેરાગ્લાઈડરે કેપ્ચર કર્યો છે. જ્યારે આ પેરેગ્લાઈડર આકાશમાંથી પિરામિડની મજા માણી રહ્યો હતો, ત્યારે તેની નજર પિરામિડની ટોચ પર પડી અને તે ચોંકી ગયો. તેણે જોયું કે એક કૂતરું પિરામિડ પર આરામ કરી રહ્યું હતું. આ દૃશ્યે સૌને ચોંકાવી દીધા. આ કૂતરું ગીઝાના 448 ફૂટ ઊંચા પિરામિડ પર કેવી રીતે ચઢ્યું? આ ચોંકાવનારો વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ થતાં જ તે વાઈરલ થવા લાગ્યો હતો. લોકોએ આ વીડિયોને ઘણો પસંદ કર્યો છે. CNNના અહેવાલ અનુસાર, તેણે કહ્યું, 'અમે પિરામિડની ટોચ પર કંઈક જોયું. લોકો કૂતરાની બહાદુરીના વખાણ કરતાં પોતાને રોકી શક્યા નહીં. મોશર આ અસામાન્ય વસ્તુ જોઈને વિચારમાં પડી ગયો હતો. શું કૂતરો નીચે ઉતર્યો? મોશેરે કહ્યું કે આ કૂતરો પિરામિડની આસપાસ રહેતા કૂતરાઓમાંનો એક હતો. તેના માટે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. બીજા દિવસે પિરામિડ પર પેરાગ્લાઈડિંગ કરીને કૂતરાને શોધવાનો પ્રયાસ કરવામાં આવ્યો, પરંતુ પ્રયાસ અસફળ રહ્યો. એક દિવસ પછી તેના સંબંધિત અપડેટ જાહેર કરવામાં આવે છે. જેમાં કૂતરો સુરક્ષિત પોતાની મેળે પિરામિડમાંથી નીચે ઉતરવાની માહિતી આપવામાં આવે છે. જેને સંબંધિત એક વીડિયો પણ સામે આવે છે. લોકોએ આ વીડિયો પર ફની કોમેન્ટ પણ કરી છે. એક યુઝર્સે કન્સર્ન બતાવતા લખ્યું, 'આશા છે કે તે સુરક્ષિત રીતે ઉતરશે.' અન્ય યુઝર્સે મજાકમાં લખ્યું, 'આ કૂતરો નથી... ઈજિપ્તના દેવતા છે'. એક યુઝરે લખ્યું- દરેક કૂતરાનો દિવસ આવે છે, તો બીજાએ લખ્યું- આ કૂતરો જેલ જશે.

## સંક્ષિપ્ત સમાચાર

### રાજસ્થાનની ચોંકાવનારી ઘટના, નશીલા પેંડા ખવડાવી યુવતી પર આચર્યું દુષ્કર્મ, સાધુ પર આરોપ

સીકર : રાજસ્થાનના સીકરમાં એક મંદિરના બાબા વિરૂદ્ધ યુવતીએ દુષ્કર્મનો આરોપ મૂકતા ફરિયાદ નોંધાવી છે. યુવતીએ આરોપ લગાવ્યો છે કે, બાબાએ તંત્ર વિદ્યાની આડમાં નશીલો પદાર્થ ખવડાવી તેની સાથે દુષ્કર્મ કર્યું હતું. ત્યારબાદ આ ઘટના કોઈને જણાવી તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.સીકરના ખેડી દાતુંજલા વિસ્તારના શ્રેત્રપાળ મંદિરના બાબા બાલકનાથ સહિત અન્ય બે લોકોની વિરૂદ્ધ યુવતીએ દુષ્કર્મનો આરોપ લગાવતાં ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી છે.સીકરના ખેડી દાતુંજલા વિસ્તારના ક્ષેત્રપાળ મંદિરના બાબા બાલકનાથે તંત્ર વિદ્યાની મદદથી તેના પરિવારની સમસ્યાઓ દૂર કરવાનું વચન આપી તેના પર દુષ્કર્મ આચર્યુ છે. બાબા અને તેના ડ્રાઈવરે આ અંગે કોઈને પણ ન જણાવવા ધમકી આપી હતી. જો કોઈને જાણ કરી તો તેના આખા પરિવારને મારી નાખવા તેમજ તેનો દુષ્કર્મનો વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી. પીડિતાએ પોલીસને જણાવ્યું હતું કે, થોડા સમય પહેલાં તે મંદિરમાં પુજા કરવા ગઈ હતી. જ્યાં રાજેશ નામનો યુવક મળ્યો હતો. રાજેશે તેને બાબા બાલકનાથનો સંપર્ક કરાવ્યો હતો. બાબા બાલકનાથે તેની સમસ્યા દૂર કરવાનું વચન આપ્યું હતું. થોડા દિવસો બાદ બાબા બાલકનાથ તેને પોતાની ગાડીમાં તેના ઘરે મૂકી જવાનું કહ્યું, રસ્તામાં તેને પ્રસાદના નામે પેંડા ખવડાવ્યા હતા. પેંડા ખાતા જ યુવતી બેભાન થઈ ગઈ અને બાબાએ તેના પર ત્રણ વખત દુષ્કર્મ આચર્યુ હતું.બાબાના ડ્રાઈવર યોગેશે દુષ્કર્મનો વીડિયો બનાવ્યો હતો. ત્યારબાદ આરોપી બાબા અને તેના સહયોગીએ તેને સતત વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી. યુવતીના આ આરોપોની તપાસ સીકરના જિલ્લા ડેપ્યુટી સુપરીટેન્ડન્ટ એસસી-એસટી અજીત પાલને સોંપવામાં આવી છે. જેમણે વધુ તપાસ હાથ ધરી છે.

### વ્યાજ દરને લઈ RBIના ગવર્નર શક્તિકાંત દાસનું મહત્ત્વનું નિવેદન

નવી દિલ્હી : દેશની મોટી અને મહત્ત્વની રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું કે, હમણાં વ્યાજ દરમાં કાપનો યોગ્ય સમય નથી આવ્યો. દેશમાં મોંઘવારી વધેલી છે. આગળ પણ આમાં વધું ઘટાડાની શક્યતા નથી. આવામાં અમે વ્યાજ દર ઘટાડવાનું જોખમ નથી લેવા માગતા. આરબીઆઈએ આ મહિને થયેલી મોનેટ્રી પોલિસી કમિટીની બેઠકમાં વ્યાજ દર સ્થિર રાખવાની જાહેરાત કરી હતી. અમેરિકી ફેડ રિઝર્વ દ્વારા વ્યાજ દ્વારા કાપ પછી તમામને આશા હતી કે, આરબીઆઈ પણ આવું કરી શકે છે. પરંતુ આરબીઆઈએ પોતાનો નિર્ણય આપીને સૌને ચોંકાવી દીધા હતા. એક કાર્યક્રમમાં સંબોધન કરતા RBIના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું હતું કે હવે વ્યાજ દર ઘટાડવાથી સંકટ સર્જાઈ શકે છે. આ માટે આપણે મોંઘવારી દર પર ચાંપતી નજર રાખવી પડશે. જો તમારો આર્થિક વિકાસ દર સારો છે તો હાલમાં તેમાં કોઈ ફેરફારની જરૂર નથી. જો ફુગાવાનો દર 4 ટકાની આસપાસ રહેશે તો અમે વ્યાજ દર ઘટાડવા અંગે ગંભીરતાથી વિચારણા કરીશું. આ વિશે આપણે અનુમાન લગાવવાની જરૂર નથી. આપણે ડેટાની રાહ જોવી જોઈએ.

RBIના ગવર્નર શક્તિકાંત દાસના મતે આગામી 6 મહિના ફુગાવાના સંદર્ભમાં ખૂબ જ સંવેદનશીલ છે. અમને પૂરી આશા છે કે મોંઘવારી દર 4 ટકાના સ્તરે આવી જશે. અગાઉ, આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર માઈકલ પાત્રાએ સંકેત આપ્યો હતો કે નાણાકીય વર્ષ-2026માં મોંઘવારી દર 4 ટકા પર રહેશે. ગયા અઠવાડિયે, MPC (મોનેટરી પોલિસી કમિટી) એ સતત 10મી વખત વ્યાજ દરો સ્થિર રાખવાની જાહેરાત કરી હતી. ત્યારથી એવી અટકળો લગાવવામાં આવી રહી હતી કે ડિસેમ્બરમાં યોજાનારી બેઠકમાં વ્યાજદરમાં ઘટાડો થઈ શકે છે. પરંતુ, આરબીઆઈ ગવર્નર હાલમાં આવા મૂડમાં હોય તેવું લાગતું નથી. વિશ્વની અન્ય સેન્ટ્રલ બેંકો દ્વારા વ્યાજદરમાં ઘટાડો કરવાના મુદ્દે આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાંસે કહ્યું કે અમે હજુ આ બાબમાં જોડાવા માંગતા નથી. અમે રાહ જુઓ અને થોભોના મોડમાં છીએ. યોગ્ય સમય આવશે ત્યારે જ અમે આ અંગે નિર્ણય લઈશું. અમે અન્ય કેન્દ્રીય બેંકોના નિર્ણયોની અર્થવ્યવસ્થા પર અસર જોઈ રહ્યા છીએ. પરંતુ, અમારી પ્રાથમિકતા દેશમાં ફુગાવો, આર્થિક વૃદ્ધિ અને અર્થવ્યવસ્થા છે. આ સિવાય તેમણે સ્પષ્ટતા કરી કે અમે વિનિમય દરનું સંચાલન કરતા નથી. અમે અમારી જરૂરિયાત મુજબ ડોલરની ખરીદી અને વેચાણ કરીએ છીએ.

### દિલ્હીમાં ધુમ્મસ રાજ, ફરી બગડી રાજધાનીની હવા! શ્વાસ લેવુ પણ મુશ્કેલ !

નવી દિલ્હી : દેશભરમાં કેટલાક રાજ્યોમાં ક્યાંક વરસાદ તો ક્યાંક ઠંડી જોવા મળી રહી છે. જો કે દિલ્હીમાં તો ઠંડીની એન્ટ્રી થાય તે પહેલા જ દિલ્હીની હવા બદલાવા લાગી છે. ફરી એકવાર દિલ્હીમાં પ્રદૂષણની પરેશાની વધી છે. શનિવારે રાજધાનીની હવાની ગુણવત્તા ખરાબ જોવા મળી હતી. ખાસ કરીને પૂર્વ દિલ્હીને ગંભીર ઝોનમાં રાખવામાં આવ્યું છે. ત્યારે હાલમાં દિલ્હીમાં કેવુ છે વાતાવરણ તે વિશે જાણીએ તો સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) એ દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) બહાર પાડ્યો છે.મહત્વનું છે કે CPCB દરરોજ સાંજે 4 વાગ્યે રાજધાનીના AQI પ્રકાશિત કરે છે. માહિતી અનુસાર, શનિવારે દિલ્હીનો સરેરાશ AQI 278 પર પહોંચ્યો હતો, જે શુક્રવારે 292 કરતા થોડો ઓછો છે. દિલ્હીનો AQI છેલ્લા ચાર દિવસથી સતત આની આસપાસ જોવા મળી રહ્યો છે. જોકે, પૂર્વ દિલ્હીની હાલત ખૂબ જ ખરાબ છે. CPCB અનુસાર, આનંદ વિહારનો AQI ગઈ કાલે 450 હતો, જેના કારણે આ વિસ્તારને ગંભીર શ્રેણીમાં રાખવામાં આવ્યો હતો.દિલ્હીના બાકીના વિસ્તારોની વાત કરીએ તો શનિવારે સાંજે 4 વાગ્યા સુધી ઘણી જગ્યાઓને ખૂબ જ નબળી શ્રેણીમાં રાખવામાં આવી હતી.

'આંધ્ર પ્રદેશમાં વધતી જતી વૃદ્ધ વસ્તી ચિંતાનો વિષય' 'દેશના અનેક ગામોમાં હવે માત્ર વૃદ્ધો જ બચ્યા છે'

# 'વધુમાં વધુ બાળકો પેદા કરો, ઈન્સેન્ટિવ આપીશું...' NDAના સૌથી મોટા સહયોગીની સલાહ


(એજન્સી) નવી દિલ્હી | તા 20

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ રાજ્યના રહેવાસીઓને વધુ બાળકો પેદા કરવાની સલાહ આપી છે. રાજ્યમાં વૃદ્ધોની વધતી જતી વસ્તીને ધ્યાનમાં રાખીને તેમણે આ સલાહ આપી છે. તેમણે શનિવારે (19મી ઓક્ટોબર) કહ્યું કે, 'રાજ્ય સરકાર વસ્તી વ્યવસ્થાપન માટે આયોજન કરી રહી છે. આ અંતર્ગત એક બિલ લાવવા પર પણ વિચાર કરવામાં આવી રહ્યો છે, જેમાં વધુ બાળકો ધરાવતા પરિવારોને પ્રોત્સાહન આપવામાં આવશે. એટલું જ નહીં, એવો કાયદો બનાવવાની પણ વિચારણા ચાલી રહી છે કે જેના હેઠળ બેથી વધુ બાળકો હોય તેવા લોકો જ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લડી શકશે.'મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, 'અગાઉ અમે એવો કાયદો બનાવ્યો હતો જેમાં વધુ બાળકો ધરાવતા લોકો ચૂંટણી લડી ન શકે. પરંતુ હવે અમે તે કાયદો નાબૂદ કર્યો છે અને તેને બદલવાનું વિચારી રહ્યા છીએ. સરકાર વધુ બાળકો ધરાવતા પરિવારોને વધુ સુવિધાઓ આપવાનું વિચારી રહી છે.'

આંધ્ર પ્રદેશમાં વધતી જતી વૃદ્ધ વસ્તી પર ચિંતા વ્યક્ત કરતા તેમણે કહ્યું હતું કે, 'અમને 2047 સુધી ડેમોગ્રાફિક એડવાન્ટેજ છે. પરંતુ દક્ષિણના રાજ્યો ખાસ કરીને આંધ્ર પ્રદેશમાં વધતી જતી વૃદ્ધ વસ્તી ચિંતાનો વિષય છે. જાપાન, ચીન સહિત કેટલાક યુરોપિયન દેશો પણ આ સમસ્યાથી ઝઝૂમી રહ્યા છે. આ સમસ્યા દક્ષિણ ભારતમાં થઈ રહી છે કારણ કે યુવાનો દેશના અન્ય ભાગોમાં અથવા વિદેશમાં જઈ રહ્યા છે.'

મુખ્યમંત્રીએ દક્ષિણના રાજ્યોમાં ઘટી રહેલા પ્રજનન દર અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, 'અહીં પ્રજનન દર 1.6 ટકા છે જે રાષ્ટ્રીય દર 2.1 કરતા ઘણો ઓછો છે. જો પરિસ્થિતિ આવી જ રહી તો 2047 સુધીમાં આપણી વૃદ્ધોની વસ્તીમાં નોંધપાત્ર વધારો થશે.આંધ્ર પ્રદેશમાં જ નહીં, દેશના અનેક ગામોમાં હવે માત્ર વૃદ્ધો જ બચ્યા છે.


ચંદ્રાબાબુ નાયડુએ વસ્તી નિયંત્રણ અંગેના તેમના અગાઉના પ્રયાસો વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે, 'તે સમયે પરિસ્થિતિ અલગ હતી. ઝડપથી વધતી વસ્તીને કારણે કુદરતી સંસાધનો જોખમમાં હતા. પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે.'



# લૉરેન્સ બિશ્નોઈ પાછળ પરિવાર દર વર્ષે ખર્ચે છે આટલા લાખ, ભાઈએ જ કર્યો ચોંકાવનારો ખુલાસો

(એજન્સી) નવી દિલ્હી | તા 20

બાબા સિદ્દિકીની હત્યાનો માસ્ટરમાઈન્ડ અને ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અંગે એક ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. જેલમાં બંધ ગેંગસ્ટર પાછળ તેનો પરિવાર દર વર્ષે 35 થી 40 લાખ રૂપિયા ખર્ચે છે. આ ખર્ચ જેલમાં તેની સંભાળ લેવા પાછળ થઈ રહ્યો હોવાનો ચોંકાવનારો



ખુલાસો તેના જ પિતરાઈ ભાઈએ કર્યો છે. લોરેન્સ બિશ્નોઈના પિતરાઈ ભાઈ 50 વર્ષીય રમેશ બિશ્નોઈએ લોરેન્સના બાળપણ અને અન્ય બાબતો વિશે પણ મહત્ત્વની માહિતી આપી છે. રમેશે જણાવ્યું હતું કે ગેંગસ્ટરનું નામ લોરેન્સ કેવી રીતે પડ્યું? કોઈને કલ્પના પણ નહોતી કે, પંજાબ યુનિવર્સિટીમાંથી લૉ ગ્રેજ્યુએટ થયેલો લોરેન્સ ભવિષ્યમાં મોટો ગુનેગાર બનશે. લોરેન્સના પિતા હરિયાણા પોલીસમાં કોન્સ્ટેબલ હતા. તેમની પાસે ગામમાં 110 એકર જમીન હતી. લોરેન્સ હંમેશા મોંઘા કપડાં અને જૂતા પહેરતો હતો. જેલમાં બંધ હોવા છતાં તેનો પરિવાર તેની સંભાળ રાખવામાં કોઈ કસર છોડતો નથી. પરિવાર દ્વારા લોરેન્સ પાછળ દર વર્ષે લગભગ 40 લાખ રૂપિયા ખર્ચવામાં આવે છે.પંજાબના ફિરોજપુરમાં જન્મેલા લોરેન્સ બિશ્નોઈનું અસલી નામ બલકરન બરાર હતું. પરંતુ શાળાના દિવસોમાં જ તેણે પોતાનું નામ બદલી લોરેન્સ રાખ્યું હતું. તેની કાકીને લોરેન્સ નામ ગમતુ હોવાથી તેણે આ નામ અપનાવ્યું હતું. કાકીના મતે, લોરેન્સ નામ તેની પર્સનાલિટી સાથે મેળ ખાતુ હતું. લોરેન્સ બિશ્નોઈ લૉ કોલેજમાં અભ્યાસ દરમિયાન ગેંગસ્ટરની દુનિયામાં પ્રવેશ્યો હતો.લોરેન્સ બિશ્નોઈએ પોતાની ગેંગનો વ્યાપ છેક કેનેડા સુધી કર્યો છે. કેનેડાની પોલીસે અવારનવાર કેનેડામાં બિશ્નોઈ ગેંગની ગતિવિધિઓ થતી હોવાના દાવાઓ કર્યા છે. મે, 2022માં પ્રસિદ્ધ સિંગર સિદ્ધુ મૂસેવાલાની હત્યાથી લોરેન્સ બિશ્નોઈનું નામ ઉભરી આવ્યું હતું. લોરેન્સ બિશ્નોઈ ગુજરાતના અમદાવાદ સ્થિત સાબરમતી સેન્ટ્રલ જેલમાં બંધ છે. જુદા-જુદા કેસોમાં એટીએસ અને એનઆઈએ વિરૂદ્ધ તપાસ કરી રહી છે. ઓગસ્ટ, 2023માં કેન્દ્રીય ગૃહ મંત્રાલયે બિશ્નોઈને અન્ય રાજ્યની જેલમાં ટ્રાન્સફર ન કરવાનો આદેશ આપ્યો હતો. આ આદેશની સમય મર્યાદા વધુ એક વર્ષ લંબાવવામાં આવી હતી.

### 'ધોખે સે માર દેતે હે ગીદડ ભી શેર કો...', પિતાની હત્યા પર જીશાનનું છલકાયું દર્દ, 'X' પર કરી પોસ્ટ

બાબા સિદ્દિકીની હત્યા બાદ તેમના પુત્ર જીશાન સિદ્દિકીએ એક વાર ફરી સોશિયલ મીડિયામાં પોતાનું દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે એક્સ પર એક પોસ્ટ શેર કરી લખ્યું કે, 'બુઝદિલ ડરાયા કરતે હે અક્સર દિલેર કો, ધોખે સે માર દેતે હે ગીદડ ભી શેર કો (કાયર હંમેશા બહાદુરને ડરાવે છે, શિયાળ પણ કપટથી સિંહને મારી નાખે છે.)' અગાઉ પણ તેમણે એક્સ પર લખ્યું હતું કે, 'જો છિપા હે, જરૂરી નહીં કી વહ સો રહા હે. જો સામને દીખ રહા હે, જરૂરી નહીં કી વહ બોલતા હો. (જે છુપાયેલો છે જરૂરી નથી કે તે સૂતો જ હોય. જે સામે દેખાય છે જરૂરી નથી કે તે બોલતો જ હોય.)' નોંધનીય છે કે, સોશિયલ મીડિયા પર સતત પોસ્ટ્સના કારણે જીશાન સિદ્દિકી ચર્ચામાં આવ્યા છે.મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને અજિત પવારની NCPના દિગ્ગજ નેતા બાબા સિદ્દિકીની 12 ઓક્ટોબરે મોડી રાત્રે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

બાલ્કનીમાં ઉભેલી યુવતીને વાગી ગોળી

## બે જૂથ વચ્ચે ધડાધડ 60 રાઉન્ડ ફાયરિંગથી દિલ્હી ધણધણી ઉઠ્યું!

(એજન્સી) નવી દિલ્હી | તા 20

દેશના પાટનગર દિલ્હીમાં શનિવારે (19 ઓક્ટોબર) બે જૂથો વચ્ચેના ઝઘડામાં આડેધડ ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ ઘટના નોર્થ-ઈસ્ટ દિલ્હીના વેલકમ વિસ્તારમાં બની હતી. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, લગભગ અસામાજિક તત્ત્વો દ્વારા 60 રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં બાલ્કનીમાં ઉભેલી એક 22 વર્ષીય યુવતીને ગોળી વાગી હોવાની માહિતી પણ સામે આવી છે. ગોળીબારીની આ ઘટના આંતરિક મતભેદના કારણે બની હતી. આ અંગે માહિતી મળતા પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો છે અને તપાસ શરૂ કરી છે. એક પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, અમને નોર્થ-ઈસ્ટ દિલ્હીના વેલકમ વિસ્તારમાં ઝેડ 2 રાજા માર્કેટમાં ઝઘડા અને ગોળીબાર સંબંધિત માહિતી મળી હતી, સૂચના મળતા જ વરિષ્ઠ અધિકારીઓ સહિત પોલીસ કાફલો



ઘટનાસ્થળે પહોંચ્યો હતો. અમને ઘટનાસ્થળ પરથી અનેક ખાલી કારતૂસ મળ્યા હતા. આ ઘટનામાં ઈફરા નામની મહિલા ઘાયલ થઈ છે હાલ તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. અધિકારીએ વધુમાં જણાવ્યું કે, શરૂઆતી તપાસમાં સામે આવ્યું કે, જથ્થાબંધ કાપડના વેપારીઓ વચ્ચે પૈસાની બાબતે ઝઘડો શરૂ થયો હતો. ક્રાઈમ બ્રાન્ચની ટીમ હાલ તપાસ કરી રહી છે. અમને ઘટના સ્થળેથી ખાલી કારતૂસ, જીવિત કારતૂસ સહિત કુલ 17 હથિયારો મળ્યા છે. હાલ આ ઘટનામાં સામેલ કેટલાક આરોપીઓની ધરપકડ પણ કરવામાં આવી છે.

## ઔદ્યોગિક વૃદ્ધિનો ઓડિશાનો ધ્યેય મુંબઈમાં ચમક્યો: વૈશ્વિક રોકાણકારોમાં રુચિ જોવા મળી

### ઉચ્ચ સ્તરના સહભાગી ઉત્કર્ષ ઓડિશા- મેક ઈન ઓડિશા કોન્ક્લેવ 2025 માટે મંચ સ્થાપિત કર્યો

મુંબઈ | તા 20

ઔદ્યોગિક વૃદ્ધિ અને રોકાણ માટે ઓડિશાની મહત્ત્વાકાંક્ષી યોજનાઓ મુંબઈમાં તેના સફળ રોડશોમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. દિલ્હીમાં તેના વૈશ્વિક રોકાણ રોડશો પછી આ બીજો રોડશો હતો. સન્માનનીય મુખ્ય મંત્રી શ્રી મોહન ચરણ માઝીની આગેવાનીમાં આ હાઈ- પ્રોફાઈલ ઈવેન્ટ ભુવનેશ્વરમાં 28-29 જાન્યુઆરી, 2025ના રોજ નિર્ધારિત અવ્વલ ઉત્કર્ષ ઓડિશા- મેક ઈન ઓડિશાની તૈયારીના ભાગરૂપ હતી. દિલ્હી રોડશોમાં ઉત્તમ પ્રતિસાદથી પ્રેરિતની ઈવેન્ટમાં ટોચના ઉદ્યોગના આગેવાનો અને પ્રભાવશાળી વેપાર હસ્તીઓએ ઓડિશાની ફૂલતીફાલતી રોકાણ ક્ષિતિજ પર કેન્દ્રિત વ્યૂહાત્મક ચર્ચાવિચારણા કરી હતી. મુખ્ય મંત્રી માઝીએ આ સમયે સંબોધનમાં ઓડિશા કુશળતા પ્રેરિત ઉદ્યોગો માટે કેન્દ્રમાં કઈ રીતે ઝડપથી પરિવર્તિત થઈ રહ્યું છે તે અધોરેખિત કર્યું હતું. તેમણે આઈટી, ટેક્સટાઈલ્સ, નવીનીકરણક્ષમ ઊર્જા, પ્લાસ્ટિક, રસાયણો અને પેટ્રોકેમિકલ્સ જેવાં ક્ષેત્રો પર ભાર આપ્યો હતો. મુખ્ય મંત્રીએ અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે રૂબરૂ બેઠક પણ યોજી હતી. આ ચર્ચાવિચારણામાં મુખ્ય ક્ષેત્રોમાં જોડાણની સંભાવનાઓ પર ભાર અપાયો હતો, જેથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રોકાણકારો માટે ઓડિશા અગ્રતાનું રોકાણ સ્થળ બની રહે.



મુંબઈના રોડશોની મુખ્ય રૂપરેખાઃ આઈટી, રસાયણ, પેટ્રોકેમિકલ્સ, ઉત્પાદન, પ્લાસ્ટિક અને નવીનીકરણક્ષમ ઊર્જા ક્ષેત્રોમાં ટોચના આગેવાનો સાથે ઉચ્ચ સ્તરીય વેપારી સહભાગ. ખાદ્ય પ્રક્રિયા પાર્કસ, ગારમેન્ટ ઉત્પાદન ક્લસ્ટર્સ અને મલ્ટીમોડલ લોજિસ્ટિક્સ હબ્સનું વિસ્તરણ જેવી મોજૂદ પહેલો આલેખિત કરી હતી. ઓડિશાની રાષ્ટ્રીય વૃદ્ધિની વ્યૂહરચનાઓ સાથે સુમેળ, જેમ કે, પૂર્વોદય યોજના, જેથી ભારતના એકંદર આર્થિક વિકાસમાં તે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે. દિલ્હીની ઈવેન્ટ પછી મુંબઈનો રોડશોએ ઓડિશાને ભારતની ઔદ્યોગિક વૃદ્ધિની વાર્તામાં મુખ્ય ખેલાડી તરીકે મૂકી દીધું છે. ઓડિશા સરકારના ચીફ સેક્રેટરી શ્રી મનોજ આહુજાએ સંબોધનની શરૂઆત કરી હતી, જે પછી ઉદ્યોગોના પ્રિન્સિપાલ સેક્રેટરી શ્રી હેમંત શર્માએ રાજ્યની ઔદ્યોગિક શક્તિઓ અને તકો અધોરેખિત કરી હતી.

## 'દેશના મઠ-મંદિરો સરકારના પ્રભાવથી મુક્ત થવા જોઈએ...' : શંકરાચાર્ય નિશ્ચલાનંદ

■ 'અંગ્રેજોની કૂટનીતિ તેમના સમય કરતા સ્વતંત્ર ભારતમાં વધુ જોવા મળી રહી છે

(એજન્સી) નવી દિલ્હી | તા 20

પૂર્વમનયા ગોવર્ધન મઠ પુરી પીઠ (ઓડિશા)ના જગદગુરુ શંકરાચાર્ય સ્વામી નિશ્ચલાનંદ સરસ્વતી રાષ્ટ્રોત્કર્ષ અભિયાન યાત્રા અંતર્ગત ધર્મસભાના સંદર્ભમાં તેમના ત્રણ દિવસીય રોકાણ પર શનિવારે ઉત્તર પ્રદેશના જૌનપુરમાં પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, 'દેશના મઠો અને મંદિરોને સરકારના નિયંત્રણમાંથી મુક્ત કરવા જોઈએ. મઠો અને મંદિરોનું સંચાલન શંકરાચાર્યના માર્ગદર્શન હેઠળ થવું જોઈએ.' રાજનીતિ અને ધર્મ વચ્ચેના સંબંધ અંગે જગદગુરુ શંકરાચાર્ય સ્વામી નિશ્ચલાનંદ સરસ્વતીએ કહ્યું કે, 'રાજનેતાઓએ પહેલા રાજકારણની વ્યાખ્યા જાણવી જોઈએ. જ્યારે તેમને રાજધર્મનું જ્ઞાન નથી તો તેઓ તેનું પાલન કેવી રીતે કરશે? રામલલાની સ્થાપના મહત્વાકાંક્ષાના પ્રભાવ હેઠળ થઈ હતી. તેથી જ અયોધ્યાની જનતાએ તેમને ચૂંટણીમાં નકારી દીધા.'વર્તમાન રાજકીય સંજોગોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે,



'અંગ્રેજોની કૂટનીતિ તેમના સમય કરતા સ્વતંત્ર ભારતમાં વધુ જોવા મળી રહી છે. કદાચ અંગ્રેજો પણ આજે આ જોઈને હસતા હશે. રાજનેતાઓ શબ્દ ભેદી બાણ ચલાવવામાં માહિર હોય છે. એટલા માટે આપણે ભાગલા પાડો અને રાજ કરોનું રાજકારણ કરીએ છીએ.'આગામી મહાકુંભમાં વીઆઈપી કલ્ચરની વ્યવસ્થા પર જગદગુરુ શંકરાચાર્ય સ્વામી નિશ્ચલાનંદ સરસ્વતીએ કહ્યું કે, 'આવું ન થવું જોઈએ. જે વ્યવસ્થા સામાન્ય જનતા માટે છે તે જ વ્યવસ્થા મુખ્યમંત્રી માટે પણ હોવી જોઈએ. આજે, ધર્મ જેને સામાન્ય લોકો અને માતૃત્ત્વ શક્તિઓ કહેવાય છે તેના પર આધાર રાખે છે.

કેટલીક બાબતોને લઈને સંતોમાં મતભેદો અંગે તેમણે કહ્યું કે, 'જે લોકો તત્વજ્ઞાન, વિજ્ઞાન, વર્તન અને દેશ, સમય અને પરિસ્થિતિ વચ્ચે સુમેળ ધરાવે છે તે જ અસરકારક છે.'

રીલ બનાવતા સમયે યુવક સ્લો મોશનમાં એક ગીત પર ડાન્સ કરી રહ્યો હતો, યુકવનું માથું ધડથી અલગ થઈ ગયું

# રીલ બનાવવાના ચક્કરમાં ધડથી માથું જ અલગ થઈ ગયું, દર્દનાક મોત કેમેરામાં કેદ

(એજન્સી) આગ્રા | તા 20

ઉત્તર પ્રદેશના આગ્રામાં રીલ બનાવી રહેલાં યુકવનું માથું ધડથી અલગ થઈ ગયું. રીલ બનાવતા સમયે યુવક સ્લો મોશનમાં એક ગીત પર ડાન્સ કરી રહ્યો હતો. આ દરમિયાન તેણે ગેલરીમાં લોખંડની જાળીને ઉપર ઉઠાવી અને અચાનક તેનું સંતુલન બગડી ગયું.સંતુલન ગુમાવવાના કારણે યુવક નીચે પડી ગયો અને તેનું માથું ધડથી અલગ થઈ ગયું. ગરદન કપાતા યુવકની ઘટનાસ્થળે જ દર્દનાક મોત થઈ ગઈ. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. વાઈરલ વીડિયો 35 સેકન્ડો છે, જેમાં 5 યુવકને જોઈ શકાય છે. બે યુવક જમીન પર



બેઠેલા જોવા મળી રહ્યાં છે, એક યુવક દુકાનનું શટર ખોલવાની તૈયારી કરી રહ્યો છે તો વળી એક યુવક ત્યાં ઊભા રહીને ડાન્સ કરતો જોવા મળી રહ્યો છે. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, યુવક રીલ બનાવી રહ્યો છે. આ દરમિયાન તે ડાન્સ કરતો સ્લો મોશનમાં આવે છે. ત્યારબાદ યુવક નીચે પડેલી લોખંડની જાળી ઉપાડે છે અને તેનું બેલેન્સ બગડી જાય છે અને તે અચાનક નીચે પડી જાય છે. ત્યાં હાજર તમામ યુવક તેને બચાવવા માટે દોડે છે. ત્યાં સુધી યુવક જાળીમાં ફસાઈને ધડથી અલગ થઈ જાય છે. યુવકનો મૃતદેવ ત્રીજા માળ પર અલગ-અલગ થઈને પડે છે. જણાવવામાં આવી રહ્યું છે કે, ઘટના બાદ નીચેના માળમાં જાણે લોહીની નદી વહેવા લાગી હતી.

મળતી માહિતી મુજબ, તમામ યુવક શનિવારે આશરે 10 વાગ્યે દુકાન ખોલવા માટે આવ્યા હતાં. મૃતક યુવકનું નામ આસિફ છે સલીમ છે. 20 વર્ષનો આ યુવક આબાદનગર પોલીસ સ્ટેશન તાજનગંજ વિસ્તારનો રહેવાસી હતો. આસિફ નમક મંડી સ્થિત સર્રાફા બજારમાં જ્વેલર્સની દુકાનમાં કામ કરતો હતો.કોતવાલી પોલીસ સ્ટેશનના એસીપી આનંદ કુમાર પાંડેના જણાવ્યા મુજબ, કોતવાલી પોલીસ સ્ટેશન પર સૂચના મળી હતી કે, આસિફ નામનો એક યુવક, જે જોહરી બજારમાં કામ કરતો હતો. તે સવારે 10 વાગ્યે ચોથા માળથી લપસીને નીચે ત્રીજા માળે પડ્યો હત. તેના માલિકે તેને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડ્યો, પરંતુ તબીબોએ તેને મૃત જાહેર કરી દીધો. સૂચના મળતાં જ યુવકના પરિવારજનો આવ્યા અને તેના મૃતદેહને લઈ ગયાં.

### તરફેણમાં ચુકાદો આવે તો સુપ્રીમ કોર્ટ અદભૂત સંસ્થા અને વિરોધમાં આવે તો...: CJI ચંદ્રચૂડ

(એજન્સી) નવી દિલ્હી | તા 20

ન્યાયતંત્રની ભૂમિકા જનતાની અદાલત તરીકે સંરક્ષિત રાખવી જોઈએ, પરંતુ તેનો અર્થ એ નથી કે તે સંસદમાં વિપક્ષની ભૂમિકા ભજવે. કાયદાના સિદ્ધાંતોની વિસંગતતા અથવા ભૂલ બદલ ન્યાયતંત્રની ટીકા કરવી જોઈએ, પરંતુ કેસોના ચૂકાદાના આધારે ન્યાયતંત્રની ભૂમિકા અથવા તેના કામની ટીકા અયોગ્ય છે તેમ મુખ્ય ન્યાયાધીશ ધનંજય ચંદ્રચૂડે શનિવારે જણાવ્યું હતું.દક્ષિણ ગોવામાં સુપ્રીમ કોર્ટ એડવોકેટ્સ ઓન રેકોર્ડ એસોસિએશન દ્વારા આયોજિત એક સમારંભમાં સીજેઆઈ ચંદ્રચુડે કહ્યું કે, સુપ્રીમ કોર્ટની ન્યાય સુધીની પહોંચની પેટર્ન છેલ્લા 75 વર્ષમાં ઘણી વિકસી છે અને તેની આપણે અવગણના કરવી જોઈએ નહીં. તેમણે ઉમેર્યું કે, સમાજનો વિકાસ થાય, તે સમૃદ્ધ અને સંપન્ન થાય તો એવી ધારણા બને છે કે તમારે માત્ર મોટી-મોટી બાબતો પર જ ધ્યાન આપવું જોઈએ. પરંતુ આપણું ન્યાયતંત્ર એવું નથી. આપણું ન્યાયતંત્ર જનતાની અદાલત છે અને લોકોની અદાલત તરીકે સુપ્રીમ કોર્ટની ભૂમિકાને ભવિષ્ય માટે સુરક્ષિત રાખવી જોઈએ.

સિટી એક્સપ્રેસ
MONDAY 21 OCTOBER-2024
VADODARA



### મહિલાના ઘરમાં ઘૂસી પાંચ શખ્સોએ લૂંટ ચલાવી

શેલામાં વહેલી સવારે એક ઘરમાં રૂમની બારીની ગ્રિલ તોડીને 5 ચોર ઘરમાં પ્રવેશ્યા હતા. નીચેના રૂમમાં સૂતા મહિલાના રૂમમાં પ્રવેશીને ચોરે તેમના ગળે છરો મૂકીને તેમને પહેરેલા દાગીના, કબાટના રહેલા દાગીના અને મોબાઈલ ફોનની લૂંટ કરી હતી. ફક્ત એટલું જ નહિ ચોરોએ જતા-જતા ગાડીની ચાવી લઈને ગાડીની પણ લૂંટ કરી હતી. ચોર ઘરમાંથી લૂંટ કરી ગાડી પણ લૂંટીને ત્યાંથી નાસી ગયા હતા. આ બનાવ અંગે પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ પર પહોંચી હતી. બોપલ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### અમદાવાદમાં ફન બ્લાસ્ટ અને કાંકરિયાની રાઇડ શરૂ

ગંભીર દુર્ઘટના બાદ રાજ્ય સરકારે તમામ ગેમ ઝોન અને રાઈડ એક્ટિવિટીને બંધ કરવાના આદેશ આપવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગેમ ઝોનને લઈને નવા નિયમો જાહેર કર્યા હતા. જેથી દિવાળી વેકેશન પહેલા ગેમ ઝોન શરૂ થવા જઈ રહ્યા છે. આજે રવિવારથી અમદાવાદમાં એસજી હાઈવે પર છારોડી પાસે આવેલા ફન બ્લાસ્ટ અને કાંકરિયાની રાઈડ શરૂ કરવામાં આવશે. નવા નિયમ મુજબ લોકોની સેફ્ટી માટે ફાયર સેફ્ટી, બીયુ પરમિશન અને જીડીસીઆર સહિત જરૂરી નિયમ મુજબની કાર્યવાહી પૂર્ણ કરી પોલીસ પરમિશન મેળવતા હવે ગેમ ઝોન શરૂ થયા છે.

# મેઘરાજાનો કહેર યથાવત્, ગુજરાતના 51 તાલુકાને ધમરોળ્યા



## જૂનાગઢમાં સાડા ત્રણ ઈંચ વરસાદ પડતા જળબંબાકાર

(એજન્સી) ગાંધીનગર । તા.20

રાજ્યના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ભારેથી હળવો વરસાદ વરસી રહ્યો છે, ત્યારે સૌરાષ્ટ્રના રાજકોટ, અમરેલી, જામનગર, બોટાદ, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા સહિતના વિસ્તારોમાં ભારેથી હળવો વરસાદ ખાબક્યો છે. જેમાં રાજકોટના લોધિકા તાલુકામાં 4.53 ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે જૂનાગઢના માળિયા હાટિનામાં 3.50 ઈંચ અને મેંદરડામાં 3.19 ઈંચ વરસાદ ખાબક્યો છે. રાજ્યના 51 તાલુકામાં વરસાદ ખાબક્યો આજે (20 ઑક્ટોબર) સૌરાષ્ટ્ર સહિત રાજ્યના કુલ 51 તાલુકામાં ભારેથી અતિભારે વરસાદ ખાબક્યો છે. જેમાં રાજ્યના 17 તાલુકામાં એક ઈંચથી સાડા ચાર ઈંચ સુધી અને અન્ય 34 તાલુકામાં એક ઈંચથી ઓછો વરસાદ ખાબક્યો છે. જેમાં સૌથી વધુ વરસાદ રાજકોટના લોધિકા તાલુકામાં પડ્યો છે. રાજ્યમાં વાવાઝોડાની શક્યતા! રાજ્યના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના છૂટાછવાયા સ્થળોએ છેલ્લા બે દિવસથી ભારે પવન અને ગાજવીજ સાથે ભારેથી હળવો વરસાદ વરસી રહ્યો છે, ત્યારે હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે રાજ્યમાં આગામી દિવસમાં વાવાઝોડાની શક્યતા દર્શાવી છે. તેમણે કહ્યું કે, 'આગામી 22 ઑક્ટોબરથી અંદમાન નિકોબાર ટાપુમાં સાયક્લોનિક સર્ક્યુલેશન બનવાથી 100થી 120 કિલોમીટર પ્રતિ કલાક ગતિનું વાવાઝોડું થવાની શક્યતા છે. જ્યારે રાજ્યમાં દિવાળીના તહેવારથી ઠંડી પડવાની શરૂ થશે.'

### 48 કલાક ગાજવીજ સાથે ભારે વરસાદની શક્યતા

રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં હજુ પણ ચોમાસુ ચાલી રહ્યું હોય તેવી સ્થિતિ સર્જાય છે. જોકે, નૈઋત્યના ચોમાસાએ દેશભરમાંથી સત્તાવરા રીતે વિદાય લઈ લીધી છે, તેમ ભારતીય હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. પરંતુ વિવિધ કારણોસર હજુ પણ ગુજરાતના કેટલાક ભાગમાં ભારે વરસાદ પડી રહ્યો છે. હાલમાં લોકલ કન્વેક્શનને કારણે અને મોઈશ્ચર (ભેજ)નું પ્રમાણ વધુ હોવાથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. જોકે, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં વરસાદનું પ્રમાણ ખૂબ જ ઓછું છે, તેને કારણે આ ભાગોમાં તાપમાન પણ વધુ અનુભવાય રહ્યું છે.

## ડિજિટલ માર્કેટિંગના નામે છેતરપિંડી

### સાઈબર ગઠિયાએ અલગ-અલગ ટાસ્ક પૂરા કરવાનું કહીને યુવક પાસેથી ટુકડે-ટુકડે 25 લાખ રૂપિયા પડાવ્યાં

(એજન્સી) અમદાવાદ । તા.20

અમદાવાદમાં રહેતા યુવકને ટેલિગ્રામ દ્વારા અજાણી વ્યક્તિએ સંપર્ક કર્યો હતો અને ટેલિગ્રામ આઈડીથી લિંક મોકલીને ટાસ્ક પૂરા કરવા માટે પૈસા આપીશું તેવું જણાવીને યુવક પાસે 10,000 રૂપિયા ડિપોઝિટ કરાવ્યા હતા. ત્યારબાદ યુવક પાસે બીજા પૈસા ડિપોઝિટ કરાવ્યા હતા, જેની સામે એક વખત યુવકને 12,000 ઉપાડવા દીધા હતા. પરંતુ યુવકનું બેલેન્સ ટાસ્ક પૂરા કર્યા છતાં પણ માઈનસમાં હોવાથી યુવકને અલગ-અલગ ખાતામાં પૈસા ભરાવ્યા હતા. યુવક પાસે કુલ 25 લાખ રૂપિયા ભરાવ્યા હતા, પરંતુ યુવકને ટાસ્ક પૂરા થયા ન હોવાથી પૈસા પરત આપવામાં આવ્યા ન હતા. જેથી યુવકે આ અંગે સાઈબર ક્રાઈમમાં છેતરપિંડીની




ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

આઈડી બનાવવા 10 હજાર રૂપિયા ભરવા કહ્યું વસ્ત્રાલમાં રહેતો અપૂર્વ પટેલ ફેબ્રિકેશનનો ધંધો કરે છે. 13 માર્ચ 2024 રોજ ટેલિગ્રામ પર અપૂર્વ ઉપર એક એફિલિટ માર્કેટિંગ કરવા માટેનો મેસેજ આવ્યો હતો. ત્યારબાદ અજાણી વ્યક્તિએ તેને સાદો ફોન કર્યો હતો અને વાતચીત કરી હતી. જેમાં જણાવ્યું હતું કે, તેનું એક આઈડી બનશે, ત્યારબાદ તેને માર્કેટિંગ માટેના ટાસ્ક કાપવામાં આવશે.

## AMCના વાંકે લોકો હેરાન: નરોડાનો કોમ્યુનિટી હોલ રીનોવેશન કરવાનો હોવાથી લગ્ન સહિતના 60 બુકિંગ રદ કરી દીધા

(એજન્સી) અમદાવાદ । તા.20

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં લાખો રૂપિયાનો પગાર લેતા અધિકારીઓના અણઘડ આયોજનના કારણે નાગરિકોને હાલાકીનો સામનો કરવો પડે છે. શહેરના નરોડા વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના હોલને આગામી મહિનાથી રીનોવેશન કરવાનું હોવાથી લગ્ન રિસેપ્શન અને અન્ય કાર્યક્રમના 60 જેટલા પ્રસંગોના બુકિંગ રદ કરી દેવા પડ્યા છે. હોલ બુકિંગ કરાવનારા લોકોને બુકિંગ રદ કરવાની જાણ કરી પૈસા પાછા આપી દેવામાં આવતા હવે તેઓને અન્ય જગ્યાએ હોલ અને પાર્ટી પ્લોટ શોધવા દોડધામ કરવી પડી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓની બેદરકારીને નિયમો હેઠળ બતાવીને લોકોના બુકિંગ રદ કરાતા હેરાનગતિનો સામનો કરવો પડ્યો છે. 60 ટકાથી વધુ લોકોને પૈસા પાછા આપી દેવામાં આવ્યા

ઉત્તર ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર વિશાલ ખનામાએ દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, નરોડા મ્યુનિસિપલ હોલને લાંબા સમયથી રીનોવેશનની જરૂરિયાત હતી. જે લોકોએ બુકિંગ કરાવ્યા છે, તેમાં 60 ટકાથી વધુ લોકોને પૈસા પાછા આપી દેવામાં આવ્યા છે. કોર્પોરેશનના હોલનું બુકિંગ છ મહિના અગાઉ થઈ જતું હોય છે. ટેન્ડર પ્રક્રિયા કર્યા બાદ નવેમ્બર મહિનામાં જ રીનોવેશન શરૂ કરવું પડે એવું ઈજનેર વિભાગના અધિકારીઓએ કહ્યું હતું કારણ કે, જો કામ શરૂ ન થાય તો ટેન્ડરમાં મોડું થઈ શકે તેમ હતું.

## યુવતીએ રિલેશન તોડતાં AMTSના ડ્રાઈવરે ફોટા વાઈરલ કરવાની ધમકી આપી

(એજન્સી) અમદાવાદ । તા.20

શહેરના પૂર્વ વિસ્તારમાં રહેતી એક પરિણીતા AMTS બસમાં નોકરીએ જતા તેમને ડ્રાઈવર સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો અને તેમની સાથે રિલેશનશિપમાં હતા. જોકે, બોયફ્રેન્ડના અન્ય કોઈ મહિલા સાથે પણ અફેર હોવાની જાણ થતા રિલેશન તોડી દીધા હતા. જેથી બોયફ્રેન્ડે ધમકી આપી હતી કે તેની સાથેના ફોટા-વીડિયો વાઈરલ કરી દેશે અને INSTAGRAMમાં પણ એક આઈડી બનાવી તેના ફોટા મૂકી દીધાં હતાં. જેથી મહિલા હેલ્પલાઈનની મદદ લેવાઈ હતી. હેલ્પલાઈનની ટીમ દ્વારા બોયફ્રેન્ડના ફોન અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાંથી ફોટા-વીડિયો ડિલિટ કરાવી આજ પછી પીડિતાને હેરાન ન કરવા સમજાવ્યા હતા. બંને છેલ્લા બે વર્ષથી રિલેશનશિપમાં હતાં યુવતી છેલ્લા બે વર્ષથી તેના પિયરમાં રહેતી હોય અને AMTS બસમાં નોકરી ઉપર જતી હતી અને તે દરમિયાન બસના ડ્રાઈવર સાથે તેને પ્રેમ સંબંધ બંધાયો હતો. તેના પણ લગ્ન થયેલા હતા. બંને છેલ્લા બે વર્ષથી રિલેશનશિપમાં હતાં. બે મહિના પહેલાં તેને જાણવા મળ્યું કે, તેના બોયફ્રેન્ડને બીજી કોઈ મહિલા સાથે પણ અફેર રાખતો હતો. યુવતીએ તેની સાથે રિલેશનમાં રહેવા માટે ના કહી તો તેના ઘરે તમામ બાબતે જણાવી દેશે અને ફોટા પણ વાઈરલ કરી દેશે તેવી ધમકી આપી હતી.

